અલક-કિશોરી

અથવા

સાંસારિક દુઃખદ ઘટનાઓ.

લખનાર,

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી.

"ચોખેરવાલી" ના અનુવાદક, "વાર્તાવૃક્ષ" અને 'ગુજરાતી'
પ્રેસની "ભારત લોકકથા" ના એક લેખક.

પ્રકાશક

જડાવશંકર હીરાશંકર ત્રિપાઠી

નાગરવાડા, ઘર નં. ૨૬૯;

નડીઆદ (જી. ખેડા).

સુરત ખપાટીઆ ચકલા ઉપર આવેલા શા. ખુબચંદ અમીચંદના
ધી "સુરત જૈન" એનજીન પ્રિન્ટિંગ પ્રેસમાં
પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું.

ઇ. સ. ૧૯૧૬. **આવૃત્તિ ૧ લી.**

મૂલ્ય ૦-૧૦-૦ પોસ્ટેજ જાદું.

અનુક્રમણિકા.

ઉપોદ્‌ઘાત.

આ પુસ્તક કંઈક અજબ સંયોગોમાં લખાયું છે. મારા વડીલ બંધુશ્રી જડાવશંકર હીરાશંકર ત્રિપાઠી પાસે આ પુસ્તકનાં આશરે ૭ પ્રકરણોનું ટાંચણ લખાયલું તૈયાર હતું. મને તે ઉપરથી એક નાનું સાદું અને સરળ ભાષામાં પુસ્તક લખવાની ઇચ્છા થઈ. ટુંક વખતમાં લગભગ તૈયાર થતાં છપાવી શકાય એવો શુભ સંયોગ પણ પ્રાપ્ત થયો. ડો. સર રવિન્દ્રનાથ ટાગોરની "ચોખેરવાલી" નો હજી તો પ્રથમ ભાગ હમણાંજ બહાર પડયો છે. તે પછી ગુર્જર સાહિત્ય શોખીનોને મારી પાસે તરતજ બીજા ભાગની માગણી કરવાનો હક્ક છે. તેવામાં અધવચ આ પુસ્તક તેઓના કરકમળમાં મૂકવાની હું રજા લઉં છું.

ઘરઘથ્થુ, સરળ અને સાદી ભાષામાંજ આ પુસ્તક ખાસ એટલા માટે લખેલું છે કે, મારા દેશનાં બાળકો અને વાર્ત્તાનાં શોખીન બાનુઓ પણ તે સરળતાથી વાંચી શકે. આ પુસ્તકમાં લાંબાં લાંબાં વર્ણનો નથી. સંસારમાં ફરતે હરતે જોયલી કેટલીક બદીઓની ટુંક નોંધો, સમાજની ઘોર નિદ્રા તજાવવાના સારા ઉદ્દેશથી લખાઇ છે. ગુજરાતી ભાષામાં આવાં બીજાં ઘણાં પુસ્તકો છે, અને તેથી આમાં કશું નવીન નથી, એમ કદાચ કહેવામાં આવશે; પરંતુ સમાજમાં જ્યાં સુધી અમુક બદીઓ અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી તે બદીઓ દૂર કરવા માટે લખાયલાં અનેક પુસ્તકો પણ થોડાંજ

છે. દારૂથી થતાં નુકશાન માટે ઘણું કહેવાયું છે, લખાયું છે, ઘણી સંસ્થાઓ પણ છે, તેમ છતાં એ બદી આપણા દેશના યુવકોના કાળજાં કોરી ખાય છે; તેમને નષ્ટભ્રષ્ટ કરી નાંખે છે. તેઓનાં અવિચારી કૃત્યો આ નાના કથાનકમાંની એક ઘટના જેવાં હદ ઓળંગી જનારાં હોય છે. એ બદી પ્રભુ દૂર કરવાની આપણી પ્રજાને સન્મતિ આપે. કેળવણીના અભાવે, બે સ્ત્રીઓનો કરવાનો રિવાજ, સાસુઓ વહુઓ પ્રત્યે રાખતી અફસોસકારક રીતભાત, વૃદ્ધવય થવા છતાં ફરીથી પરણવાની કેટલાક પુરૂષોને થતી હોંશ અને તેઓને સમર્પણ થતી કન્યાઓ—એ બધી કુરીતિઓ કેળવણીથી દૂર થવી ઘટે છે. વિધવાઓ કેળવણીથી કેવાં કામ કરી શકે અને કેવું સરળ તથા નિર્દોષ જીવન ગાળી શકે તેનો ચિતાર પણ આ નાના પુસ્તકમાં આપવા યત્ન થર્યો છે.

કથાનક વિશેષ લાબું કરવા ઘણી ઇચ્છા હતી પણ હાલની યુરોપીય યાદવાસ્થલીએ તે ઇચ્છા દાબી દીધી છે અને નવ ફર્મા જેટલી આ નાની ચોપડી, આપણા સમાજની થોડીક બદીઓ લઇ, ટુંકમાં તેમને વાર્તાના આકારમાં ગુંથી, ગુર્જર પ્રજા સમક્ષ “ ફુલ નહિ તો ફુલની પાંખડી ” રૂપે ધરી છે. તેનો આદર થશે તો આગળ ઉપર એથી પણ કાંઇક વધુ તાદશ ચિત્રો રજુ કરીશ એવી ઉંડી ઉમેદ છે.

આ પુસ્તકનું પોતાનું મૂળ થોડુંક ટાંચણ, મારા વડીલભાઇ રા. જડાવશંકરે મને વાપરવા દીધું છે, તે માટે તેમનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકનાં પ્રુફ વાંચતી વખતે સરતચૂકને લીધે દુઃશિલા અને જેકોર એ નામોમાં કેટલેકસ્થળે ભૂલચૂક થઇ છે; તેથી વાંચકોને ભૂલવાળાં સ્થળોએ તે નીચે મુજબ સુધારીને વાંચવા વિજ્ઞપ્તિ છે.

હિંમતલાલની માતા અને અલકની સાસુનું નામ જેકોર.
કાન્તરાયની માતા અને મધુરીની સાસુનું નામ દુઃશિલા.

મુંબાઇ
તા. ૧-૧૦-૧૬

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી.

અલક-કિશોરી

અથવા

સાંસારિક દુઃખદ ઘટનાઓ.

પ્રકરણ ૧ લું.

કિશોરીની જન્મગાંઠ.

આનંદની ઘડીઓ જગે આવે અતિશય અલ્પ તો,
લે લ્હાવ જન તે કાજ થઈ તન્મય નહિં પળ ચૂકતો.

મોહમયી નગરીના મોહપાશમાંથી કોણ છટક્યું છે? કોઈને ધન મેળવવાનો મોહ: કોઈને કીર્તિ મેળવવાનો મોહ: કોઈને ગાડીઘોડા મોટરગાડીઓમાં બેસીને સ્હેલ મારવાનો મોહ: કોઈને વિદ્યા, જ્ઞાન, અનુભવ મેળવવાનો મોહ: એવા અનેક દિશાઓના અનેક પ્રકારના મોહથી અંજાઇને મોહમયીમાં દૂર દૂરના ગ્રામડાંઓમાંથી ક્ષણભરને માટે કે પછી કાયમને માટે ઘણાઓ આવે છે. પણ એ મોહમાં સંભાળીને કામ ન લેનારને ગાંસડાં પોટલાં બાંધીને એવી દશામાં પાછા ફરવું પડે છે કે જે માટે અનુભવીઓ અને સુજ્ઞજનોને દયા આવ્યા વિના રહેતી નથી.

મોહમયી માટે આથી વિશેષ ઉલ્લેખ કર્યા વિના આપણે વાર્તા તરફ ધ્યાન આપીશું. આજ ચંદની છાઇ રહી છે. મોહમયીના દરિયાને, મોહમયીનાં મેદાનોને અને તેના ઉંચા માળાઓને જાણે દુધે ધોઇ રહી છે. આવી ચંદનીમાં આનંદ ભોગવવાને મુંબાઇનાં નગરવાસી નરનારીઓ બહુધા ચોપાટી, બેંડસ્ટેંડ, પાલવા બંદર આદિ સ્થાનોએ નિઃસરી પડે છે; ઉપરનાં સ્થળોમાંના એક બેંડસ્ટેંડ આગળ આપણી દૃષ્ટિ એક હિંદુદંપતિ ઉપર પડે છે. બેંડસ્ટેંડ જેવાં સ્થળોમાં હિંદુઓ પોતાની સ્ત્રીઓ સાથે કવચિત્તજ જોવામાં આવે છે, એ મુંબઇમાં વસતા હિંદુઓ માટે એક જાણીતી ફરિયાદ કરવા જેવું છે; પરંતુ કવચિત્ત શ્રીમંત દંપતિઓ ગાડીઓમાં બેસીને આવે છે એટલે એ ફરિયાદ કૈંક અંશે ઓછી થાય છે. બેંડસ્ટેંડ ઉપર આજ "ચંદની બેંડ" હતું. જુદી જુદી કોમોના ઘણાઓની ગાડીઓ બેંડસ્ટેંડની આસપાસ ગોળાકાર ઉભી રહી હતી અને તેમાં બેસીને તેઓ વાજીંત્રોના મધુરા સ્વર સાંભળી રહ્યાં હતાં—સમજતા હતા કે નહિં તે આપણે જાણુતા નથી. વિશેષ વર્ણનમાં કાળક્ષેપ ન કરતાં આપણે આ દંપતિની વાતચિત સાંભળીશું.

પતિઃ હં, ત્યારે આવતી કાલે જેમને જમવાનું કહેવા માટે તારો વિચાર હતો તેમને કહેવરાવ્યું ?

સ્ત્રીઃ ના, સવારનાજ કહેવરાવીશ. મારી કિશોરીને કાલે પાંચ વર્ષ પુરાં થશે એથી મને બહુ આનંદ થાય છે.

પતિઃ એ આનંદના ઉભરા બહાર કાઢવામાં જરાકે કચાશ રાખીશ નહિં. ઇશ્વરે મને એ છોકરીના જન્મ પછીજ આ સારી સ્થિતિમાં મૂક્યો છે, એ હું કદી વિસરીશ નહિં.

સ્ત્રીઃ એમ ? જો, જો, હોં ? આ કથન ભૂલી ના જતા.

પતિઃ અરે, એ તે ભૂલાય ?

આ વાતચિત પછી બંન્ને જણાં પોતપોતાના કાંઈક વિચારમાં ગૂંથાયાં હોય કે પછી બેંડ સાંભળતાં હોય, તે તો તેઓ જાણે પણ તેઓ શાંત રહ્યાં એ નક્કી હતું.

બીજા દિવસનો અરૂણોદય થતાં, એ દંપતિના બંગલાના નોકરો અને છોકરાં જાગ્યાં અને પોતપોતાને કામે વળગ્યાં. બે છોકરા અને એક છોકરી નાહી ધોઇને સ્વચ્છ કપડાં પહેરવા લાગ્યાં. એટલામાં રાત્રે બેંડસ્ટેંડ આગળ જોયલી અબળા તેમની પાસે આવી અને બોલીઃ ચાલો, તમે ત્રણે તૈયાર થાવ. આપણે દેવદર્શને જવાનું છે અને ત્યાંથી તમારી ફોઇને અને કાકીને જમવાનું કહીને આપણે પાછાં ફરીશું. ઝટ કરો. ગાડી હમણાં જોડાઇને આવી પહોચશે.

કિશોરીઃ "બા; આજ મારી વર્ષગાંઠ છે, તે બે ભાઇઓ મને કંઈ નહિં આપે ?"

કિશોરીની માતાઃ હા, કહો જોઇએ. તમે બે એને શું આપશો ?

દીનુ તથા **નાનુઃ** "બા, અમે બન્ને પિતાજી પાસે જઈ હમણાંજ એનું નક્કી કરી આવીએ છીએ." એટલું કહી બન્ને જણા તેમના પિતા શિશિરકુમાર પાસે ગયા અને કિશોરી માટે સોનાની બંગડીઓ બપોરના અપાવવાનું અને સાથે સાથે પોતાને સારૂ સુંદર નાનાં નાનાં ઘડીઆળો આણવાનું પણ નક્કી કરતા આવ્યા. આ જાણીને કિશોરી બોલી ઉઠીઃ કેવા પક્કા છે, બેયે જણા ?

નાનુઃ પોતાનું કોઈ ચૂકે કે ?

ઉપર પ્રમાણે વાતચિત થયા પછી તેમના પિતા થોડાક મિત્રો જેમને ખાસ કહેવા જવાનું હતું તેમને જાતે નિમંત્રણ કરવા ગયા અને માતા તથા બાળકો, દેવદર્શનાર્થે ગયાં. હીનુભાઇ તથા નાનુભાઇનો જન્મ એકજ દિવસે થયો હતો. બન્ને ૧૦ વર્ષની વયના હતા. કિશોરી, જેની ઉમર પાંચ વર્ષની હતી, તેના જન્મ પછી શિશિરકુમાર ઘણું સારૂં દ્રવ્ય સંપાદન કરી શકયો હતો. તેથી આજના આનંદના પ્રસંગે તેણે સગાંઓ તથા મિત્રોને જમવા બોલાવવાનું નક્કી કર્યું હતું.

કિશોરીની માતા છોકરાં સાથે અંબિકા દેવીનાં દર્શન કરીને પોતાની નણંદને ત્યાં ગઇ. તેની નણંદ અલકે તેને સારો આવકાર આપ્યા પછી કહ્યું: અહો ભાભી, આજતો કાંઇ સારાં લુગડાં લત્તાં પહેરી આવ્યાંને શું? અમારે માટે કાંઇ ઠરાવ્યું લાગે છે!

ભાભી બોલી: બ્હેન, આજ આપણી કિશોરીની જન્મગાંઠ છે. એટલે તમને જમવાનું કહેવા આવી છું. સાંજના આવજો જરૂર.

અલક: એમ? કિશોરી, હવે તો તું મોટી થઈ. થોડા દહાડામાં પરણીશ અને સાસરે જઇશ. જોજે સાસરામાં ડાહી થજે હોં!

કિશોરી: એવું ના બોલશો, ફોઈ? અમારે નથી પરણવું!

અલક: વાહ મિરાંબાઈ, ત્યારે શું કરતાલ લઇને માધવબાગમાં ઇશ્વરભજન કરશો?

કિશોરી "હું નથી જાણુતી. મને ન પૂછશો." એમ કહી એ નિર્દોષ બાળા ત્યાંથી જતી રહી.

કિશોરીની માતા પદ્માવતિ એ પછી પોતાની દેરાણીને ત્યાં ગઇ અને તેને પણ જમવાનું કહીને બીજાં જે કેટલાંક સગાં અને

પોતાનાં સહીપણાંવાળી સ્ત્રીઓ હતી, તેમને ખાસ આવવાનું કહીને ઘેર જવા પાછી ફરી. રસ્તામાં શિશિરકુમાર જતો હતો તે મળ્યો. છોકરાંએ હઠ લઇને તેની સાથે જવાનું કહ્યું એટલે તેમને સાથે લઇને શિશિરકુમાર બજારમાં ગયો. કિશોરીને નાની સુંદર નકશીની સોનાની બંગડીઓ તથા છોકરાઓને રૂા. ૫) ની કિંમતનાં ઘડીઆળ લેવરાવી આપ્યાં. બાળકોનાં મન અત્યંત મુદિત બન્યાં.

પદ્માવતિએ ઘેર આવીને ભટ્ટને કેટલાં માણસની રસોઈ અને શું શું બનાવવું તેની વરદી આપી દીધી. પદ્માવતિના પતિ અને કિશોરીના પિતાનું નામ શિશિરકુમાર હતું. તેણે કિશોરીની પ્રથમ વર્ષગાંઠને દિવસે પણ ભારે આનંદથી સર્વ કુટું-બીઓ અને મિત્રોને નિમંત્રણ કર્યાં હતાં. પદ્માવતિને તે સર્વ પ્રકારે સુખી કરવા યત્નો કરતો હતો અને પદ્માવતિ હરહમેશ તેને પ્રસન્ન રાખવા યત્નો કરતી હતી.

શિશિરકુમારે બહારથી આવી, પદ્માવતિએ કોને કોને નોતરાં કર્યાં હતાં તે જાણ્યું. જમણ શિખંડ પુરી ભજીઆં અને બે ત્રણ જાતનાં શાક તથા રાઇતાં ચટણી પાપડ આદિ કર્યું હતું, તે પણ જાણ્યું. તે પછી તેણે પોતાના મકાનના વિશાળ દિવાનખાનામાં સહુને જમવા બેસવા માટે પાટલાઓ ગોઠવાવી દીધા અને એકજ સટના ચાંદીના થાળી વાટકાઓ, લોટાઓ, પ્યાલાઓ વગેરે મૂકાવી દીધાં.

સાયંકાળે, નિમંત્રાયલી મંડળી આવી પહોંચી. કુટુંબીઓ અને સગાંઓ પોતાનાં બાળકો સાથે આવ્યાં. મિત્રો પણ આવ્યા. છોક-રાંઓએ બંગલામાં કુદાકૂદ અને ધમ્માચકરી કરી મૂકી. દીનુ, નાનુ, અને કિશોરી એ ત્રણે જણાં પણ આ રમતમાં સામેલ થયાં. મિત્રોએ

શિશિરકુમારને સુંદર શબ્દોમાં મુબારકબાદી આપી અને તેનાં બાળકો મોટાં થઈ, તેનું કુળ દીપાવે એવી ઇચ્છા પ્રકટ કરી.

જમવાની વખત થતાં સર્વે આનંદથી, ગપ્પાંઓ મારતાં અને સમોવડીઆંઓ માંહોમાંહે મશ્કેરીઠઠ્ઠા કરતાં જમવા બેઠાં. રંજનકુમાર નામે એક જાડા મિત્રની શિશિરકુમારે ખૂબ મશ્કેરી કરી અને તેને શિખંડ ચાર પાંચ વાટકા ખવરાવ્યું. રંજનકુમાર પણ ટીખળી હતો. "ભર દે પ્યાલા" "જે આવે તે ખપે" એમ બોલીને ગમ્મત કરતો જાય અને ખાતો જાય. સ્ત્રીઓમાં એવા પ્રકારનો આનંદરસ જામ્યો નહતો; પણ સર્વે સાથે જમવા બેઠેલાં તેથી પુરુષોની આનંદમય અને નિર્દોષ વાતોચિતો તથા મશ્કેરી, તેઓ ચિત્ત દઈને સાંભળતી.

આ પ્રકારે દુઃખમય સંસારમાંથી બને એટલે સુખરૂપ લ્હાવો, શિશિરકુમાર અને પદ્માવતિએ આજ કિશોરીની વર્ષગાંઠને દિવસે લીધો.

પ્રકરણ ૨ જું.

દુઃખી યુવક.

"કહિં લાખ્ખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે."

સ્વ. મણિલાલ.

આષાઢ માસની અમાવાસ્યાની રાત્રિ! પ્રત્યેક મહિને એક વખત ચંદ્રદર્શન સહેજ પણ થતું નથી. વિજ્ઞાનીઓના મત પ્રમાણે ચંદ્ર અને સૂર્યની અમુક ગતિને લીધે એમ હો કે પછી જગતકર્ત્તાના વિશ્વરાજ્યના એક અગ્રગણ્ય સાશકને મળતી વિશ્રાંતિ હો કે પછી,

"પ્રભુ તણા દરબારમાં સહુને સરખો ન્યાય,

રાય રંક કે હો ભલે, સમાન સહુ લેખાય."

એ નિયમાનુસાર પાપી, દુરાચારી, દુષ્કર્મીઓને પણ જાણે એક દિન કેમ લાભ ન મળતો હોય તેમ હો. અમાવાસ્યાની રાત્રિનો ઘોર અંધકાર અનેક પાપી કામોને ઢાંકે છે. સારાને પણ નરસુ અને નિર્દોષને પણ દોષિત ઠરાવે છે. આવી આ અત્યંત તમસમય રાત્રિયે અધુરામાં પૂરૂં મેઘમંડળ ભૂમિને પ્રહાર કરવા માટે ટમટમી રહ્યું હતું. ગર્જનાઓ, વિજળીના ચમકારા સાથે, વારંવાર દિલને થરથરાવી નાંખતી હતી. કહો કે કુમળાં બાળકોને ઉંઘમાંથી ઝબકાવતી હતી, કોમળાંગી અબળાઓનાં હૈયા ધબકાવતી હતી અને કઠોર પુરુષોને ચોંકાવતી હતી. આવા બિહામણા સમયે એક જંગલ પાસેના નદીતીરે એક આકૃતિ જાણે ભૂત કે પિશાચ હોય તેમ, ઉભેલી હતી. થોડી વારમાં શબ્દો સંભળાયા: "પ્રભો ! મારા ઘોર અપરાધ માફ કરજે: તારા દરબારમાં તારા પુનિત સ્વર્ગમાં તો મને કદિ જગ્યા નહિં મળે પરંતુ પાપ કર્યા પછી પશ્ચાત્તાપ કરનાર પ્રત્યે તું પિતા કઠોર નથી રહેતો એમ મેં સાંભળ્યું છે. ખરૂં હો કે ખોટું તે હું કહી શકતો નથી પણ તારી છાંયમાં સમાવા હું આવું છું. મારો અહિં કોઇ બેલી નથી. ત્યાં તું થજે." આટલા શબ્દો પછી તે આકૃતિ એકદમ અલોપ થઈ. નદીમાં ધબાકો થયો. નદી પાસે એક શિવાલય આવેલું હતું. આ શિવાલયમાંથી એકદમ એક સાધુ બહાર આવ્યો. "હા, કિસ પાપીને અપના જાન છોડ દીયા !" એટલું કહી, સાધુ નામને યોગ્ય એવા આ દયાર્દ્ર મહારાજે નદીના પાણીમાં ઝંપલાવ્યું. જીવનનો અંત લાવવાને યોજાયલા યત્નની પાછળ તેનો બચાવનહાર તૈયારજ હતો.

પરમાત્માએ તેને પ્રેર્યો હોય કે કેમ તે કહી શકાય નહિં પણ અત્યારે તો આત્મઘાત કરનારનો ઉદ્દેશ સફળ થાય એમ લાગ્યું નહિં કેમકે સાધુ એક અચ્છો તરનાર હોય એમ જણાયું. ભાગ્યેજ તે થોડે દૂર તર્યો હશે કે તેને કંઇક વસ્તુનો સ્પર્શ થયો. સાધુએ ઝડપથી પાણીમાં ડુબકી મારી અને પાંચ દશ કદમ તે આગળ નીકળ્યો. આ વખત તેના હાથના કાંડામાં ડુબેલા પુરુષનું શરીર હતું. સાધુએ કિનારા તરફ એ શરીર સાથે પાછું તરવા માંડયું અને પાંચદશ મિનિટમાં કેટલીક મુશ્કેલીઓ વેઠીને પણ આખરે તે નદીને તીરે આવી પહોંચ્યો. તે શરીરને પ્રથમ તો તેણે ત્યાં મૂકયું અને પોતાને પહોંચેલા શ્રમને માટે થોડીવાર વિશ્રાંતિ લઇ તે શરીર પોતાની ખાંધે નાંખી તે દેવળ તરફ ગયો.

દેવળમાં આવતાંજ પ્રથમ તો સાધુએ પોતાની પાસેનું ફાનસ સળગાવ્યું અને પોતે બચાવેલા માણસના દેહમાં કંઈ પણ ચેતનની નિશાની છે કે કેમ તેની તપાસ કીધી. અંગ પર શિતળ જળનો સ્પર્શ થતાં તે ઠંડુ લાગે એતો સ્વભાવિકજ છે. તેમાં આ તો કંઇ નહિ તોપણ દશેક મિનિટ ચોમાસાની રાત્રીએ નદીના બરફ જેવા પાણીમાં રહેલું શરીર એટલે તેમાં કંઇપણ ઉષ્ણતાની આશા રાખવી એ તો વ્યર્થજ. શ્વાસોશ્વાસની ગતિ પણ બંધજ હતી. હ્રદયનું ચલન થતું પણ લાગ્યું નહિ. ચેતનઅસ્તિત્વની આ ત્રણ મુખ્ય નિશાનીઓ આ પ્રમાણે નષ્ટ છતાં સાધુનું મન માન્યું નહિં. ઝટ તેણે તે લઇને શરીરને ઉંધું પાડયું અને તે પછી તેને દાબીને બને તેટલું પાણી ઓકાવી કાઢયું. પછી પોતાની પાસે ઓઢવાનો કામળો અને જે કંઇ બીજાં બે ત્રણ વસ્ત્ર હતાં તે તેની આસપાસ

સારી રીતે લપેટીને બે ચાર કાષ્ટના ટુકડા સળગાવી શેક કીધો. આ પ્રમાણે લગભગ કલાક દોઢ કલાક સુધી અનેક ઉપચારો થયા પછી તે મોતના પંજામાંથી છૂટેલા યમદ્વારની સમિપ જઇ પહોંચેલા પણ ભાગ્યવશાત્ આ જગત્ના ઋણથી મુક્ત થયેલા અચેતન શરીરમાં કંઇક ચેતનનો ભાસ થતો જણાયો. તે પુરૂષે પોતાની આંખ ખોલી અર્ધપળ આસપાસ જોયું. આંખ તો પાછી મીંચાઇ ગઈ પણ શ્વાસોશ્વાસની ક્રિયા કંઇક મંદગતિથી શરૂ થયલી જણાઈ. હૃદયનો ધબકારો, તે સ્થળે કર્ણ રાખીને જોતાં, ધીમો સંભળાયો. સાધુના મનમાં આનંદ થયો. તેણે કેટલાક અધીરા અજ્ઞાની માણસોની માફક ગમે તેમ પોતાની જીજ્ઞાસા તૃપ્ત કરવા ખાતર ગમે તેવા સવાલો પૂછી તેને હેરાન કરવાનું ઠીક વિચાર્યું નહિ. શરીરની અંદર ગરમાવો લાવવા જે તાપણું સળગાવ્યું હતું તેની નજદીક તે પથારી લઈ ગયો. આટલું થતાં તો અરૂણોદયનાં સર્વ ચિહ્નો માલુમ પડવા લાગ્યાં. અન્ધકારમાં તો કોઇ પ્રકારે પણ ફેર પડયો ન હતો. ઉજાસનું તો નામ માત્ર નહોતું. આકાશ જેવું ને તેવુંજ ઘેરાયલું હતું. માત્ર ગર્જના અને વિજળી બંધ પડયાં હતાં. પક્ષિઓ પોતાની સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર કિલાબિલાટ કરતાં હતાં. શહેરના કોઈ દેવળમાં વાગતી નોબત અને ઘંટાનાદનો ધ્વાન કર્ણમાં અથડાતો હતો અને તે ઉપરથીજ જણાતું હતું કે પ્રભાત થયું છે. આષાઢની અમાવાસ્યા પૂર્ણ થઈ, પૂણ્યપ્રકૃત્ર શ્રાવણ માસની મંગળકારક પ્રતિપદા શરૂ થઈ. અને તે મંગળ ચોઘડિયું શરૂ થતાં દેવળમાંના અચેતન શરીરના અમંગળ ગ્રહો પણ મંગળકારક થઈ ગયા. શરીરમાં ચૈતન્ય જાગૃત થયું અને તે પુરૂષ એકદમ ઉઠી બેઠો થયો. થોડીક પળ સુધી પોતાની સામેના સાધુ પ્રત્યે તેણે જોયું. પોતે કરેલું પરાક્રમ તે જાણતો હતો.

પોતાનો ધારેલો હેતુ સિદ્ધ થયો નહિ તે પણ તે સમજ્યો હતો અને તેમ થવાનું કારણ—પોતાના હેતુમાં અંતરાયરૂપ થનાર આ સાધુ હતો એમ તેણે જોયું. તેણે બોલવા માટે પ્રયાસ કીધો. સાધુ તે સમજ્યો ને તેને તેમ કરતો અટકાવીને બોલ્યો: “ભૈયા, અભી જરા લોટ રહો. તુંમકો જીતની ઇચ્છા કહેનેકી હે ઉસ્સે જ્યાદા મુઝે સુનનેકી હે; લેકીન તુમેરેમે અભી કુચ્છ જ્યાદા બોલનેકી તાકાત નહિ હય. અભી કાલ પિછે જો કુચ્છ કહેના હો સો સુખેસેં કહેના. અબ તો શાંતિસેં સો રહો. મેંભી જરા મેરા નિત્યકર્મ પરિપૂર્ણ કરકે તુમારી પાસ આ બેઠતા હું. પીછે સારા દિન અપનાઈ હેં.” આટલું કહી તેને સમજાવી સુવાડી આ પરોપકારક સાધુ પુનઃ નદી પર ગયો.

પ્રકરણ ૩ જું.

સાસુનો સંતાપ.

“વરસાદ અને વહુઓને છે જગમાં મરવાનું, મરવાનું,
થોડું બોલે તો કહે મૂંગી ડસે છે;
ઘણું બોલે તો કહે કેવી ભસે છે,
કામ કરી કરી થાકી જતાં પણ અંતે દુઃખમાં મરવાનું મરવાનું.”

કવિ “વિનય.”

હિમ્મતલાલ બહારથી ઘરમાં આવ્યા અને અલકની પાસે આવતાંને વાર ચાહ તથા બીસ્કીટ માંગ્યા. તે આપતાં અલકને વાર લાગી તેથી તેની સાસુ ઘુરકીને બોલ્યાં—

“પ્યાલા રકાબીનાં તો ઠેકાણાં નથી? વહુજી રોજ એક વખત પ્યાલો તો બીજી વખત રકાબી ભાંગે છે. બીજે ને

ત્રીજે દિવસે દીવાની ચીમનીઓ ભાંગે છે. આવી સુકુમાર વહુજીને હાથે કંઇપણ ટકતું નથી? તે કયાંથી ચાહનો પ્યાલો તથા રકાબી અને બીસ્કીટને વાસ્તે પણ રકાબી લાવે? આવાં કારણોથી તને વખતસર બધું આણી આપે એવી આશા રાખીશજ નહિ."

હિંમતલાલ બહારથી કામધંધાથી કંટાળી, ઘરમાં વિશ્રામની આશાએ આવ્યો હતો. ત્યાં વખતસર ચાહ નહીં મળવાથી તે આકળો બની ગયો. લાગ સાધીને તેની માતુશ્રીએ તે વખત વહુ ઉપર મેહેણાં ટૂણાંનો પ્રહાર કરવા માંડયો.

અલકની સાસુએ આટલાથી સંતોષ નહિં માનતાં આગળ બોલવા માંડયું—"તારો ભાઇ કમાતો ધમાતો છે તેમાં અમારે શું? તેનો પૈસો તેને ગંધાય! તેનો પૈસો અમારે શા કામનો? મારો દિકરો હાલ તો દર માસે રૂપિયા ૪૦ કમાય છે! તેમાં કેટલું ખર્ચ! ઘરનું ભાડુ, ઘાટી ઘાટણનો પગાર, ધોબી ને હજામનું ખર્ચ, વળી સુધરેલી એટલે સાડીઓ અને પોલકાં વિના ચાલે નહિં. આટલા બધા ખર્ચને અમારાથી શી રીતે પહોંચી શકાય તેનો જરા પણ વિચાર તો કરતીજ નથી?"

આવી રીતે શબ્દપ્રહાર વહુ ઉપર કરવા માંડયા; પણ વહુએ એક શબ્દનો ઉત્તર ના આપ્યો ને સાંભળ્યાજ કર્યું: ત્યારે સાસુજીએ વધારે શબ્દપ્રહાર કરવા માંડયા. "હવે તો ઘાટી ઘાટણને રજા આપવી પડશે. વાસણ વહુએ હાથે માંજવાં પડશે. બેસી બેસીને કેટલી બધી જાત વધારી છે. તેવું મારા ઘરમાં નહિં પરવડે!" એટલામાં તેમની પાડોશમાં રહેતી માનકોર અલકની સાસુ જેકોરની પાસે આવી.

માનકોર—"જેકોર, આટલી બધી આકળી થઇને મેહેણાં શા સારૂં મારે છે? જરા વિચાર તો ખરી કે આટલું આટલું તું બોલે છે પણ વહુ કેવી ભલી અને સાલસ છે કે તારી સામે સું કે ચાં લગારે કરતી નથી. મારા ઘરના જેવા તો તારા ભવાડા થતા નથી તેનો કાંઇ વિચાર કેમ કરતી નથી?"

જેકોર—"માસી, હું તો આજથી ઘાટી ને ઘાટણને રજા આપું છું." ઉપર પ્રમાણે કહી તેણે ઘાટીને બોલાવ્યો અને તેને કહ્યું: "રામા, તારો પગાર કાલથી બંધ છે માટે તારે બીજે કંઇ જવું હોય તો જજે."

માનકોર, જેકોરની આવી હઠથી કંટાળીને જવા તૈયાર થઈ, એટલામાં જેકોરે તેને જતી રોકીને કહેવા માંડયું—"માસી, શું કરૂં? દીકરો કમાઈ કમાઇને મરી જાય છે, પણ આ વહુના બહોળા ખર્ચથી જરાપણ પૈસો બચાવી શકતો નથી અને ઉંચો આવતો યે નથી. આજ બંગડી કરાવો, વળી બીજે દિવસે વિંટી કરાવો. આમને આમ રોજ બિચારાને સતાવ્યા કરે છે. વિચાર કરો. મુંબાઈ જેવા શેહેરમાં આવીને અમને ઉલટી ખોટ ખવરાવી અને વહુએ અમને ભીખ મંગાવી. તેના બાપદાદાની ભવિષ્ય અમારે શા કામની? મારા દિકરાને એણે એવો તો વશ કરી લીધો છે કે બિચારો તેના કહેવા પ્રમાણે કર્યેજ જાય છે. તે કાંઈ બોલી શકતો નથી. વહુને જ્યારથી દીઠી છે ત્યારથી તેની મતિ પણ ફરી ગઈ છે. મુંબાઈમાં રહીને ઉલટો મારા દિકરાને ગાંડા જેવો બનાવી દીધો છે. હું તો જાણતી હતી કે આવા મોટા શેહેરમાં રહીને મારો છોકરો બે પૈસા રળીને ઘરમાં લાવીને સંઘરશે ને વખત આવે વાપરવાના

કામમાં આવશે પણ આતો ઉલટું ધણીધણીઆણી ખાઇપીને મોજમઝામાં મહાલે છે. વધારે પૈસા થાય તો કપડાંલત્તાંમાં ઉરાડે છે. છોકરો બિચારો સહવારથી તે સાંજ સુધી ઘાંચીના બળદની ઘાણીની પેઠે પિલાય છે ને સાંજે થાકીને લોથપોથ થઇને ઘેર આવે છે, તેનો જરા પણ વિચાર કરતી નથી. પોતે તો કપડાંલત્તાં પહેરી બનીઠનીને બહાર ફરે. બિચારો ઘરમાં આવે ત્યારે થાક્યા પાક્યાને પાણી સરખું પણ આપે નહિં. આવું છતાં છોકરો બહારથી આવે ત્યારે ચણા, મમરા, મસાલેદાર ચેવડો આણીને તેને આપે. છોકરો બજ્યો સમજતો પણ નથી કે આવી રીતે ખર્ચ કરવાથી આગળ ઉપર વસ્તારી થશે ત્યારે અને ઘડપણમાં શું ખાશે? તમે વિચાર કરો કે આપણાથી તે બળ્યું શી રીતે ખમાય? મારૂં પેટ તો બળી જાય છે. ઘરમાં ઘરડાં રહ્યાં તે બોલ્યા વગર કેમ ચાલે? પણ આ તો ગજબ ગજબ વર્ત્તાવી મૂકે છે. વહુજી ૭ માસથી મુંબઇમાં આવીને રહ્યાં છે. હું તો મહિના માસથી આવી છું અને જોઉં છું તો વહુનું ચાલે તો બીચારાને ખાવાનું પણ ન આપે! એટલો બધો જુલમ મારાથી શી રીતે સહન થાય? હું તો એવું ધારતી હતી કે વહુ સારા ઘરની છે, ખાનદાન કુટુંબની કન્યા છે, તેથી સારી, હોશિયાર ને ચબરાક નિવડશે; પણ આ તો ઘરનું કામકાજ કરવું નહિ, નોકર ચાકર પાસે કરાવવું, બનીઠનીને બહાર ઘોડાગાડીમાં બેસીને ફરવા જવું; નાજુક નાજુક ને ચાવળું ચાવળું બોલવું; જાણે ધરતી પગમાં ખટકતી હોય ને કાંકરા પગમાં ખૂંચતા હોય નહિં તેમ અધર બૂટ કે સપાટ પહેરીને ચાલવું; પૈસાનો હિસાબ સરખો પણ ન રાખવો. મારો છોકરો ઘરમાં આવે તો લાડતી લાડતી

કહે કે, "શું લાવ્યા?" પણ ચાહ કરી આપવાની દરકાર નહિં—આવો હડહડતો કળજુગ તો મારા ઘરમાં આવી રહ્યો છે, એવું હું જાણતી નહોતી. વહુનાથી ધોળાં કપડાં પહેર્યા વિના ચાલેજ નહિં. તેમાં નાંખવાને રોજ "સનલાઇટ" મોંઘો સાબુ જોઇએ. તેણે તો ભીખ મંગાવી ભીખ! જાણે નવલશાહ હીરજીની છોકરી ના હોય? જ્યારે એવું હતું ત્યારે મારે ત્યાં પરણીને શા સારૂ આવી? ભાઇને ઘેર સાહેબી ભોગવવા ગઈ હતી ત્યાં રહેવું હતું ને પાછી શું કરવા આવી? તે પણ એનનાં લક્ષણ તો જાણત! બળ્યું બાઇ, આપણે કોઇ દિવસ આવું જોયેલું નહિં ને કરેલું નહિં એટલે મારાથી કહ્યા વગર તો નહિજ રહેવાય. સાસુની સેવા તો ક્યાંથી કરે! એને પોતાના ધણીની પરવાજ ક્યાં છે? "ઘરડી સાસુની ઢળાવોની ખૂણે ખાટ" એવો ધંધો મારા ઘરનો થઈ રહ્યો છે! કહો આમ તે કેમ ચાલે?"

અલક બિચારી એકકેએક શબ્દો સાંભળતી હતી. જેકોરની પાડોસમાંજ માનકોર રહેતી હતી. જેકોરના મનમાં બહુ દિવસનું ભરાયલું હતું તે માનકોરની આગળ તેણે ભાષણ કરીને સંભળાવ્યું. અલક બહુ અસીલવાન સ્વભાવની હતી. તે મૌન્ય ધારણ કરીને બેસી રહી હતી.

હિંમતલાલનો સ્વભાવ દયાળુ અને માયાળુ હતો. તે બહારથી આવીને ચાહ માગીને ઉપર જતો રહ્યો હતો. કપડાં કાઢીને તેણે વાર થઇ એટલે ફરીથી ચાહ માગી. પણ અલક આટલી બધી ગડભાંગ સાંભળવા રહી હતી તેથી તેને ચાહ મૂકવાનું વિસ્મરણ થઇ ગયું. જ્યારે બીજીવાર હિંમતલાલે ચાહ માગી ત્યારે આંખમાંનાં આંસુ લ્હોતી લ્હોતી ચાહ તૈયાર કરીને આપવા સારૂ ગઇ. તેને ચાહ લાવતાં વાર

ચઇ તેથી તેનો પતિ તેના ઉપર ચીડાયો, અને આંખો કાઢવા લાગ્યો. તે બોલ્યો:—"બધો તારોજ વાંક છે. રોજ ઘરની અંદર કંકાસ વગર દિવસ જતો નથી. જા, મારે હવે અત્યારે ચાહ પીવી નથી. હવે અહિંયાંથી ચાહ લઈ જા !"

આવું કહીને કાઢેલાં કપડાં ફરીથી પહેરીને ઘરમાંથી તે બહાર જતો રહ્યો. બહાર નીકળત જ તેનો મિત્ર રસિકલાલ તેને મળ્યો. તેને વાત કરી એટલે તે સમજાવીને ઘરમાં તેડી લાવ્યો ને શાંત પાડીને ચાહ પાઈ. ત્યારપછી બંને જણા બહાર ફરવા ગયા.

અલકના મનમાં અત્યારે સંકલ્પવિકલ્પ થવા લાગ્યા કે એક બાજુ સાસુનો સંતાપ: બીજી બાજુ પતિનો ક્રોધ: આ તે શી રીતે સહન થઈ શકે ? આથી તે રૂદન કરવા લાગી. પણ થોડીવારે મોઢું સાફ કરીને નીચે ગઇ. સાસુ તથા માનકોર બેઠાં હતાં તેમને સારૂ ચાહના પ્યાલા ભરીને આપવા ગઇ. માનકોરને ચાહનો પ્યાલો આપીને સાસુને આપવા ગઇ કે તરતજ સાસુએ માનકોર બેઠાં હતાં છતાં વહુના ઉપર ચાહનો ભરેલો ઉંનો પ્યાલો રેડયો. ચાહ વહુના ઉપર પડી ને ચાહનો પ્યાલો નીચે પડી ચુરેચુરા થઈ ગયો. ચાહ પડવાથી બિચારી અલક દાઝી પણ એકકે શબ્દ તે બોલી શકી નહિં. મૂંગે મોહોડે સહન કરી રહી. અત્યારે જો ભાભીને ત્યાં જાય તો ફરીથી નાદાન સાસુ તેને ઘરમાં પેસવા ના દે, તેથી તેણે નિશ્ચય કર્યો કે માણસને દુઃખ પડે છે, તે કસોટી માટેજ પડે છે. શાંતિ ધરનારનું હંમેશાં સારૂં થાય છે. મનમાં આવો વિચાર કરીને, કાચનો પ્યાલો જે ભાંગી ગયો હતો અને જેના ચુરેચુરા—કકડેકકડા થઈ ગયા હતા, તે સાંભરીને બ્હાર નાંખવા તે જતી હતી. તે વખતે સાસુએ એકદમ ઉઠીને તેના હાથમાંથી

તે કકડા ઝુંટવી લીધા અને કહ્યું—“આવવા દે દિકરાને. તેને દેખાડ્યા પછી તારી વાત છે.” આમ કહી તે તેને ધમકાવવા લાગી. તે કકડા સાસુ પાસે રહેવા દઇને ચાહવાળી જગ્યા સાફ કરીને અલક કામે લાગી. સાંજનો સમય હતો એટલે બીજું બધું કામ આટોપીને તે રસોઇની તૈયારી કરવા લાગી. રસોઇ કરતી જતી હતી અને આંખમાંથી આંસું પડતાં હતાં. આજે હિંમતલાલ બહાર ફરવા ગયો હતો ત્યાં તેને ચેન ના પડ્યું. તેની તબિયત આજ સારી ન હોવાથી તે પાછો ઘેર આવ્યો. તે જેવો બારણામાં પેઠો કે તેની મા તેને એકદમ ધમકાવવા મંડી. “અલ્યા, તું બાયડીવાળો થયો તેથી તને કાંઇ કહેવાયજ નહિં કે શું? આ જો તારી બાયડીએ ચાહનો પ્યાલો અને રકાબી ભાગી નાંખ્યાં! જ્યારે મેં કહ્યું ત્યારે રોવા બેઠી! તારે મન તો જાણે કે હશે! પણ દિકરા, મારાથી તો બગાડ થાય તે ખમાયજ નહિં! હજુ તું ઉગતો જુવાનીઓ છે, તારી કમાણી થોડી છે, માટે હવે તું જરા શાન્તિથી બાયડીને કબજે રાખે તો સારૂં, નહિંતર તને વેચીને એ તો ચણા મમરા ખાશે! હજુ તેને તેના બાપના ઘરના પૈસાનો મદ ઉતર્યો નથી! તારી વહુ તો કાંઇ પણ કાળજી વગર રસોડામાં જઇને ચાહ ઢીચવા બેઠી, પણ મારો ભાવસરખોયે ન પૂછ્યો. દિકરા, તારા વગર મારી દાઝ કોણ જાણે?”

આવી રીતે માએ દિકરા આગળ નિર્દોષ અલકના ગુણને ઠેકાણે અવગુણ ગાઇને, પોતાનો દોષ ન કાઢતાં તેનો દોષ કાઢ્યો. તેથી સ્વાભાવિક રીતે હિંમતલાલનો મિજાજ હાથથી ગયો. ફરવા જતી વખતે તે ચીડાયો હતો, અને આવ્યો કે તુરત માએ

તેની ફરિયાદ કરી તેથી તરત તે રસોડામાં અલક હતી ત્યાં ગયો. રસોડામાં અલક ચુલા ઉપર વધાર મૂકી શાક ઓરતી હતી તે જોઇ ક્રોધમાં ને ક્રોધમાં હિંમતલાલે જઇને તેને બે ચાર તમાચા જોરથી લગાવી દીધા. અલક રોતી તો હતી તેમાં અકસ્માત હિંમતલાલે આવીને મિજાજ ખોઇને ક્રોધમાં ને ક્રોધમાં તેને તમાચા લગાવ્યા તેથી બિચારી બૂમ પાડીને રોવા લાગી; અને તરત ત્યાં આગળ પડી ગઇ. તેનો મિત્ર એકાએક આવી ચીસ સાંભળીને રસોડામાં ગયો.

મિત્ર—"અરે, હિંમતલાલ આ શું કરે છે? આ તારી ગરીબ ગાય જેવી બાયડીને આજે શું થયું છે? તેને કાંઇ વાગ્યું કે શું, શાથી તેણે બૂમ પાડી!"

એકદમ મિત્ર આવી પહોંચવાથી હિંમતલાલ ઝંખવાણો પડીને કહેવા લાગ્યો "ભાઇ, તેને એકાએક ચકરી આવવાથી તે પડી ગઇ ને તેથી તેણે ચીસ પાડી. હવે કાંઇ અડચણ નથી. હજુ આપણને ભોજનની વાર છે માટે ચાલો. કાંઇ ફિકર કરવા જેવું છેજ નહિ."

આવું આડું અવળું સમજાવી બંને જણા રસોડામાંથી બહાર ગયા. એટલામાં તેની મા આવીને કહેવા લાગી "અલ્યા, દિકરા. વહુ તો રડીને સહુને બ્હીવરાવે છે. તે મને કયરની સતવે છે, પણ શું કરૂં? લાજ જાય આપણી માટે શાંત થઇને રહી છું. નહિતર તેના ઉપર બીજી આણું?"

હજુ હિંમતલાલનો મિજાજ શાંત થયો નહતો. ચિત્ત ભમતું હતું. તેમાં તેની માએ આવીને ઉપર પ્રમાણે પુરવણી કરી દિકરાને વધારે ઉશ્કેર્યો; તેથી તેણે વહુને એકદમ હુકમ કર્યો કે—"પુરી તરત તૈયાર કરી આપ?"

એટલે ડોસી બોલ્યાં-"ઘરમાં કંઈ લોટ નથી. શાની કરી આપશે?"

અલક બોલી-"ના સાસુજી, બધું તૈયાર છે. લોટ આવ્યો છે. પુરી હું તૈયાર કરી આપું છું."

ડોસી બોલી-"અરે વહુ, તું મને બધાનાં દેખતાં પાછી જુઠી પાડે છે? તું હવડાં પેલા પાડોસી મણિભાઈની વહુને તો ના પાડતી હતી, અને પાછી હવે કયાંથી લાવી?"

અલક બોલી-"અરે સાસુજી, ત્યાર પછી ઘોડાવાળી આવીને આપી ગઈ છે."

આ વખતે આ ઘરના રંગ જુદા જુદા થતા હતા. એક તો ચાહ વખત તમાશો થયો ને નિર્દોષ બિચારી અલકે તમાચા ખાધા. તે છતાં જે થયું તે થયું એમ માનીને તે પુરી તૈયાર કરી આપતી હતી; તેટલામાં તેમનાં સગાંવહાલાં આવવા લાગ્યાં અને તેઓએ કહ્યું. "તમે આ શું ધાર્યું છે? ડોસી, તમે વૃદ્ધ થયાં તેતો જરા સમજો."

આવી રીતે તે બધાં બને જણાને મર્મમાં ને મર્મમાં વાત કહેતાં હતાં તે વખતે હિંમતલાલ બધાં ભેગાં થવાથી બીજે બારણે થઈને પોતાના મિત્રને તેડીને મેડીએ ગયો. તેણે મનમાં તો હવે જાણ્યું કે મારી સ્ત્રી નિર્દોષ છે; પણ શું કરૂં મા આગળ હું કંઈ કરી શકતો નથી.

ડોસી જેકાર ઉકળ્યાં હતાં તે સગાંના આવા બોલવાથી વધારે ઉકળ્યાં. અને બોલ્યાં—

"તમે શું જાણો? જે આવો તે મારો દોષ કાઢો છો? પણ તમે વહુને તો કાંઈ કહો?"

એક બાઈએ કહ્યું—"તમે મોટાં તે તમને કહેવાય. વહુ તો નાની, શાણી, અને વિવેકી છે. માટે તમારે સંભાળવી પડે. તેના

પિયેરમાં તેની ન્હાની બ્હેન વગર તેની દાઝ જાણનાર કોઈ નથી. માટે જો વહુનો વાંક કદાપિ હોય તો તેને ધૈર્ય આપીને કહેવું, તે હજુ બાળક છે. માટે શાન્તિ રાખો. તમે સમજુ છો, અનુભવી છો માટેજ તમને કહેવાય."

જેકોર ડોસી નરમ પડયાં. સૌ સૌને ત્યાં ગયાં. હિંમતલાલને બોલાવી ભોજન કરવા બેસાડયો. તેનો મિત્ર રસિકલાલ પણ તેની સાથે જમ્યો. તે વખતે પુરી વગેરે અલંક પીરસી તેનું સાંત્વન કર્યું.

જ્યાં સાસુનો કોપ હોય અને પતિથી બોલી શકાય નહીં ત્યાં ગરીબ ગાય જેવી વહુ શું કરે?

પ્રકરણ ૪ થું.

સુખમાંથી દુઃખ!

કહિં વીણા વાગે, કહિંક "રે હા! હા!" રૂદન છે.

ભતૃહરિ.



દુનિયામાં માણસની ચડતી પડતી વતીજ જાય છે. મનુષ્યજીવનમાં સુખદુઃખનાં દોરડાં આડાં અવળાં ગુંથાયલાં છે. દુઃખ આવે છે, તે વખતે દરીઆના મોજાંની માફક ઉછાળા મારે છે. દુઃખ કયારે આવીને મનુષ્યના ઉપર પડશે તેની ખબર પહેલેથી કાંઈ પડતી નથી. સુખ સ્વપ્નતુલ્ય ચાલ્યું જાય છે તે સમજાતું નથી. દુઃખ તો વારંવાર આવ્યાંજ જાય છે. પ્રારબ્ધમાં સુખદુઃખ તેઃ

લખેલુંજ હોય છે, તે સમજાતું નથી. શિશિરકુમારના કુટુંબને માથે આવું દુઃખ હમણાં આવી પડ્યું.

કપિલરાય શિશિરકુમારના પિતા હતા. તેમને ગુજરી ગયે છ માસ પણ થયા નહીં હતા, એટલામાં તેની માતુશ્રી સરસ્વતિ માંદાં પડ્યાં. કપિલરાયની ઉત્તરક્રિયા શિશિરકુમારે પોતાના ઘરના રિવાજ પ્રમાણે કરી હતી. ન્યાતની રૂઢિ પ્રમાણે લોકમાં તેની વાહવાહ કહેવાઈ. પિતાના નામ પ્રમાણે શિશિરકુમારે નાણું પણ સારૂં વાપર્યું હતું. પિતાનું નામ દુનિયામાં રહે એવા ઉત્સાહથી પોતાની પત્ની તથા માતુશ્રીની સલાહ લઈ ધર્મશાળા બંધાવી અને તેમાં પણ આરસપહાણના પથ્થર ઉપર નામ કોતરાવ્યાં હતાં. ન્યાતજાત અથવા ગામમાં સારી રીતે પોતાના બાપે દુઃખસુખ વેઠીને પૈસો સંપાદન કર્યો હતો તે પ્રમાણે તેણે બરોબર રીતે નામના કરી. આથી તેની માતુશ્રી તથા પત્ની ઘણાં ખુશી થયાં હતાં.

શિશિરકુમારનું મન પરોપકારક હતું. આત્મસુખમાં પૈસો ખરચી વિશેષ ભાગ તે પરોપકારાર્થે વાપરતો હતો. અત્યારે સરસ્વતિના મનમાં પણ મરનારની પછવાડે પરોપકારપણામાં નાણું ખર્ચવાનો દૃઢ સંકલ્પ હતો. છતાં કોઈક વખત સ્ત્રી જાતના સ્વભાવ પ્રમાણે વિશેષ ખર્ચ થાય તે તેને રૂચતું નહિં હતું. પણ પોતાના પુત્ર અને પુત્રવધુની દાનત સાફ અને ચોખ્ખી હતી તેથી સરસ્વતિનું મન અંદરથી રાજી રહેતું હતું. કારણ બંને જણા મારૂં માન રાખી મને પુછીને મારી સલાહ પ્રમાણે મરનારની પછવાડે ધર્માદા પૈસા વાપરે છે તે સારૂં કરે છે, તેવું મનમાં થતું હતું. ઘરનો બધો વહિવટ પુત્ર અને પુત્રવધુએ સંભાળીને ચલાવવા માંડ્યો હતો. શિશિર:

કુમારના ઘરની સ્થિતિ પહેલાં સાધારણ હતી પણ હવે તે સારો પૈસો પ્રાપ્ત કરતો હતો ને કપિલરાયે પણ થોડો ઘણો પૈસો પ્રાપ્ત કર્યો હતો તેથી સરસ્વતિ કાંઇપણ કહેતી નહિ હતી. ન્યાતજાતમાં વાહ વાહ થઇ. વિધવાશ્રમમાં તેમજ અનાથાશ્રમમાં પણ નામ રહે તેમ થોડી ઘણી રકમ મૂકી હતી. દરેક ફંડમાં થોડી થોડી રકમ આપી નામ અમર કર્યું હતું. હવે સરસ્વતિને પોતાના પતિના સ્વર્ગવાસ થયા પછી અંદરથી પોતાના મનને ધોકકો લાગ્યો હોય તેમ દિવસે દિવસે તાવ લાગુ પડયો. અને મનની અંદર ચિન્તાઓ થવા લાગી. આ વખતે શિશિરકુમાર પોતાના પિતાનું સર્વ કાર્ય કરીને બ્હારગામ ગયેલો હતો તેને તેડાવવાની જરૂર લાગી ઘરમાં ભટ્ટ નોકર ચાકરો હતા, પણ આ વખતે પોતાનો દિકરો પાસે હોય તો સારૂં એવું તેની માતાના મનમાં થયું; વળી તેની પાસે નાનપણથી રહેલી એક લીલી નામની વફાદાર વિધવા સ્ત્રી શિવાય બીજું કોઈ નહતું. તે બાઈ પ્રમાણિક મેહેનતુ હતી: તે સરસ્વતિ પાસેથી જરાપણ દૂર ખસતી નહિં હતી. તેના સાસરામાં તથા પિયરમાં કોઈ તેનું સગું નહિ હતું તે પોતાનુંજ ઘર છે એમજ વર્તતી હતી. તે ખંતથી કામ કરતી હતી. તેમજ કપિલરાયનાં ઘરનાં મોટાં તેને પુત્રી પ્રમાણે ને નાનાં બેન પ્રમાણે ગણતાં હતાં. તે લોકો તેના ઉપર ઘણું હેત રાખતાં હતાં. ને તેના સુખ દુઃખમાં ભાગ લેતાં હતાં. હાલમાં લીલી ની ઉમર ત્રીસેક વર્ષની હતી. તે આસરે આઠેક વર્ષની હતી ત્યારે વિધવાપણાને પ્રાપ્ત થઇ હતી. તેનો સ્વભાવ ગરીબ ને શાન્ત હતો. તેનામાં હોંશિયારી તથા અક્કલ પણ ઘણી હતી. લીલી કેટલાંકની માફક તોછડી તેમ બહુબોલી નહિં હતી. તે કામ જેટલીજ વાત

કરતી હતી. તેનામાં એક ગુણ એવો હતો કે એકનું બીજાને અને બીજાનું ત્રીજાને કહીને વઢવાડ કરાવતી નહિં. ઘરમાં સર્વેની સાથે માન મરતબાથી વર્તતી હતી. ને મોટાંની આમન્યા જાળવતી હતી. કદાચિત્ પોતાની ભૂલ થઈ હોય તો તુરત તે સુધારી લેતી હતી. કોઇની સાથે તે પક્ષપાત રાખતી નહિં હતી. આવા ઉમદા ગુણોને લીધે લીલી સર્વે જણાને પ્રિય થઇ પડી હતી. ઘરમાં કોઇ તેને પારકા કુટુંબનું ગણતું નહિં હતું. ત્રાહિત માણસ તો એમજ સમજે કે તે સરસ્વતિની નાની બેનજ છે. સરસ્વતિ ને લીલી એક દેશનાં હતાં, ન્યાત જાત પણ બંનેની સરખી હતી. નાનપણથી તે દુઃખિયારી હતી પોતાના ગુજરાન સારૂ તે પહેલાં ટુંકા પગાર માં રહેલી હતી. એક દેશની અને તેનામાં આવા ઉમદા ગુણ હોવાથી અત્યારે બધાંને વ્હાલી થઇ પડી હતી. મંદવાડ વખતે તે સરસ્વતિની ચાકરી પોતાની માની કરતી હોય તેવીજ રીતે કરતી હતી. બનતા સુધી પોતાના કાર્યમાં ચૂક પડવા દેતી નહિં હતી; અને પદમાવતિ સાસરે આવી ત્યારથી તેના ઉપર તેના ગુણોને લીધે પ્રેમ રાખતી હતી. કારણ લીલી તેને મદદ કરવામાં બાકી ન હોતી રાખતી. પદમાવતિ પણ તેજ પ્રમાણે વર્તતી હતી. શિશિરકુમારને તાર કરીને નોકરી ઉપરથી તેડાવવામાં આવ્યો. તેણે આઠેક દિવસની રજા લીધી હતી તે દિવસો જતાં વાર ન લાગી અને નોકરી ઉપર જવાનો વખત આવી પહોચ્યો. માતાનો મંદવાડ વિશેષ હતો એટલે વધારે રજા મંગાવવાની જરૂર જણાઇ તેમાં વળી પદ્માવતિએ ખાસ આગ્રહ કર્યો.

આથી શિશિરકુમારે બીજા વધુ દિવસની રજા મંગાવી. ત્યાર પછી દિવસે દિવસે સરસ્વતિનો મંદવાડ વધવા માંડયો. શિશિર

કુમારે દવા દારૂમાં પૈસો ખર્ચવાને જરાપણ કંજુસાઇ કરી નહિં. પણ જ્યાં દૈવ કોપ્યો ત્યાં કોઇનું શું ચાલે? થોડા દિવસમાં સરસ્વતિ દુનિયામાં હતી ન હતી થઈ ગઈ. તે સ્વર્ગમાં ગઇ. અને મર્ણને શર્ણે ગઇ.

શિશિરકુમાર સુધરેલા વિચારનો હતો, તેથી માતુશ્રીની પાછળ રડવા કુટવાનું બંધ રખાવ્યું હતુ. સાંજે બેસમણા વખતે શિવગીતા બ્રાહ્મણ પાસે વંચાવતો હતો અને જે માણસો બેસમણામાં આવતાં હતાં તે સાંભળતાં હતાં.

શિશિરકુમાર માટે કોઇથી કાંઇ કહી શકાતું નહોતું પણ લોકો તો ઘરમાં વાતો કરવા લાગ્યાં, કે ડોસી ઘરમાંથી ગઈ એટલે થઇ રહ્યું. કોઇ કહે તે માનવાનોજ નહિં. પદ્માવતિ મોઢામોઢ સાંભળે પણ તેનું પતિ આગળ શું ચાલે? તે લોકો કહે તે સાંભળ્યા કરતી હતી. સરસ્વતિની પછવાડે શિશરકુમારે પોતાના પિતા કપિલરાયની પેઠે ક્રિયાનો ખર્ચ કરવામાં જરાપણ ન્યૂનતા રાખી નહિં. તેની પાછળ ધર્માદા પણ સારૂં કર્યું અને આટલો ખર્ચ કર્યા છતાંપણ લોકો તેની નિંદા કરતાં હતાં. મૂર્ખ સ્ત્રીઓ પદ્માવતિ સાંભળે તેમ તેન પતિની નિંદા કરતી હતી. તે સાંભળતી પણ કાંઇપણ ઉત્તર આપતી નહતી.

સરસ્વતિના સ્વર્ગવાસ પછી તેના ઘરમાં ખોટ પડવા લાગી; અને લીલીને તો વધારે સોરામણ થવા લાગી. પદ્માવતિ નાનપણથીજ સાસરે આવેલી ત્યારથી તેની સાસુએ તેને પોતાની પાસેથી જરાપણ અળગી કરી નહતી. શિશિરકુમારને બીજો ભાઈ હતો પણ તેણે પોતાનાં માતુશ્રી તથા પિતાશ્રીના મંદવાડમાં તેમજ ચાકરી કરવામાં અને બીજા કશાપણ પ્રસંગમાં ભાગ નહોતો લીધો.

પદ્માવતિને હવે ઘરનો સર્વ કારભાર સ્વતંત્ર રીતે માથે કરવાનો સમય આવી પડયો. સંસાર વ્યવહારમાં કેવી રીતે વર્તવું તે બધું તેને શિર આવી પડયું. વળી તેને બે પુત્રો અને એક પુત્રી એમ ત્રણ સંતાન સાચવવાનાં હતાં. કિશોરીના જન્મ પછી પદ્માવતિની તબિયત લથડવા લાગી હતી. પણ જ્યાં સુધી સરસ્વતિનો પિંડ હતો તથા તેને મંદવાડ હતો ત્યાંસુધી તેના શરીર સંબંધી કાંઇપણ જણાતું નહોતું. અર્થાત્ જાણે સરસ્વતિની તેને મોટી ઓથ હતી. સરસ્વતિના મરણ પછી તેને એકલું અટૂલું લાગવા માંડયું.

થોડા દિવસ પછી પદ્માવતિનો પતિ જયારે બહાર કામ પ્રસંગે ગયેલો હતો અને પોતે એકાંતમાં કિશોરીને લઇને બેઠી હતી ત્યારે તેને એકાએક વિચાર ઉત્પન્ન થયો કે-"છોકરાઓ તો મોટા થવા આવ્યા છે; એટલે તેમની ચિન્તા મારે કરવા જેવું નથી: પણ કદાચ મારા આ લથડપથડ ચાલતા શરીરનો નાશ થશે તો બિચારી કિશોરીની શી વલે થશે ? સ્વામિનાથ બીજી સ્ત્રી પરણશે એટલે ઓરમાન માતા તેને મળશે, ત્યારે તેની કેવી દશા થશે ? બિચારી ઓરમાન માતાના હાથ નીચે રહેશે.

એટલામાં શિશિરકુમાર બહાર ગયા હતા તે આવ્યા.

શિશિરકુમાર—આજે આમ નરમ કેમ છે ? તારા શરીરે કાંઇ વ્યાધિ થયો છે કે શું ?"

પદ્માવતિ—ના, ના, એવું કાંઇ નથી.

શિશિરકુમાર—"મારા સમ છે. જો તું ખરેખરૂં ન કહે તો. તને શું દુઃખ થાય છે ? તું મારાથી શું કરવા છાનું રાખે છે ? જે કહેવું હોય તે કહી દે તો તેના ઉપચાર થાય."

પદ્મવતિ—" જ્યારે તમે આટલું બધું પૂછો છો ત્યારે કહું છું. મને હાલમાં તાવ લાગુ પડયો છે અને અશકિત વધતી જાય છે તેથી મને લાગે છે કે હવે વધારે દિવસ હું દુનિયામાં રહી શકોશ નહિં તેથી મને એવા વિચાર થાય છે કે છોકરાઓ તો મોટા થવા આવ્યા છે પણ આપણી કિશોરી નાની છે. છોકરાઓની ચિતાં તો મને જરા નથી કારણ તેતો હવે મારાથી છૂટા રહી શકે તેમ છે પણ આ બાળકી મારાથી જરાપણ વિખૂટી રહી શકતી નથી તેથી કદાચ મારો દેહ પડે તો તમે તેને તમારાથી જરાપણ આઘી તો કરશો નહિ ને ? તેની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં, " આ બિચારી છોકરી નમાઇ થશે અને દુઃખી થશે, હે પતિ ! હવે હું શું કરૂં ?"

શિશિરકુમાર—સારા દાકતરની દવા કરીશું એટલે તને જલદીથી આરામ થઇ શકશે માટે તું જરાપણ ચિન્તા કરીશ નહિ. તું આમ હિમ્મત હાર નહિં. કિશોરીના સંબંધમાં તું જરાપણ મનમાં ચિન્તા ના રાખીશ. તારી કિશોરીને હું મારી પાસે રાખીશ. તેને મારાથી આઘી ખશેડીશ નહીં. તને જેમ તે વ્હાલી છે તેમ મને પણ વ્હાલી છે માટે તેની જરાકે દિલગીરી કરીશ નહિં. "

તેજ દિવસે દાકટરને બોલાવી દવામાં ફેરફાર કરવામાં આવ્યો ને દાકટરે સલાહ આપી કે " જરાપણ ચિન્તા કરવાનું કારણ નથી. તાવ છે તેના ભાગની અશક્તિ છે, હવે તાવ થોડા દિવસમાં નાબૂદ થશે એટલે શક્તિની દવા ચાલુ કરીશ " આવી રીતે સમાધાન કરી દાકતર ગયા. કિયો ડાકટર, મોટામાં મોટા મંદવાડમાં પણ એમ કહે છે કે, મારી દવાથી નહિં મટે ? જ્યારે તેની દવાથી દ

કંટાળે અને પોતાને ઠીકાઠીક ફી મળી રહે ત્યારેજ તે કાંઈક આશા છોડે છે પણ કદીયે દવા શરૂ કરતી વખતે તો નહિંજ. શિશિર કુમાર એ પછી પોતાના કામમાં ગુંથાયો. દાકટર તથા તેનો પતિ ગયા પછી તેને પાછો વિચાર થવા લાગ્યો-" આ દુષ્ટ રોગથી હું હવે બચવાની નથી એની મને તો ખાતરી છે. દાકટર ભલે પોતાની ફીસીઆરીમાંથી હાથ ના કાઢે, તેના કહેવા ઉપર બહુ ભરૂસો રાખવા જેવું નથી. સાસુજીની બાબતમાં પણ તે આવીજ હિંમત આપતા હતા ને જ્યારે મંદવાડ એકાએક વધી ગયો ત્યારે આમતેમ બ્હાનાં કાઢી સમજાવવા માંડયું. છેવટ સુધી તેણે દવાઓ આપ્યાજ કરી ને આખરે બિચારાં સ્વર્ગવાસી થઈ ગયાં. તેથી મારે મારૂં બનતું કરવું જોઇએ કારણ પાછળથી મને ચિન્તાઓ ના થાય." એવો વિચાર કરી લીલીને બોલાવી, પાસે બેસાડીને કહેવા તે લાગી.

પદ્માવતિ—" લીલી, તું મારૂં એ કામ કરીશ કે નહિં તેનું મને વચન તું આપ,"

લીલીએ કાંઇપણ વિચાર કર્યા વગર કહ્યું-" હા ભાભી, હું તમારૂં કામ કરીશ. લ્યો આ મારૂં વચન છે."

પદ્માવતિએ વચન લઇને કહેવા માંડયું-" સાંભળ લીલી, મારી જાત દિવસે દિવસે નરમ થતિ જાય છે માટે કિશોરીને તારી પોતાની પુત્રી પ્રમાણે સંભાળજે, તેના પિતા બીજી સ્ત્રી કરે તોપણ મારી એ છોકરીને તે માતા વગરની છે તેવું કદિ પણ ઓછું આવવા દઈશ નહિં. આ વાત તને કહી તે ધ્યાનમાં રાખી તારૂં વચન પાળજે."

લીલી બોલી—" મારી બેન, પ્રભુ પાસે હું એટલુંજ માગું છું કે એવો વખત મને પ્રભુ ના દેખાડે. આવા :ખોટા વિચાર તમે

જરા પણ હવેથી કરશો નહિં. તમે નહિં હો ત્યારે મારૂં ગરીબનું બેલી કોણ ? તમે આમ ના અકળાશો. પ્રભુ સઉ સારૂં કરશે. મારૂં કાળજું આવું સાંભળીને બળીને ખાખ થઈ જાય છે. હવેથી આવું કશું ના બોલશો, હું ભાઇઓને તથા બેનને મારા જીવ કરતાં વધારે ગણીશ તેની ચિન્તા તમે ન કરશો."

આટલું કહેવાથી પદ્મમાવતિના જીવને શાન્તિ વળી. પણ દિવસે દિવસે મંદવાડ વધતો ગયો. કોઇપણ દવાની ટીકી લાગી નહીં, ભારે-ભારે વૈદ તથા હોશિયાર ડાકટરોની દવા કરવામાં શિશિરકુમારે જરા પણ પાછી પાની કરી નહિં. પદ્મમાવતિનાં માતા પિતા ત્યાં આવ્યાં ને તેઓએ પદ્મમાવતિને પોતાને ત્યાં લઇ જવાનું કહ્યું; પણ પદ્મમાવતિને એટલી બધી અશક્તિ વધી ગઇ હતી કે તેનાથી એક ડગલું પણ ભરાતું નહિ હતું તેથી તે સાસરામાંજ રહી, તેનાં પિયેરીયાં ત્યાં રહી તેની સારવાર કરવા લાગ્યાં. પણ છેવટે કોઇ પણ રીતે સારવારથી તેને શાન્તિ ના વળી અને સર્વ "ધૂળ ઉપર લીંપણ" બરોબર થયું. કિશોરી બિચારી સદાને માટે મા વગરની થઇ. શિશિરકુમારને સુખમાંથી દુ:ખમાં નાંખી પદ્માવતિ ચાલી ગઈ. લીલીને તથા છોકરાંને રોવરાવીને જતી રહી !

દીનુભાઇ તથા નાનુભાઈ તેમજ કિશોરી વગેરેએ ઘણુંજ આક્રંદ કરવા માંડયું. પણ તેથી એ પાછી આવે એમ હતું નહિં કારણ:-

"કો'લોહ ભીંતતણી કદી કરી ઓરડીજ પૂરાય તો,
પાતાળમાં કે જાય જ્યાં, નહિં બ્હીક કો'ની ધારતો.
ઓ ! ત્યાંય પણ તું કાળ ! પળ નહિં ચૂકશે ને ઝાલશે,
રે કાળ ! ત્હારી ગહનગતિ સ્હમજાય ના શું થાય છે ?"

(ધ. હી. ત્રિપાઠી)

કિશોરીની સંભાળ લેવાનું પદમાવતિ લીલીને કહેતી ગઈ હતી. બિચારી લીલી પોતાના મનમાં મુંઝાવા લાગી –" હે પ્રભુ! મારી અરજ સાંભળી મને આ સંસારવાસનામાંથી હવે મુક્ત કરો તો બહુ સારૂં!" તેણે પદમાવતિને વચન આપ્યા પ્રમાણે બરોબર કાળજીપુર્વક સર્વે છોકરાંની તથા ખાસ કરીને કિશોરીની સંભાળ રાખવા માંડી. પોતે પોતાનું જીવન સાવચેતીથી રહીને સંભાળતી હતી.

ધન્ય છે! આવી માબાપ વગરની બાળવિધવા ચાકરડીને કે પોતાના કુળનું તથા માબાપનું નામ રાખીને અને પોતાનું જીવન પ્રભુ આશ્રયે રાખીને કિશોરીને ઉછેરવામાં તે લક્ષ રાખી રહી હતી.

પ્રકરણ ૫ મું

શોકયનું સાલ.

" એક મ્યાનમાં કદી બે અસિ સમાયલી સાંભળી છે?"

–કહેવત.

આપણા હિંદુ સંસારમાં પુત્રજન્મ માટે ખાસ કરીને સ્ત્રીઓને એટલી બધી હોંશ હોય છે કે તે હોંશને પરિણામે તેઓ કંઇના કંઇ અવિચારી કૃત્યો કરે છે. સાસુઓ ઘણીવાર પુત્ર વિનાની વહુઓ ઉપર જુલ્મ ગુજારે છે; અને જે જ્ઞાતિઓમાં બબ્બે સ્ત્રીઓ કરવાનો રિવાજ હોય છે તે જ્ઞાતિઓમાં તો એક ઉપર બીજી સ્ત્રી કાંઇક ઉપર જણાવેલી હોંશને લીધેજ લાવવામાં આવે છે. જગત્ જાણે છે કે પુત્ર કે પુત્રીનો જન્મ એ કાંઇ માનવીના હાથની વાત નથી. જગતને સારી પેઠે ખબર છે કે–એ બાબત ઇશ્વરનેજ આધીન છે. ઘણા શ્રીમંતોને ત્યાં પૈસા

પાણીની માફક ઉડી રહે છે પણ જુઓ તો સંતાન વિના ત્યાં શૂન્ય હોય છે; કોઇને ત્યાં છોકરીઓનીજ હારકટાર હોય છે અને ઘણીવાર જેને ત્યાં ખાવાના સાંસા હોય છે, જેને ત્યાં બાળક હોય નહિં તોજ સારૂં એમ ધારવામાં આવે છે તેને ત્યાં જોવા જઇએ તો ત્રણચાર પુત્રો હોય છે. મતલબકે આ બાબત મનુષ્યના હાથમાં નથી અને મનુષ્યનો તેમાં કશોયે ઉપાય ચાલતો નથી. ઉપર જણાવ્યું તેમ જગત્ આ બાબતથી અજાણ્યું નથી છતાં પણ એજ આકાંક્ષા–એજ લોલુપતા માણસને ભમાવે છે–દુઃખી કરે છે અને કાંઇ કાંઈ ન કરવાનાં કૃત્ય પણ કરાવે છે !

હિંમતલાલના કાકાના છોકરા કાન્તિરાયના કુટુંબમાં આવી લોલુપતાએ કાન્તિરાયનો ભવ બગાડયો હતો. કાન્તિરાય તેમની જ્ઞાતિમાં સુધારક પક્ષનો ગણાતો હતો. પણ તેમની માતા જુના વિચારની હતી. કાન્તિરાયનું લગ્ન મધુરી નામની અલકની એક દૂરની માશીની છોકરી સાથે થયેલું હતું. તેની ઉંમર ઘણી થઇ ગઇ નહિં હતી કે તે વાંઝણીમાં ગણાય. પણ જુના વિચારની સ્ત્રીઓ છોકરાની સ્ત્રી ઘેર આવે કે પછી તેને વેહેલું સીમંત આવે તેને વાટ જોયાં કરે છે પણ કુદરત આગળ કોઇનું કશું ચાલી શકતું નથી. કાન્તિરાયની મા દુઃશિલા વારેઘડીએ મધુરીને સતાવ્યા કરતી હતી કે–"તું તો વાંઝણી રહી. તારૂં મૂખ મને દેખાડીશ નહી." મધુરીની ઉમર ફકત વર્ષ ૧૫ ની હતી; પણ તેના પિયેરમાં કોઇ નહિ હોવાથી પરણીને તરત સાસરે આવી હતી. તે પિયેર ગઇ નહિં હતી. તેને નણંદો ચાર હતી ને તેના પતિ કાન્તિરાયનો કોઇ સગો ભાઇ એટલે અલકને કોઇ દીયર નહતો અર્થાત્ સાસુને ફરજંદમાં ચાર દીકરી અને એક પુત્ર હતો.

કાન્તિરાય એકલો હતો તેથી તેની માને તે ઘણો વહાલો હતો તોપણ તે ભણવામાં ઘણો હોશિયાર હતો. તેને કલેશ સમૂળગો ગમતો નહિ. તેણે માબાપની આજ્ઞા કોઇ વખત ગમે તેવું તેમના તરફથી કહેવામાં આવે તોપણ ઉથાપી નહતી. તેમની વિરૂદ્ધ તે જરાપણ ચાલતો નહિં હતો. તે શરમાળ પણ ઘણો હતો. દુઃશિલાએ તેના આ શરમાળપણાનો લાભ લીધો. તેણે વિચાર કર્યો કે મારી નાતમાં બીજી સ્ત્રી થઈ શકે છે, તેથી આ મધુરીની ઉપર એક બીજી વહુ આણું. મધુરી ઉપર તેની ઇતરાજી થઇ હતી. તેનું મૂળ જોવા જઇએ તો ઉપર કહ્યું તેમ તેને સીમંત આવ્યું નહતું, તેજ હતું. કાન્તિરાયને તેની માતાએ એક દિવસ પોતાની પાસે બોલાવી તેને ફરીથી લગ્ન કરવાને કહ્યું ત્યારે તે ચોંકયો. તે સામે થઇ શકયો નહિ પણ શરમને લીધે ફકત એટલુંજ બોલ્યો કે-"હાલમાં એ વિચાર માંડી વાળો તો સારૂં. આગળ ઉપર થઈ રહેશે. કારણ એક ઉપર બીજી લાવવામાં મને અભ્યાસમાં અડચણ પડવા સંભવ છે; માટે હાલમાં તે વાત મુલતવી રાખો તો સારૂં."

આ પ્રમાણે કાન્તિરાયે ના કહેવા છતાં તેની માતાએ તેનું માન્યું નહિં ને વસંતપંચમીનાં લગ્ન નિર્ધાર્યાં.

મધુરી બિચારી અંદરથી જીવ બાળતી હતી. "હાય, હવે મારૂં શું થશે ?"

આ પ્રમાણે થયા છતાં પણ મધુરી સવારમાં ઉઠીને નિયમસર પતિની સેવા ચાકરી કરતી. તથા સાસુ સસરાની દેવ સેવાની સામગ્રી તૈયાર કરતી હતી. જેમ જેમ લગ્નના દિવસો પાસે આવતા ગયા તેમ તેમ કાન્તિરાયની માતા દુઃશિલા લગ્નનું નક્કી કરીને

તેની સર્વ તૈયારી કરવા માંડી. કાન્તિરાયના પિતા તથા માતા લોકમાં ધિક્કારને પાત્ર થયાં. પણ તે બંને જણાં લોકથી કાંઈ ડરતાં નહિં હતાં. લોકોને મધુરીની દયા આવવા લાગી. તેને પિયરમાં કોઇ સગું ન હતું એટલે જે થાય તે સહન કરતી હતી. તેની નણંદો પણ તેને મ્હેણાંટૂંણા મારે તે પણ સહન કરવા પડતા હતા.

આવા સમયમાં ઇશ્વરની અકળ કળાને કોઈ પણ જાણી શકતું નહિં હતું. કારણ તેની ખુબી ન્યારી હતી. તેણે બિચારી મધુરીનું દુઃખ સાંભળ્યું ને તેને આશામાં ગરકાવ કરી. હાલમાં તેને બે માસ થયા હતા. તેનાં સાસુ સસરા તથા નણંદો તેમજ લોક પણ જાણતા હતા. તે છતાં સાસુ સસરાનો દૃઢ સંકલ્પ થયો. લોકો ગમે તેમ કહે તોપણ લગ્ન કરવું. કોઇ પૂછે તો તેઓ જાણઅજાણ થઇ જતાં.

કાન્તિરાય આ વાતથી અજાણ્યો હતો. પરંતુ એક દિવસે પતિપત્ની હાસ્યવિનોદમાં બેઠાં હતાં અને રાત્રી ચંદનીથી ખીલેલી હતી તેમજ પતિ ખુશ મિજાજમાં હતો ત્યારે લાગ સાધીને મધુરીએ કહ્યુ: આપને મારી એક નમ્ર વિનંતિ છે તે આપ ધ્યાનમાં લેશો ? હું આપને કંટાળો નથી આપતી પણ મારી બે બોલ કહેવાની ફરજ છે માટે કહું છું કે હવે તમારે લગ્નનો એકજ દિવસ બાકીછે. આપ ભલે બીજી સ્ત્રી પરણો તેમાં મારે વાંધો લેવાનુ કારણ નથી. કેમકે પુરૂષો એક સ્ત્રી છતાં બીજી પરણી શકે છે. સ્ત્રીઓથી પતિ છતાં અગર પતિના મરણ પછી પણ બીજો પતિ થઇ શકે નહિં એવો આપણામાં ચાલ છે એટલે તે સંબંધમાં મારે કાંઈ કહેવાનું નથી. પણ મારી એટલીજ વિનતી છે કે, આપ સુખેથી પરણો, પણ મારે એવો નિયમ છે કે આપની રોજ પૂજા કરીને મારે

જમવું. તે નિયમ ના પળાય તો મારે ઉપવાસ કરવો એવો મેં નિશ્ચય કર્યો છે માટે વિચાર કરીને તે મારો નિયમભંગ ના થાય તેમ કરવા દેશો એવી આશા છે. હું તમારે સુખે સુખી છું ને તમારે દુઃખે દુઃખી છું. મારે તમારા શિવાય બીજા કોઇનો આધાર જરાપણ છે નહિં. મારા પિયેરમાં, અને સાસરામાં તેમજ આખા જગત્‌માં મારે આપજ છો. હું તો આપનેજ મારા શિરના તેમજ અંતઃકરણના માલિક ગણું છું. આપના શિવાય મારે બીજું કોઇ નથી. હું આખી સૃષ્ટિમાં આપનેજ દેખું છું. મારે કોઈ સગું નથી. તેમ છતાં જ્યારે નવી સ્ત્રી સાથે આપનું લગ્ન થશે ને તે ઘેર આવશે ત્યારપછી આપ મારા સામું પણ નહિંજ જુવો તો તેમાં મારો શો ઉપાય ચાલનાર છે? હું જરાપણ "સુંદર" ની ઇર્ષ્યા કરતી નથી તેમ કરવાની પણ નથી. આપને જો મારો વિશ્વાસ ના આવતો હોય તો હું પ્રતિજ્ઞા કરૂં છું કે તેવો મારા મનમાં ઇર્ષ્યાનો જરાપણ અંશ હોય તો મારી આશાના સોગન છે."

મધુરી આશાના સોગન ખાધા એટલેકાન્તિલાલ ચકિત થઈ ગયો તેના મનમાં થયું કે મધુરીને કાંઇપણ આશા છે ખરી. તેથી પાસે બેસાડીને કહ્યું "હું શું કરૂં? હું ઘણીએ રીતે બહાનાં કાઢી કાઢીને ના કહું છું તોપણ માતા તથા પિતા મારૂં માનતાં નથી. મેં મારા બનતા પ્રયાસથી લગ્ન અટકાવવા જાતે કહ્યું તેમજ બીજાઓ પાસે કહેવરાવ્યું છતાં તે કોઇનું સાંભળતાં નથી ને લગ્ન કરવા તૈયાર થયાં છે એટલે હું શું કરી શકું? તારે જેમ કરવું હોય તેમ કરજે. તને છૂટ છે મારૂં કોઇ પણ રીતે ચલણ નથી. તે આશાના સોગંદ ખાધા છે તેથી ઇશ્વરે જે ફળ નિર્માણ કર્યું

હશે તે પ્રમાણે થશે. પણ તે વખતે હું ક્યાં હોઇશ તે મારાથી કહી શકાય તેમ નથી. તારા નિયમને વાંધો ના આવે તે પ્રમાણે વર્તવા દેવા મને કાંઈ અડચણ નથી. હું તેની પુરતી રીતે સંભાળ રાખીશ. તેની જરાપણ ચિન્તા કરીશ નહિં."

આ વાતચિત પછી મધુરીના મનમાં જે ભ્રમ હતો તે નાબુદ થયો અને તેના મનને શાન્તિ થઇ.

લગ્નનો સમય આવ્યો અને લગ્ન થયાં. સુંદર વહુને હાલ તો બધાં નવી વહુ કહીને બોલાવતાં હતાં.

સુંદર સાસરે આવી કે તરતજ મધુરી ઉપર ખાર રાખવા લાગી. તે વારંવાર કાન્તિરાયને કહ્યા કરતી હતી કે "તમે મધુરી સાથે વાતચિત પણ કરશો નહિં."

કાન્તિરાય તો બંને જણાનું માન ઘરમાં સરખું રાખતો હતો. તેના મનમાં જુની અળખામણી ને નવી વ્હાલી તેવું કાંઇજ હતું નહિં. તેને મન તો બંને જણાં સરખાં હતાં. ઘરમાં નણંદો રોજ મધુરીને ગાળો દેતી હતી. મધુરી સવારથી ઉઠે તે સાંજ સુધી બે હાથે બને ત્યાં સુધી ઘરનું કામ કરતી હતી; તોપણ સાસુ અને નણંદો તેને સુખે સુવા દેતાં નહિં હતા—કકળાટ કરી મૂકે ને પજવ્યાં કરે.

આ બધું તોફાન કાન્તિરાયના પિતા રણછોડલાલના જોવામાં આવતું હતું. તે એક દિવસ પરગામ જાઉં છું એવું બ્હાનું કાઢીને માળીઆ ઉપર પોતે સંતાઇ રહ્યો. તેણે વિચાર કર્યો કે મધુરીનો આખો દિવસ કેવી રીતે જાય છે તે જોયા કરવું પછી વાત. આમ ધારીને ડોસો છાનોમાનો માળીએ જઇને સંતાઇ રહ્યો. ઘરનુ કોઇ

પણ માણુસ આ વાત જાણતું નહિં હતું. તેઓ તો એમજ ધારતાં હતાં કે રણછોડલાલ પરગામ ગયા છે. ઘરમાં નથી.

સુંદર વહુએ કહ્યું—"મધુરી, અહિંયાથી જા, નીકળ. તારાં માન હવે આ ઘરમાંથી ઉતર્યાં છે."

મધુરીએ સામો કશો પણ ઉચ્ચાર કર્યો ન હં. મધુરી રોજના નિયમ પ્રમાણે કાન્તિરાયની મેડીમાં તેની પૂજા કરવા આવી હતી. વખતે સુંદર વહુએ કહેલા આ ઉદ્દગાર સાંભળ્યા ના સાંભળ્યા કરીને પૂજા કરી તે નીચે ઉતરી અને રસોઇ કરવા સારૂ રસોડામાં ચાલી ગઈ. ત્યાં વળી ડોસીએ ધંમપછાડ કરવા માંડી.

ડોસીએ કહ્યું—"અરે રાં... તું શું ફાટી છે? કશું કામ બરોબર કરતીજ નથી. ધુમાડાના આટલા બધા ગોટેગોટ કેમ કરી મૂકયા છે? ચાલ આઘી ખસ, રસોડામાંથી નીકળ." ડોસીએ આ પ્રમાણે તેને કાઢી મૂકયા પછી તેની એક નણંદે આવીને મા આગળ ફરિયાદ કરી કે મારા ખિસ્સામાંથી ચાર આના ગયા. ભાભીને મેં કાઢી લેતાં જોયાં. જુઓ એમના ખિસ્સાં. ડોસીએ મધુરીનાં ખિસ્સાં તપાસતાં તેમાંથી ચાર આના નીકળ્યા. ડોસીએ આ જોઇને ખૂબ ધાંટાઘાંટ કરી મૂકી. આ જુનીને તો જુદીજ રાખવી જોઇએ, એમ તેણે સૂચના કરી. ડોસો આ બધું જોયા કરતો હતો. મધુરીને આજે જે પ્રમાણે દુઃખ દીધું હતું તે પ્રમાણેજ દરરોજ બધાં કનડગત કરતાં હશે તેવું ડોસાએ મનમાં વિચાર્યું અને આજનું વલણ જોયું તે તેનાથી સહન ના થયું તેથી તેને મધુરીની દયા આવી ને પરમેશ્વર તેના હૃદયમાં વસ્યો. તે નીચે આવ્યો અને જાણે કાંઇપણ જાણતો નથી, એવો ડોળ તેણે કર્યો. તેણે દકરાને નવી, જુની આણી આપી હતી પણ તેથી જુનીને કનડગત કરવી,

એવો તેનો હેતુ હતોજ નહિં. આથી નીચે આવીને ડોસાએ કહ્યું—" મધુરી બેટા. પાણી પીવા સારૂ લાવ? અને અમારે ખાવા સારૂ રોટલીને શાક કરી આપ?"

આમ જ્યાં ડોસાએ કહ્યું કે ઘરનાં બધાં આભાં થઇ ગયાં. જુની વહુને આટલું બધું માન શું? ડોસા આગળ બધાં તેની ફરિયાદ કરવા ગયાં પણ ડોસાએ ચીડાઇને ફરિયાદ કરનાર બધાંને કહ્યું કે તેનો કશો પણ વાંક નથી છતાં બધાં નાહક પજવણી કરો છો. તે હું કયારનો જોઉં છું. હું અહંજ હતો. પરગામ ગયો નહતો.

મધુરીએ ડોસાની આજ્ઞા થવાથી પાણી પીવાનું આપી, રસો-ડામાં જઇ ને રોટલી ને શાક કરી નાંખ્યાં અને ત્વરાથી રસોઇ તૈયાર કરી સસરાને જમવા બોલાવ્યા. ડોસો કાન્તિરાયને તેડીને જમવા સારૂ આવ્યો. બાપ દિકરો સાથે જમવા બેઠા; અને જમતાં જમતાં ડોસાએ કાન્તિરાયને ઠપકો દીધો કે—" અલ્યા, ઘરમાં રહું છતાં આવું ઘરમાં થાય તે સહન કરૂં છું ને કાંઇ બોલતો નથી? મધુરીને આટલું આટલું બધાં પજવણી કરેછે પણ તું કાંઇ બોલતો નથી એ શું? શું તને નવી બાયડી આણી આપી એટલે મેં ગુન્હેગારી કરી? કાન્તિરાય સાંભળી રહ્યો પણ તેણે સામો ઉત્તર સરખોયે વાળ્યો નહિં. રણછોડલાલ ભોજન લીધા પછી શાન્ત થયા અને પછી ડોસીને કહ્યું કે—" મધુરીને એક શબ્દ પણ કહેવાનો નથી. તેને પરણાવીને હું લાવ્યો છું, તેને દુઃખ દેવાનો આપણને હક્કજ નથી"

કાન્તિરાયને સુંદર જુદા રહેવાનું કહેવા લાગી—" હું હવે જુનીના ભેગી રહી શકીશ નહિ. મારે હવે શોકયનું શાલ ન જોઇએ. તેના પાપે મારે ઠપકો સાંભળવો પડે. તેવું મારે ના

જોઇએ. હવે મારે તેનું મ્હોં પણ જોવું નથી." આવી રીતે આખી રાત બન્ને જણાએ રગઝગ કર્યા કરી. અંતે કાન્તિરાય નવીની રગઝગ ને તેના કલેશથી કંટાળીને કહેવા લાગ્યો કે—"હું જરા કમાતો થાઉં તો પછી મારે જુદા રહેવાને વાંધો નથી. પણ હાલમાં હું શું કરી શકું? લાચાર છું. હવે તું નાહક જક્ક ના કર. મારે ભણુવામાં વાંધો આવે છે; માટે તારે હમણાં એવી તકરાર ના કરવી."

સુંદરે કહ્યું—"ભણુવામાં વાંધો આવેજ તો? પેલી મધુડી ડાહી ડાહી વાતો કરે તે ગળી સાકર અને મધ જેવી લાગે, અને તેથી ભણુવામાં વાંધો ના આવે પણ હું નવી-તે બોલું તેથી તમોને ભણુવામાં ખલેલ આવે! ના, ના, એવું કાંઇ ચાલશે નહિં! હું તમને સુવા નહીં દઉં ને અત્યારે વાંચવા પણ નહીં દઉં જ્યાં સુધી મારા સવાલનો નિવેડો થાય નહિં ત્યાં સુધી કાંઇપણુ નહિં બને?"

આમ કેટલીક વાર સુધી સુંદરે રગઝક કરવામાંડી, આથી છેવટે કાન્તિરાય કંટાળીને કાયર થઇ ગયો, અને સુવાનું નામ દઇ વાંચવાનું પડતું મૂકીને પલંગમાં જઈ સુતો. તે વિચાર કરવા લાગ્યો-"જે નરને બે બાયડીઓ હોય તેનો તે કાંઈ અવતાર છે? પિતાજી એ આ શું કરાવ્યું? અફસોસ! હું તો ભારે દુઃખમાં આવી પડયો. ભણુવા ગણુવાનું હવે કોરાણે રહ્યા જેવું થઇ ગયું. નવી તો શોક્યનું સાલ છે. તે નાહક મને પજવણી કરે છે. હવે મારે શું કરવું?"

દિવસે દિવસે મધુરીને પોતાના ચડતા દિવસો પુરા થવા આવવાનો સમય થયો. અને તેના મનમા ચિન્તા વધવા લાગી "રામ રાખે તેને કોણ ચાખે?" ઇશ્વર કોઇનું અડયું રાખતો નથી તે પ્રમાણે મધુરીનું થયું. મધુરીના પિયેરમાં તેની દુરની સગી

માસી હતી. તેમે મધુરીએ વિમંત્રિબદ્ધેલા પત્ર લખ્યો અને સાસુ સસરાની રજા લઇને તે માસીને ત્યાં જવા તૈયાર થઇ. ડોસાને દયા આવી અને તેથી તે વિચારવા લાગ્યો. "ભાવિ છે તે કાંઇ મિથ્યા થતું નથી, ને થવાનું પણ નથી. જુનીને સંતાન નથી થતાં એવી બૈરાંની ફરિયાદ ઉપરથી મેં કાન્તિને નવી આણી આપી. પણ ઇશ્વરના ઘરનો ન્યાય જુઓ. મધુરીનાથીજ વંશ વધશે, એમ મને લાગે છે. જુનું તે સોનુંજ છે." આમ સસરાએ વિચારીને વિદાય કરતી વખતે મધુરીને સુવાવડમાં વાપરવા સારૂ રૂા. ૫૦) આપ્યા અને વ્હેલાં આવજે કહી વિદાય કરી. સસરાને કાળજે દયા હતી. બીજાં બધાં તો ક્રૂર સ્વભાવનાં હતાં.

મધુરી પોતાના પતિ પાસે લાગ સાધીને નવીથી છાની રજા લેવા ગઇ. સુંદર આ વખતે ઘરમાં પણ નહોતી.

કાન્તિરાયે કહ્યું.—હું આ નવીના કંકાસથી ડરૂં છું. હું મારા ખરા અંતઃકરણની લાગણીથી કહું છું કે તારા જેવી ડાહી સ્ત્રી મને નહિં મળે. તું વ્હેલી આવજે, પત્રથી તારા શરીરના ખબર પાઠવતી રહેજે. હું પણ તને લખતો રહીશ. જરા પણ ચિંતા કરીશ નહિં અને શરીર સાચવજે."

મધુરીએ કહ્યું—" હે પતિ, મારા કાંઇ પણ અપરાધ થયા હોય તે માફ કરશો. હું ક્ષમા માગું છું; અને આ દાસીને હવે વિસારશો."

કાન્તિરાય—આ તું શું બોલે છે? મારી મધુરીને હું શું કદીયે વિસારૂં! એવું કદી પણ નહિં બને! શું કરૂં? લાચારીથી મારાં આ નવી સાથે પાનાં પડયાં. હું ઇચ્છું છું કે તેનાથી છુટા થવાય તો સારૂં; પણ લાચાર છું."

કાન્તિરાયે એ પછી પોતાની પાસેથી રૂપિયા કાઢીને મધુરીને આપવા માંડયા એટલે મધુરીએ કહ્યું—“સસરાજીએ મને રૂા. ૫૦) સાસુ વિગેરેથી છાના આપ્યા છે. માટે તમારે આપવાની જરૂર નથી. મારે આથી વધારે રૂપિયાની જરૂર નથી. ને જોઇશે તો મંગાવીશ.”

આમ કહી તેણે રૂપિઆ ન લીધા. પરંતુ કાન્તિરાયે તેને સમજાવી કે “પરદેશનો મામલો છે. કઇ વખતે કઇ ચીજનો ખપ પડશે તે હજુ તું જાણતી નથી. માટે રૂા. વધારે પાસે હોય તો સારૂં. આ રૂા. લે. હવે ખોટી થઇશ નહિં.” આખરે તેણે એ રૂપીઆ મધુરીને આપ્યા ને દમ્પતિ છુટું પડયું. મધુરી પોતાની દૂરની એક માસીને ત્યાં ગઈ.

પ્રકરણ ૬ ઠું.

શોકયનું સાલ. (ચાલુ)

મધુરી તેની દૂરની માસીને ત્યાં ગઈ પણ તેના મનની અંદર હાયવરાળ થતી હતી. તેની જનેતા યાદ આવવાથી તે રોવા લાગી. તેને મનમાં તરંગો થવા લાગ્યા કે “હે પ્રભુ! મને અવતાર આપ્યો તેના કરતાં ન આપ્યો હોત તો સારૂં થાત. મારા જેવું દુઃખ શત્રુનેયે ન હજો” સુંદરનામાં બહુજ અદેખાઇનો ભાગ હતો. મધુરી ઠંડા સ્વભાવની હતી. સુંદરે તેની પજવણી કરવામાં બાકી મૂકી નહોતી.

મધુરીને પુરા દિવસે પુત્રિ સાંપડી. તેણે તે બાબત કાન્તિરાયને પત્ર લખી માહિતગાર કર્યો હતો. આ વાત કાન્તિરાયે ઘરમાં કરી અને સુંદરે સાંભળી; તેથી બોલી ઉઠી–" તે તો પથરા જેવી હતી એટલે તેને પથરોજ આવે! છોકરો કાંઈ રસ્તામાં પડયો છે!" તેની નણંદોએ પણ આ વાત જાણી પણ ડોસાના દાબથી તેઓ કાંઈપણ શબ્દ બોલી શકતી નહોતી. તેમાં મધુરીની નાની નણંદ તારાલક્ષ્મી કરીને હતી તે તો બાળવિધવા હતી. તે મધુરીના દુઃખમાં ભાગ લેતી હતી. અત્યારે તેને એમ થયું કે જોવા જઉં પણ વિધવાઓ કેટલીક વખતે આપણા સંસારમાં અપશકનિયાળ કહેવાય છે. તેથી તે ખમચી. પણ મન તલપી રહ્યું હતું. તારાલક્ષ્મી જાણતી હતી કે આ નવી ભાભીના હાથ નીચે દિવસો જવા દુર્લભ છે. હાલ તો માતાપિતા છે પણ પછી શું થશે તે સમજાતું નથી. તારાલક્ષ્મીને તેના સાસરાના ઘરમાં ફક્ત એકજ દીયર હતો અને તે પરણેલો હતો. તારાલક્ષ્મી જ્યારે સાસરે કોઈકોઈ વાર જતી ત્યારે તે તેની સાથે બોલતો હતો. પણ તે હાલમાં પોતાને પિયેર રહેતી હતી. હવે જ્યારે કાન્તિરાયની વહુને પુત્રી સાંપડી ત્યારે સુંદર શિવાય બધાં ખુશી થયાં હતાં. ને સૌ તેની પુત્રીને જોવાને માટે જવાને એક પછી એક તૈયાર થયાં. તેઓ વારાફરતી એક પછી એક મધુરીની માશીને ત્યાં જઈ પણ આવ્યાં. મધુરી આશ્ચર્ય પામી કે દિવસ પછી જેમ રાત્રી પડે છે અને રાત્રી પછી જેમ સૂર્યનાં દર્શન થાય છે તેમ શું મારા સુખસૂર્યને હું જોઉં છું ? !

મધુરીની સાસુ, મધુરીને જો પુત્ર સાંપડયો હોત તો આથી ઘણી ખુશી થાત પણ તેમ ન થતાં પુત્રી સાંપડી તોયે વાંઝણી નથી એટલું

મ્હેણું દૂર થયું, એથી ખુશી થઇ. સુંદર જો વખત સમજીને તેની સાસુની સેવા કરવા મંડી હોત તો આજે મધુરી ઉપર કોઇને હેત ઉપજત નહિં પણ સુંદર આવી ત્યારથી તેણે પોતાનું પોત પ્રકાશ્યું હતું. " નવી વહુ નવ દહાડા " એ પ્રમાણે પ્રથમ તો નણંદો તેને ' ભાભી, ભાભી ' કહેતી પણ પછી તેઓએ જોયું કે સુંદર ઘરનું કામકાજ કરવા લાગતી નથી; આખો દિવસ પાડોશીઓને ત્યાં જઇ ગપ્પા હાંકે છે; નહિંતર કાન્તિરાય પાસે જઈ, તેના અભ્યાસમાં વિઘ્ન નાંખી, મધુરી સંબંધી કાંઇને કાંઇ જૂઠું બોલ્યા કરે છે. રસોઇ કરવાને કોઇ દિવસ નહાતી નથી એટલુંજ નહિં પણ કદિએ રસોઈ કરવા નહાઉં, એમ પૂછતી પણ નથી. સાસુ કે નણંદો આવી રીતભાત સહન કરી શકી નહિં. સુંદરે પોતાનો આ ક્રમ ચાલુજ રાખ્યો ત્યારે તેની સાસુએ તેને એક વાર કહ્યું કે ' ઘરનું કામકાજ કરવા કેમ લાગતી નથી ? " સુંદરે જવાબ આપ્યો " મારૂં શરીર સારૂં રહેતું નથી અને મારા બાપને ત્યાં મેં કાંઈ કામકાજ કરેલું નથી. ધીમે ધીમે ટેવ પાડીશ. " સુંદરની નણંદોએ કહ્યું " સુંદર ભાભી, તમારા કરતાં તો મધુરી ભાભી લાખ દરજ્જે સારાં ! " સુંદરે તરત જવાબ આપ્યો. "ત્યારે શા માટે એક ઉપર બીજી આણી ? મારાં માબાપનાં ઘરનો ઉંબરો તમે બધાં શા માટે તોડી પાડતાં હતાં. ? "

સુંદરના આવા શબ્દોથી ન સાસુ કે ન નણંદો કાંઇપણ બોલી શકયાં. સાસુ તો દિગ્મૂઢજ બની ગઈ. તારાલક્ષ્મી મધુરીને આ વાત લખી જણાવતી હતી. જાણે નણંદ ભોજાઈ ન હોય પરંતુ સગીજ બ્હેન હોય તે પ્રમાણે તે માયાળુતાથી વર્તતી હતી. થોડાક માસ પછી મધુરી સુવાવડમાંથી પાછી ફરી; અને ઘરમાંનું બધું કામકાજ તેણે ઉપાડી લીધું; સુંદર તેની સાથે દરરોજ વઢવાડ કર્યા કરતી.

સુંદર ઝેરી નાગણુ જેવી હતી. તેને કોઈ સાથે બનતું નહિં હતું. જ્યારથી સુંદર આવી ત્યારથી મધુરીએ પોતાની નાની છોકરી વિજયા તથા નણુંદ તારાલક્ષ્મી સાથે એક અલગ ઓરડામાંજ ઉઠવા બેસવાનું રાખ્યું હતું. આવી રીતે સુંદરથી તે બન્ને તેટલી અલગ રહેતી હતી. કાન્તિરાય જમવા આવે ત્યારેજ મધુરી સાથે વાત કરતો હતો. તે શિવાય આખો વખત સુંદર તેની પાસે રહેતી હતી; તેથી મધુરી તેનો શોક કરતી નહોતી.

સુંદર વારેઘડીએ કાન્તિરાયને કહેતી હતી કે " તમે રોજ તેના હાથનું જમો છો ને મારૂં તો નામ પણ લેતા નથી." આવી રીતે રોજ તે સંતાવવા સાથે બધાથી જુદાં રહેવાનું કહેતી હતી; પણ તે વાત્ત કાન્તિરાયને ગળે ઉતરતી નહિં. "કોનાથી જુદા રહેવું? હું મારા બાપને એકનો એક પુત્ર છું. તેમને ચાર પુત્રીઓ છે પણ તેમાં ત્રણ જણીઓ તો તેમને સાસરે જતી આવતી છે. એક ફક્ત તારા વિધવા છે એટલે ઘરમાં રહે છે. તેમ મધુરી તારી શોકય છે તે મને પરણેલી છે. તેનાથી શું જુદા રહેવું? એમ નહિં બને. જેટલો હક તારો મારા પ્રત્યે છે તેટલો હક શું તેનો નથી? બંને જણાંનો સરખો હક છે. માટે તેમ બનવું મુસ્કેલ છે." આમ છતાં સુંદર રોજ કજીઆ કરતી હતી. કાન્તિરાયનું મગજ અભ્યાસની મેહેનતથી નરમ પડયું હતું અને તેથી જીર્ણ તાવ પણ આવવા લાગ્યો. તેની ચિન્તા સુંદરને કાંઈ થતી નહતી પણ મધુરીને વિશેષ ચિન્તા થયા કરતી હતી કે હવે શું થશે? કાન્તિરાયને ડાકટરની દવા ચાલુ હતી અને તાવ ઘણીવાર ઉતરતો તો કોઈ વાર આવતો હતો. પંદર દિવસ આ પ્રમાણે ચાલ્યા પછી, એક સારા ડાકટરની દવાથી તેને ફેર પડવા લાગ્યો. આ માંદગી દરમ્યાન સુંદર પિયર જતી રહી. તેનાં માબાપને પોતાના સાસરાં

ખરાબ શોધવા માટે તે ઠપકો આપવા લાગી; આથી તેની માયે તેને પિયરમાંજ હાલ તુર્ત રહેવા સલાહ આપી. સુંદરને કાન્તિરાય તરફથી ઘણા પત્ર લખવામાં આવ્યા પણ તે પિયરથી આવીજ નહિં. તેમ તેણે કદી કાગળ પણ લખ્યો નહિ.

એક દિવસે તેનો તાવ જરા નરમ પડયો તે વખતે વિનોદિની તેના બિછાના પાસે બા, બા, કરતી ગઇ, સ્નેહથી તેને કાન્તિરાયે પોતાના હાથમાં લઇને રમાડવા માંડી. વિજયા હસમુખી હતી તેમજ શરીરે રૂષ્ટ પુષ્ટ અને ગોરી પણ હતી. તેથી ઘરમાં સૌ તેને લેતાં હતાં, તેના પિતાએ તેને લીધી. ને રમાડવા માંડી; પણ જ્યારે થાક લાગવા માંડયો ત્યારે પથારીમાં બેસાડી. આ વખતે તેના બિછાના આગળ મધુરી એકલી હતી. બીજું કોઇ હતું નહિ.

કાન્તિરાય બોલ્યો—" મધુરી, તને મેં દુઃખના ખાડામાં નાંખી. જરાક દૃઢ થઇને મેં જો માતાપિતાને બીજી સ્ત્રી પરણવા ના કહી હોત તો ઠીક થાત.

મધુરી—આપ મારા સંબંધમાં કાંઇ પણ કહો નહિં. મને કશું દુઃખ નથી.

કાન્તિરાય—" એ તારી સુજનતા છે પણ હું નિર્બળ મનનો થવા માટે પસ્તાઉં છું."

મધુરીની સાસુને દમનો રોગ હતો; અને તે વૃદ્ધ થયાં હતાં. તેથી શિયાળાની ઋતુમાં બે દિવસમાં એકાએક તે રોગ વધી ગયો. દાક્તરોને બોલાવવામાં આવ્યા. ઘણાએ ઉપચાર કરવામાં આવ્યા છતાં તે પોતાનો દેહ તજી ગઇ. તેણે અંતકાળ વખતે મધુરીને કહ્યું—"વહુ બેટા, મારૂં ઘર તું સંભાળતી આવી છું તેવીજ રીતે ચલાવજે. તારા સસરા

છે તેમની ચાકરી કરજે ને સંભાળજે. હું હવે ઝાઝા દિવસો કાઢવાની નથી. મારા કાન્તિને હવે મટયું છે. હું તેને મૂકી જાઉં......છું ......હે......પ્રભુ.........હે......રા......મ...હે......મહા...... દેવ...હવે...આવું...છું...આમ કહ્યા પછી, તેનો જીવ ખોળીયામાંથી નીકળી ગયો–સદાને માટે ચાલ્યો ગયો. તેમણે મધુરીને દુઃખ દેવામાં બાકી રાખી નહોતી પણ મરણ પહેલાં તેને જઇને તે તેડી આવી હતી. તે તેનાં વખાણ કરતી સ્વધામ સદાને માટે ચાલી ગઇ. આ વખતે તારાલક્ષ્મીએ ઘણુંજ કલ્પાન્ત કર્યું પણ મધુરીએ તેનું સાંન્તવન કર્યું. તે તેની મા કરતાં પણ વિશેષ સંભાળ રાખતી હતી. તેને ખવરાવ્યા વિના ખાતીજ નહિં. સસરાની પણ સંભાળ રાખતી હતી. સુંદર સાસુના મરણ પછી આવી લાગી અને તેણે કાન્તિરાયને જણાવ્યું કે મેં તમને ત્રણ ત્રણ કાગળો લખ્યા પણ મને કેમ જવાબ ન આપ્યો ? કાન્તિરાયે કહ્યું મને તો એકકે કાગળ પહોંચ્યો નથી અને મેં તો તને બે ત્રણ કાગળ લખ્યા છે? સુંદર કહે–મને એકકે મળયો નથી. મળ્યો હોય તો જવાબ આપ્યા વિના રહું ખરી ?

આમ કહી તેણે સાસુ માટે રડવા અને કકળવા માંડયું. કાન્તિરાય અજબ થયો કે આ નવીએ આ નવી યુક્તિ કરી. તે મનમાં સમજી ગયો કે આ નકામી ધાંધલ કરે છે પણ તેણે ગમ ખાધી. ઘરનાં સૌ માણુસો જાણે સુંદર ઘરમાંજ નથી તેમ હવે વર્તવા લાગ્યાં. તે રોજ બધાના ઉપર ખાર રાખતીઃ બધાંની નિંદા કરતી અને એવી રીતે વર્તીને કજીયો કરતી એકે દિવસ તે કોઇની સાથે બનાવીને ચાલતી ન હોતી.

આ મુજબ; જેકોરના મરણ પછી કાન્તિરાયના ઘરમાં શોકયનું સાલ જબરૂં દુઃખદાયક થઈ પડયું.

પ્રકરણ ૭ મું.

નવીનો તમાશો !

પાછલા એક પ્રકરણમાં 'શિશિરકુમાર પોતાની સ્વર્ગસ્થ સ્ત્રી પદ્માવતિ સારૂ અફસોસ કરતા હતા, તે આપણે જોયું છે, પણ હવે તેજ શિશિરકુમારના વિચારો બધા ફરી ગયા છે. હવે એજ વિચારો તેને આવે છે કે ઉન્મતિ વહુ આવશે ને ઘર દિપાવશે. " સ્ત્રી વિના સુનો સંસાર " તે વાત અત્યારે તેના મનમાં રમી રહી હતી. હિંમતલાલે પોતાની સ્ત્રી અલકને તેના ભાઈને ત્યાં એટલે સાળાને ત્યાં આ પ્રસંગે મોકલવાનો વિચાર કર્યો હતો. જો આવે પ્રસગે ના મોકલે તો નાતજાતમાં ફટફટ થાય માટે હિંમતલાલે પોતાની માતુશ્રીને પુછ્યા વિના અલકને મોકલવા વિચાર રાખ્યો અને હાલમાં અલકને જગ્યાના ફેરફારની જરૂર પણ હતી. તેથી શિશિરકુમારે કંકોત્રી લખી તેથી તરત તે આવી. તેણે લગ્નમાં ભાગ લઇ ભાઇને પરણાવ્યો અને આનંદ કર્યો.

ઉન્મતિ સાસરે આવી કે જાણે રાજાની રાણી હોય તેમ બધાં ઘરનાં માણસો ઉપર રોફ બજાવવા લાગી. ઉન્મતિએ પોતાની માને ત્યાં સાહેબી જેવું કાંઇપણ દિઠેલું નહિં, તેથી તે એકદમ તોરમાં આવી પોતાની બિનવાકેફગારીથી હુકમનો ઓઘો ફુકી, સ્વતંત્ર મિજાજથી ઘરનો કારભાર કરવા લાગી.

હવે ઓરમાન માતાનાં પગલાં થયાં તેથી દીનુ તથા નાનુ બન્ને ભાઇઓ ઘરમાં રહેતા હતા પણ તેમનાં માન ઉતર્યાં. તેઓ પોતાની માઠી દશાની કલ્પના કરીને ભણવામાં પૂર્ણ કાળજી રાખતા હતા. પણ જ્યારે નવરાશનો વખત મળે ત્યારે સ્વર્ગસ્થ માતાનો પ્રેમ તથા પોતાના હયાત પિતાનો આગળનો પ્રેમ સાંભરી રડતા હતાં. ખરે, તે વખતનો પ્રેમ તેવો હતો ને હવેનો પ્રેમ આ પ્રમાણેનો થયો તે પણ પ્રભુની અકળ ગતિ છે. તે કાંઇ માણુસથી કળી શકાતી નથી.

ઉન્મતિની સ્થિતિ બદલાઇ ગઇ હતી. તે કાંઇ શિખેલી હતી નહિં તેથી તેને શીખવવા માટે એક સ્ત્રી શિક્ષક રાખવામાં આવી. જાણે ભણીને ગ્રેજ્યુએટ થઇ ગઇ હોય તેમ જરાક જાણતાં તો તેનામાં ખોટી મોટાઈ આવી ગઇ. શિશિરકુમાર તેના ઉપર અજબ પ્રકારે મોહિત થઈ ગયો હતો. તે એટલે સુધી કે જાણે સ્વર્ગની ઈન્દ્રની અપ્સરા મળી હશે ખરી; એમ ગણી શિશિરકુમાર સાંજ પડે કે વાલકેશ્વર, પાલવા, ચોપાટી વગેરે સ્થળે હવા ખાવા સારૂ ઉન્મતિને સાથે લઇને જવા લાગ્યો. તડકો હોય તો છત્રી પોતે ધરે. ઘોડાગાડી, મોટર જે કહે તેમાં બેસાડતો અને જેટલી ઉન્મતિ છૂટ માગે તેટલી આપતો હતો. તેણે હદપાર છૂટ મેળવી હતી. અને તે છૂટને લીધે ઉન્મતિએ પોશાક હવે પારસી લેડીના જેવો પહેરવાનો રાખ્યો હતો. તે એડીવાળાં બુટ પેહરતી હતી. સુધારાની ફેશન પ્રમાણે કામ ચાલતું હતું. સ્વર્ગવાસી પદ્માવતિએ આમાંનું કાંઇપણ દીઠું નહિં હતું. તે તો ઘરની સ્થિતિ પ્રમાણે જોઇ વિચારીને ચાલતી હતી. તે બિચારીના વખતમાં આવદાની તો હતી, પરન્તુ દીનુ, નાનુને અભ્યાસ કરાવવો હતો; પરણાવવા હતા; તેમને ઉંચી કેળવણી આપવાનો

તેનો વિચાર હતો; કિશોરીને પરણાવી સારો અભ્યાસ કરાવી સારે ઠેકાણે લગ્ન કરી દુનિયાદારીના વ્યવહારમાં રીતસર રહીને પતિનું ઘર દિપાવે એવી બનાવવી હતી—આ બધી ચિંતાઓથી પદ્માવતિએ પોતે તો સાદાઈમાંજ જીવન ગાળ્યું હતું. ઉન્મતિને એવી કાંઇ પિડા શી હોય કે દુઃખ વેઠે? ઉન્મતિ તો ઉઘાડેછોગે ઉડાવવામાં મઝા માનતી હતી. શિશિરકુમાર તો ઉન્મતિને દેખીને આંધળોભીંત થઇ ગયો હતો. તે તો એમજ સમજતો હતો કે બાઇ બોલ્યાં તે સ્વપ્નું કે સાચું હશે? તેથી જે કહે તેજ સાચું માનીને હાજી હાજી કરતો હતો. નમાયાં બાળકોની હવે તે સંભાળ જરા પણ લેતો નહિં હતો. તેમણે ખાધું કે પીધું, અથવા તેઓ સુખી કે દુઃખી છે તેની કાંઇ દરકાર કરતો નહિં હતો પણ એટલી ઇશ્વરની કૃપા હતી કે તેમની સંભાળ રાખવાને સારૂ લીલીને પ્રભુએ પ્રેરી હતી; તેથી બાળકોની સંભાળ તે સગી મા કરતાં પણ વિશેષ રાખતી હતી. છોકરાંને કોઇપણ વાતે તે ઓછું આવવા દેતી નહિં હતી. છોકરાં જે કાંઇ ચીજ માંગતાં તે લીલી પુરી પાડતી હતી. પદ્માવતિએ અંતકાળ વખતે કિશોરીને સારૂ પેહેરવા માટે ઝરઝવેરાત તથા કપડાંલત્તાંની ખાનગી પેટી તેને સોંપેલી હતી. તે લીલીયે પોતાના કબજામાં રાખી હતી. છોકરાંઓને વાસ્તે જે કાંઈ જોઈતું હતું તે શિશિરકુમાર પાસેથી લેતી હતી. ત એવો વખત સાધીને માગતી હતી કે તેને આપવામાં તે જરાપણ વાંધો કાઢી શકે નહિં. એટલે તેને તે આપતો પણ હતો. આવી રીતે સંભાળપૂર્વક તે જો સાચવીને કાર્ય પાર ના ઉતારે તો બિચારાં છોકરાંની શી દશા થાય? પણ પ્રભુની કૃપાથી તેમને કોઇપણ રીતે દુઃખ પડતું નહિં હતું. અંતર્યામી પ્રભુ કોઇનું અડયું રાખતો નથી. કોઈ કોઇ વખતે ઉન્મતિના તીખા ક્રોધી સ્વભાવને લીધે કજીઓ

થતો અને ભડકું પણ થતું હતું. પણ શિશિરકુમાર તે વખતે મિજાજ ઠેંડોગાર રાખતો હતો એટલે વધારે લંબાણુ ચાલતું નહિં હતું. ઉન્મતિનો સ્વભાવ હલકો હતો. તેણે પિયરમાં આવું કાંઈ દીઠું નહિં હતું તથા લાડમાં માબાપને ત્યાં ઉછરેલી તેથી ઉદ્ધત બની ગઈ હતી. માબાપ આટલા બધાં પૈસાવાળાં નહિં હતાં એટલે સાસરે આવી, આટલી બધી સમૃદ્ધિ દીઠી તેથી તે પોતાના નામ પ્રમાણે ઉન્મત્ત થઇ હતી. શિશિરકુમારની છુટનો લાભ લઇ તે માથે ચઢી ગઈ હતી. તેણે ધીમે ધીમે પોતાના સ્વતંત્ર મિજાજ પ્રમાણે ચાલવા માંડયું અને શિશિરકુમારને પણ ગણકારતી ન હતી. પોતે શણગાર પોતાની મરજી પ્રમાણે સજતી હતી; અને સારી રીતે સાહ્યબી ભોગવતી હતી. નોકર ચાકરોને થથરાવી મૂકતી હતી. ઘરની બહારની સંસારની, અથવા દેશપરદેશ સંબંધીની બાબતોમાં ઉન્મતિની સંમતિ લીધા વગર શિશિરકુમારથી આગળ પગલું ભરી શકાતું ન હોતું, કદાચ વયોગે તેની સલાહ લેવી તે ભૂલી ગયો હોય તો અવશ્ય રણસંગ્રામ શરૂ થતો અને ઉન્મતિ કરોડો કઠોર વચન તેને સંભળાવતી હતી.

ધીરે ધીરે ઉન્મતિને વાંચતાં લખતાં આવડયું એટલે સ્ત્રી શિક્ષકને તેણે વઢીને કાઢી મૂકી તેને ઘરમાં કોઇ સાથે બનતું નહિં હતું. તેને હવે હારમોનિયમ શીખવાનો શોખ લાગ્યો તેથી કંકાસ કરીને તે મંગાવ્યું અને તે શીખવાડવા સારૂ પાછો એક શિક્ષકને રૂા. ૫૦) પચાશનો દરમાયો ઠરાવીને આણ્યો. તે શિખવા લાગી અને તેને મનમાં એવું અભિમાન આવ્યું કે મારા સમાન દુનિયામાં કોઈ વગાડતું નથી. જ્યારે સાસરે આવી ત્યારે પોતાની શોકયનાં

છોકરાં ઉપર સહેજસાજ સ્નેહભાવ રાખતી અને કિશોરીને પણ રમાડતી હતી. પણ હવે તો તેમને દેખે કે આંખ્યો કાઢે અને ડોળા કાઢે. આવી રીતે તેનો સ્વભાવ બગડવાથી બિચારાં નમાયાં છોકરાંની જીંદગી કેવી રીતે જશે તે વિચારવા જેવું થયું. દિવસે દિવસે કિશોરી મ્હોટી થતી ગઇ. ઉન્મતિએ વિચાર કર્યો કે આવી રીતે શોકયનાં નાનાં છોકરાંને કયાં સુધી મારા ધણી પાસે પોસાવા દઉં? માટે તેમને કોઇપણ રીતે અળગાં કરવાં. આ દુષ્ટ ધારણાથી તેણે પોતાના એક વૃદ્ધ સગાને શોધી કાઢયો. આ વૃદ્ધ સગો વયે ૫૫ વર્ષનો હતો. તેને ચાર બૈરીઓ મરી ગઇ હતી. શેર સટ્ટાનો તે ધંધો કરતો હતો પણ તેની પાસે પૈસો સારો હતો. તેને પોતાની પાછળ કોઇ પૈસો વાવરનાર ન હોવાથી ફરીથી એકવાર વધુ નસિબ અજમાવી જોયાનું મન હતું અને તેથી તે કોઇ કન્યાની શોધમાં હતો. કોઇ મ્હોટી કન્યા મળે તો ઠીક એમ તેની ઇચ્છા હતી પણ એવી તો કોઇ હજી સુધી મળી ન હતી. ઉન્મતિએ તેને પત્ર લખ્યો કે કિશોરી ૮ વર્ષની છે અને તમારી ઇચ્છા હોય તો તમારૂં તેની સાથે ચોકઠું ગોઠવાવું. પ્રથમ તો ડોસો વિચારમાં પડયો કે એનાથી કોઇ મ્હોટી મળે તો ઠીક પણ આખરે તેણે જોયું કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે શા માટે ના પાડું? તેણે હા લખી. એક જુવાન વર પરણે અને જે મુજબ પલ્લું લેવાનું હોય છે તે મુજબજ આ ડોસા પાસેથી લેવામાં આવ્યું; કેમકે ઉન્મતિને કશી દરકાર ન હતી. તે તો જયાં ત્યાંથી પણ કિશોરી પરણીને પારકે ઘેર કયારે જાય એજ ઇચ્છતી હતી. લગ્ન થઇ ગયાં અને

બાર વર્ષની કન્યકા સાઠ વર્ષનો નાથ
ભરયુવાની તેની થતાં, મર્ણ કાંઠે નાથ!

એજ મુજબ આપનો બાપ કહેરાવે એવા એક ઘરડા સાથે આ આઠ વર્ષની બાળાનાં નિર્દયપણે લગ્ન કરાવી દેવાયાં!

હસતી કુદતી ફુલ પાંખડી જેવી કિશોરી હજુ તો સમજતીએ ન હતી કે લગ્ન એ શું છે? ત્યાં તેને લગ્ન લ્હાવ અપાયો! તેને પતિનો ખ્યાલ પણ ન હતો કે પતિએ શું? ત્યાં તેને એક મ્હોટો મસ, ઉંદ-રડી અને ડુંગરના જેવડા તફાવતવાળો પતિ અર્પાયો? આવી રીતે હિંદુસ્તાનમાં, વાંચકવૃંદ! ઘણી કોમોમાં બને છે. આ દાખલામાં તો વૃદ્ધલગ્ન સાથે કન્યાવિક્રય જોડાયાં નહોતાં પણ ઘણામાં તો વૃદ્ધ સાથે લગ્ન એટલે કે કન્યાનું વેચાણજ થયું હોય છે. અને કન્યાના પિતાને ખાસ્સા ૮થી ૧૦ હજાર અપાયાં હોય છે! ઇશ્વિરપાસે આપણે માંગીએ છીએ કે તે પિતા હિંદુઓને સન્મતિ આપી, આવા કુચાલ હિંદુ જાતિમાંથી દૂર કરાવે!

પ્રકરણ ૮ મું.

ડર્બીની સોર્ટીના પ્રતાપ!

વાલકેશ્વર ઉપરના એક બંગલામાં આજ ધામધૂમ જોવામાં આવે છે. સમય સાંજના ૭ વાગ્યાનો છે. સૂર્યભગવાન્ અસ્તાચળગામી થઈ ગયા છે. દરિયો પોતાનાં જંગી મોજાં ઉછાળી રહ્યો છે અને સર્વત્ર દિવાબત્તી થઈ ગઈ છે. ઉપર જણાવેલા બંગલાના વિશાળ દિવાનખાનામાં નોકરોની ધૂમશ્રકી ચાલી રહી છે.

કોઈ ગાલીચાઓ બિછાવે છે. કોઈ ખુરસી, ટેબલો, કૉચ, વગેરે બરોબર ગોઠવે છે; કોઈ દિવાબત્તી કરે છે; કોઈ પાનપટ્ટીઓ અને સોપારીની ચુરીએ બનાવે છે. આમ ચાર પાંચ નોકરો કામમાં ગૂંથાઈ ગયા છે. બંગલાના બીજા ભાગમાં સુંદર સરસામાનવાળા એક ઓરડામાં એક આરામખુરશી ઉપર મ્હોઢામાંથી સિગારેટના ધૂમાડા કાઢતો એક 'ટીપટોપ' ફેશનેબલ ડ્રેસથી સજ્જ થયલો યુવક પડયો છે અને સામે એક કૉચ ઉપર એક સ્ત્રી બેઠેલી છે. સ્ત્રી સાદા પણ સ્વચ્છ પોષાકમાં હતી. યુવકે એક સિગારેટ પૂરી થતાં બીજી સળગાવી અને ખુરશીમાંથી છલંગ મારીને ઉઠતાં તે સ્ત્રીની પાસે ગયો. તેણે કહ્યું—અલક, આજ હું પંદર દિવસથી જોયા કરૂં છું કે તું જાણે મારી સામે ડોળા કાઢીને મારો તિરસ્કાર કરે છે. આવી રીતભાત હવે નહિં ચાલે.

અલક—તમે હમણાં હમણાં છીંકતે છીંડાં પાડો છો. હું તો કાંઈ ડોળા કાઢતી નથી. તમે કહો છો તેમ તમારી સેવા બજાવ્યા કરૂં છું.

પુરુષ—ત્યારે લગભગ અર્ધા કલાકથી હું જોઉં છું કે તું એક પણ શબ્દ બોલ્યા વિના અહિં બેસી રહી છે. શું મને "ડર્બીની લૉટરી"માં ઇનામ મળ્યું તે તારાથી સહન નથી થતું? તારે માટે મેં ઘરેણાં, લુગડાંલત્તાં બધુંયે ખરીદયું. એટલુંજ નહિં પણ આજ પંદર દિવસમાં આપણે છ સાત નાટકો જોયાં. મોટરો, ઘોડાગાડીઓ વગેરેમાં બેસીને લ્હેર મારી અને હજીયે મારીશું. આમ દરેક પ્રકારે તને ખુશી કરવા હું યત્નો કરૂં છું પણ તું ક્યાં ધ્યાન આપે છે?

અલક—પૈસા મળે એટલે મોજશોખમાંજ ઉડાવવા એ સિદ્ધાંતજ મને પસંદ નથી. તમે મારા પતિ છો એટલે જે હુકમ મને

ફરમાવશો તે પ્રમાણે વર્ત્તવાની મારી ફરજ છે પણ મને અંતરથી તો એ પસંદ નથી. જો આમને આમ ચાલે તો હું ખાત્રીથી કહું છું કે ચાર પાંચ મહિનામાં તમારા એ બધાયે રૂપીઆ પાણી થઈ જાય !

પુરુષ—આઇ સી, (સમજ્યો,) ત્યારે તું તો મોટી ધર્મની પૂછડી થવા માગે છે. વેરી વેલ (બહુ સારૂ) તો કાલથી મંદિરમાંથી એક શાસ્ત્રીબાવાને બોલાવીને આપણા મકાનમાં એક બાજુ હરિકથા કહેવરાવવી શરૂ કરો. આજ જેમ એક બાજુ રાતના આનંદ અને લ્હેર ઉડાવાશે તેમ આવતી કાલે બીજી બાજુ હરિકથા થશે. હું શરત બકું છું કે જો જાહેર પ્રજાને આ બેમાંથી કિયું પસંદ છે એમ પૂછીશ તો મોટો ભાગ મારી સાઈડમાં (મારા પક્ષમાં) ભળશે. મતલબ કે દુનિયામાંથી કશું લઇ જવાનું નથી. બધુંયે અહિંનું અહિં મૂકી જવાનું છે તો પછી કેમ આનંદ ન કરવો ?

અલક—હું તમને વધારે કહીશ તો તમે ગુસ્સે થઇને મને મારવા આવશો પણ જ્યારે તમેજ કહો છો કે દુનિયામાંથી કશું લઈ જવાનું નથી ત્યારે જે સાથે લઇ જઇ શકાય એવી વસ્તુ એટલે કે ધર્મ, પુણ્ય એનો શા માટે ભંડોળ કરતા નથી ? એ જરૂર સાથે આવશે. આ રંગરાગ સાથે નહિ આવે પણ હરિભજન સાંભળ્યાનું પુણ્ય સાથે આવશે.

પુરુષ—હા, હા, હા, તું અને મધર (મા) બન્ને જણાં કાંઈ હમણાં અજબ જાતની ટકટક કરો છો. હું એની ક્યાં પરવા કરૂં એમ છું? આઈ કેર નોટ-મને દરકાર નથી. એટલું કહી તે યુવક એ ઓરડામાંથી જતો રહ્યો. વાંચકને શંકા થશે કે અલક સાથે વાતચિત કરનાર હિમ્મતલાલ તો નહીં હોય? એ શંકા ખરી છે.

એ હિમ્મતલાલજ છે. આજ ૨૫-૩૦ દિવસ ઉપર તેને ડર્બીની લોટીમાંથી રૂા. ૧ લાખનું ઇનામ મળ્યું હતું. પોતાની ૪૦ રૂા.ની નોકરીને તેણે લાત મારી હતી. મોજ શોખને તેણે બાથમાં લીધી હતી. પોતાની રૂા. ૧૨ની ખોલીને તેણે રામ રામ કર્યા હતા. અને એકદમ વાલ્કેશ્વરની ઉપર એક બંગલો રૂા. ૩૦૦ના માસિક ભાડાથી લીધો હતો. નોકરો રાખ્યા હતા. રસોઇ માટે ભટ રાખ્યો હતો. મોટર પણ ખરીદી હતી અને ટુંકમાં કહીએ તો એક શ્રીમંતને લગતો બધો ઠાઠ તેણે રચી દીધો હતો. ઉપરાંત દરરોજ તે રાતના નાટક ચેટકોમાં જતો અથવા તો સિનેમેટોગ્રાફ જોતો. રોજ મોડો આવતો અને પૈસા પાણીની માફક ઉડાવતો. તેની માતા અને પત્નીને આ વાત ગમતી નહિં. દુઃશિલા તેને દરરોજ ટોકતી પણ તે ગણુકારતોજ નહિં. "તમે ગામડીઆં શું સમજો ?" એમ કહેતો. જે દુઃશિલાએ અલકને દુઃખ દેવામાં બાકી મૂકી નહોતી, તેને આજ તેનો પુત્ર પૈસાના મદથી જરાકે ગાંઠતો ન હતો; વારંવાર સામું બોલતો એટલુંજ નહિં પણ તેને "ડોસી" નામથીજ સંબોધતો. અલકે અન્ય સ્ત્રીઓની માફક દુઃશિલા ઉપર પોતાનું વેર લીધું નહિં. તે પોતાની મૂળનીજ રીત મુજબ તેની તાબેદારી ઉઠાવતી અને સાસુને ટુંકાર સરખોયે કરતી નહિં.

દુશિલાનું મન પુત્રનું ઉડાઉપણું દૂર કરવા તરફ દોરાયું એટલે અલક સાથે કંકાસ કરવાનો તેને આવકાશજ ન મળ્યો. વારંવાર સામું બોલતા કઠોર પુત્ર કરતાં તે સેવા ઉઠાવનારી અને ગરીબ ગાય જેવી પુત્રવધુ ઉપર જરાક વધુ પ્રીતિ રાખતી. હરહંમેશ તેઓ હિમ્મતલાલના ઉડાઉપણા માટે ને મિજાજીપણા માટે એક બીજા

વચ્ચે ફરિઆદ કરતાં અને તેનો કાંઇ ઉપાય કરવો એવી તજવીજમાંજ રહેતાં. હિમ્મતલાલના મિત્ર રસિકની પાસે તેમણે પોતાની ચિન્તાની લાગણી જાહેર કરી હતી અને તેણે લાગ જોઇને આ બાબતમાં હિમ્મતલાલને સમજાવવાનું કબૂલ કર્યું હતું પણ હજી સુધી હિમ્મત સુધર્યો ન હતો. પૈસાના મદમાં જે અંધ થાય છે તેને પ્રતિકૂળ વાત કહેવા જતાં તનના મિત્રને બદલે શત્રુ થવું પડે એમ રસિક જાણતો અને તેથી તે હમેશાં લાગ જોઇને હિમ્મતલાલને ઉપદેશ આપતો. આજ હિમ્મતલાલે પોતાને લૉટરી મળ્યા બદલ ખુશાલીમાં મિત્રોનો મેળાવડો કર્યો હતો "જર ચાહે સો કર" "પૈસો દેખી મુનિવર ચળે" એ કહેતીઓ અનુસાર કોઈ ખુશામતિઆઓ, કોઈ લાલચુ, કોઈ સ્વાર્થી એવા મિત્રો સાત આઠ દિવસથી તેને ત્યાં આવજા કરવાજ લાગ્યા હતા. એટલે આજના મેળાવડામાં એ મિત્રો, તેમના મિત્રો અને સગાંઓ આદિની હારકટાર મળીને કુલ ૬૦—૭૦ માણસો આવનાર હતાં. ગોવિંદજી વસનજી મિઠાઈવાળાને જુદી જુદી મિઠાઇઓ આણવાનો હુકમ અપાઈ ગયો હતો અને તેનાં માણસો પણ આજ સાંજના હિમ્મતલાલના બંગલામાં આવીને બંગલાના પાછળના ભાગના દિવાનખાનામાં ટેબલો ઉપર જુદી જુદી વાનીઓ ગોઠવતાં હતાં.

લગભગ ૮ નો સુમાર થયો એટલે હિમ્મતલાલની માતા દુઃશિલા અલક પાસે ગઈ અને કહેવા લાગીઃ "વહુ ! કેમ આજ તેં એને કશું કહ્યું?" અલક "સાસુજી, મેં આજે કહ્યું કે આના કરતાં તમે પુણ્યદાનમાં, હરિકથામાં, પૈસા ખર્ચો તો સારૂં પણ તેમણે મને મશ્કરીમાં ઉડાવી અને જતા રહ્યા."

દુઃશિલા—અરે પ્રભુ ! મને પહેલેથીજ ખાત્રી હતી કે ખરાબ માર્ગેથી આવેલો પૈસો ખરાબ કામમાંજ વપરાશે. નીચ બુદ્ધિના પૈસામાંથી કોઇ દહાડો સારી બુદ્ધિ ઉપજી સાંભળી છે ?

આમ તે કઢાપો કરતી હતી ત્યાં બીજી બાજુએ હિંમતલાલના મિત્રો આવવા માંડયા અને મોટા દિવાનખાનામાં " હા હા હી હી " અને ટોલટપ્પાં ચાલવા લાગ્યાં. આ બધા મિત્રોમાં પાંચ છ મિત્રો હિંમતલાલના ખાસ હતા. અને હિમ્મતલાલ દિવાનખાનાની બહારના કઠેરામાં ઉભો ઉભો તેઓ સાથે જાણે કાંઇ ગંભીર વાત કરતો હોય એમ લાગતું હતું. કેટલીક મસલત પછી એક નોકરને બોલાવવામાં આવ્યો અને હિંમતલાલે એક મિત્રને રૂા. ૫૦) આપી એ નોકરની સાથે તેને બહાર કાંઇક લેવાને મોકલ્યો. પરોણાઓને આનંદ આપવા માટે ફોનોગ્રાફમાં જુદાં જુદાં ગાયનો વગાડવામાં આવતાં હતાં અને એક ગવૈયાને પણ બોલાવેલો હતો. તે પણ વચ્ચે વચ્ચે ગાયનો ગાતો હતો. આમ થોડો વખત ગમ્મત ચાલુ રહ્યા પછી, સહુ જણાને પાછળના દિવાનખાનામાં લઇ જવામાં આવ્યાં અને ત્યાં જુદી જુદી મિઠાઇઓ, જે ટેબલો ઉપર ગોઠવાઈ હતી તેનો સ્વાદ લેવા તેમને વિનતિ કરવામાં આવી. કોઇક તો તે રાત્રે ઘેરથી જમ્યા વિનાજ આવ્યા હતા; કોઇકે ફક્ત બબ્બે આંગળીઓ જુદી જુદી વાની ઉપર મુકી તે ચાટી જોઇ; કો કે તો જાણે આવતીકાલે પણ એજ વાનીઓ મળે એ હેતુથી ખિસ્સાં ન બગડે એવી વસ્તુઓ ખિસ્સામાંજ ઓળવવા માંડી. કેટલાક આ "રિફ્રેશમેંટ" ચાખ્યા વિનાજ વાતો કરતા હતા અને કોઇકને પાછળથી કાંઇક ચાખવાનું મન થતાં તે વસ્તુ થઇ રહી હોય તો નિરાશ બનવું

પડતું. આમ હિમ્મતલાલના મેળાવડામાં 'રિફ્રેશમેંટ' ની ધમાલ પુરી થઇ એટલે ધીમે ધીમે બધા વેરાવા માંડયા. અર્ધા કલાક પછી બજારમાં નોકર સાથે ગયલો મિત્ર કેટલાક શિશાઓ લઇને આવી પહોંચ્યો અને તે શિશાઓ દિવાનખાનાની પાસે એક ઓરડામાં મૂકવામાં આવ્યા. જ્યારે ઘણા ભાગના મિત્રો વેરાઈ ગયા અને ફક્ત નક્કી થયલી મંડળીવાળા એટલે કે ૭–૮ રહ્યા ત્યારે હિમ્મતલાલે સહુને જાહેર કર્યું કે: મિત્રો, તમારામાંના કેટલાકની ખાસ ઇચ્છાને માન આપીને આજ મેં મદિરા દેવીની અહિં પધરામણી કરાવી છે. મેં મારા જન્મમાં પણ એ વસ્તુને હાથ અડકાડયો નથી પણ મારા મિત્ર મનોહરલાલ કહે છે કે–આપણી મોહમયીનગરીમાં આ દેવીની ઉપાસના ઘણા ધનવાનો કરે છે. કુત્સિતલાલ તેને ટેકો આપે છે. મી. ઉપાધીઆ નામના મારા એક બીજા મિત્ર એ વાત પોતાની અનુભવી આંખ નીચેથી પસાર કરે છે અને મી. શ્યામસુંદર તો એથી પણ આગળ વધીને મને કહે છે કે એ દેવીની સાથે તો સ્ત્રીઓના રંગરાગ પણ ચાલે છે. બીજી બધી સૂચનાઓ તો હાલ નહિં પણ મદિરાની સૂચના મેં પસાર કરી છે અને મી૦ વિનોદલાલને ધન્યવાદ ઘટે છે કે તેઓ એ ચીજ લઈ આવ્યા છે. માટે ચાલો આપણે તેનું ઉપાસન કરીએ.

વિનોદલાલને "મારો આભાર બોલીને માનવાની જરૂર નથી; ફક્ત મને એક આખી બાટલી ભેટ આપશો એટલે બસ" આ ઉપરથી સર્વે જણ હસી પડયા અને હિમ્મતલાલની હિમમતને ધન્યવાદ આપીને મજકુર ઓરડામાં ગયા. જે માણસે કદી પણ બદીનો રસ્તો લીધો નથી તે જ્યારે તે રસ્તાની શરૂઆત કરે છે ત્યારે હમેશાં ડરે છે. તે તેનાથી ડરે છે ? નેક માણસોથી

જેઓ પવિત્ર અને સન્માર્ગે ચાલનારા હોય છે. તેઓનાં વર્ત્તનથી લુચ્ચા લફંગાઓને મનમાં એક પ્રકારની શરમજ ઉપજે છે. આવી શરમ હિમ્મતલાલને આજ ઉપજી. દારૂ તેણે સ્વપ્ને પણ ચાખ્યો ન હતો પરંતુ તેના સ્વાર્થી મિત્રો કે જેમનાં નામ તેણે અગાઉ ગણાવ્યાં છે, તેઓના ચઢાવ્યાથી તેણે આ પગલું ભર્યું હતું પણ તેને, તેની માતા, તેની પત્ની અને તેના નેક મિત્ર રસિકની અંદરખાનેથી બ્હીક હતી. તેઓ કદાચ પોતાને આ ખરાબ કૃત્ય કરતાં જોશે તો કેવો ઠપકો આપશે? પોતાને તેઓ કેવો શરમાવી નાખશે? આ પ્રકારનો ભય તેના મનમાં ઉપજ્યો હતો આથી તેણે જે ઓરડામાં દારૂના શિશા મૂકાવ્યા, તે ઓરડામાં બધા ગયા પછી તેને બંધ કરાવ અને તેનાહ મિત્રોને જરાકે ગરબડ ન કરવાને ખાસ ચેતાવ્યા.

રસિક એ વખતે હિમ્મતલાલની માતા પાસે હતો. અને જ્યારે દિવાનખાનામાંથી બધા પરોણા જતા રહ્યા ત્યારે તે એ દિવાનખાનામાં આવી લાગ્યો. તે વિચારવા લાગ્યો કે હિમ્મતલાલ ક્યાં ગયો? કેમ જણાતો નથી? પાછલા દિવાનખાનામાં જોઈ આવ્યો તો મિઠાઈવાળાઓ પણ ગયા હતા. નોકરો પાસે ગયો તો તેઓ એકઠા મળીને કાંઈ મસલત કરતા જણાયા. તેણે હિમ્મતલાલ ક્યાં છે એમ પૂછ્યું એટલે જે નોકર શિશાઓ લઇ આવ્યો હતો, તેણે જવાબ આપ્યો: "ભઇશાબ, અમને ખબર નથી. અમે પણ એજ વિચાર કરીએ છીએ કે શેઠસાહેબ ક્યાં ગયા?" આ પ્રમાણે વાતચિત ચાલતી હતી ત્યાં "હુર્રે" એવો મોટો શબ્દ સંભળાયો. રસિક ચોંક્યો. આ શબ્દ તો આ મકાનમાંથીજ સંભળાયો! તે ઉપર આવ્યો. દિવાનખાનામાં તે આવ્યો એટલે તેને નીચેના શબ્દો

સંભળાયા: "અરે એમ કાંઇ ડરે ચાલે ખરૂં કે? શું કાંઇ એમના બાપના પૈસા છે? દોસ્ત, તારી મા, વહુ કે પેલો તારો ભાઇબંધ લગારે બોલશે તો એંહ..." કાંઇક ધબાકો થયો. મોટેથી હસવાના અવાજ સંભળાયા. ખુરશીઓ ખસેડાતી હોય એવા અવાજ થયા. રસિકે દિવાનખાનાની પાસેની ઓરડી આગળ જઈ બારણાં ખખડાવ્યાં. " કોણ છે? " એવો અંદરથી પ્રશ્ન પૂછાયો. રસિક–" ઉઘાડો " હિમ્મત–" નહિં ઉઘડે કાલે આવજે. મારે અત્યારે તારૂં કામ નથી."

રસિક: "પણ મારે છે ને?" એક બીજા અવાજે કહ્યું: "અરે જાય છે કે નહિં? જરાકે ડહાપણ કરીશ તો ઠોકીજ પાડીશું."

સમજુ રસિકે જોયું કે અહિં જરૂર કાંઇ ભયનો મામલો છે. માટે શું થાય છે તે જોયાં કરવું. જો કાંઈ ગંભીર બાબત બનશે, તો તે બાબતમાં પગલાં લેવાશે; આથી તે શાંતિ ધારણ કરીને અલક તથા દુઃશિલા હતાં ત્યાં ગયો; અને એક નોકરને બોલાવી જે ઘટના થાય તે જોયા કરવા અને બાતમી આપવા ચેતાવી રાખ્યો. ઉપરાંત જો કાંઈ તોફાન થાય તો દરેક નોકરને સાવચેતી રાખવા જણાવ્યું. પણ તેવું કાંઈ બન્યું નહિં. આશરે ૦ાા કલાક પછી આ સર્વ જણાઓ એકેએકે વિદાય થયા. હિમ્મતલાલે ચાર ભાડાની ગાડીઓ બોલાવરાવી અને દરેકમાં બબ્બે ત્રણ ત્રણ જણ બેસીને ચાલ્યા ગયા. કોઈ પણ જાતનું તોફાન થવા ન પામ્યું, તેનું કારણ હિમ્મતલાલની આ બદીમાં હજી તો શરૂઆતજ હતી, તે હતું. રસિકે અલકને આજ રાતના હિમ્મતલાલની સામે એકપણ શબ્દ બોલવો નહિં એમ કહી રાખ્યું અને તેની માતા

દુઃશિલાને પણ કહ્યું કે આવતી કાલે સવારના હું આવીશ પછી બધું થઇ રહેશે. દરમ્યાન તમે તેને કાંઈ કહેતાં નહિ.

જેમ મર્કટના હાથમાં મણિ આવતાં તેના હાલ હવાલ થાય છે, તેમ એક નિર્બળ મનના જુવાનને હાથ ડર્બીની સોટીનાં લાખો નાણાં આવતાં, તેનો સદુપયોગ થવાને બદલે આવોજ દુરૂપયોગ થાય છે !

પ્રકરણ ૯ મું.
વાંક કોનો ?

મધુરીની સાસુ ગુજરી ગયા પછી તેને તેની ખોટ બહુ પડતી હતી. ઘરમાં શોકયનું સાલ હતું તથા સસરા વૃદ્ધ હતા. કાન્તિરાયની તબિયતમાં રોગે ઘર ઘાલ્યું હતું. ઘરનો સઘળો બોજો કાન્તિરાયને શિર હતો. આવા વખતમાં સાસુના સ્વર્ગવાસ પછી ઘરનું કામકાજ મધુરી કરતી હતી. પણ તે સુંદરને કોઇપણ કામ બતાવતી ન હતી. જમવા વખત થાય ત્યારે તારા પાસે તેને બોલાવરાવતી હતી. સુંદર ઘરનાં કામકાજમાં જરા પણ મદદ કરતી નહિં હતી. તારાને દયા આવતી તેથી તે મધુરીને મદદ કરતી. તારાલક્ષ્મી એટલું સમજતી હતી કે “ પ્રભુએ મારે માથે દુઃખ પાડયું છે એટલે હું ભાભીની દબાયલી છું. તેમાં મા સ્વર્ગવાસી થઇ એટલે હવે ભાભી શિવાય કોણ મારી દાઝ જાણે તેવું છે ? તેમના તળે રહીને મારે હવે ગુજરાન ચલાવવાનું છે. અને દિ-

વસો સુખદુઃખમાં કાઢવાના છે" **મધુરી** તેને મનમાં જરા પણ ઓછું આવવા દેતી નહિં. તેના ઘરમાં **તારા** શિવાય બીજી નણંદો હતી પણ એક બીજાના મિજાજ ચઢિયાતા હત.

આ પ્રમાણે આ કુટુંબ સુખ દુઃખ વેઠીને દિવસો નિર્ગમન કરતું હતું.

સુંદર શોકય તો સાસુના સ્વર્ગવાસ થયા પછી બહુજ વિફરી હતી. **મધુરીનું** જાણે એરજ વાટતી હતી. તે શેઠાણીની પેઠે બેસી રહેતી હતી, અને **મધુરીને** ગાળો દેતી હતી. જો **મધુરી** સામો ઉત્તર આપે તો કલેશ કંકાસ થાય અને ઘરની આબરૂઈજત જાય. આથી **મધુરી** હમેશના પોતાના સ્વભાવ મુજબ સહન કરતી. એક દિવસ સુંદર બહાર ઓટલા ઉપર બેઠી હતી. કાન્તિરાય બહાર ફરવા ગયો હતો. તે બહારથી ફરીને ઘરમાં આવ્યો. તેણે પીવાને સારૂ ચાહ માગી એટલે ઘરમાં **મધુરી** હતી તેણે તેને એકલાને ચાહ કરી આપી. ચાહ પીધા પછી બન્ને વાતોમાં મશગુલ થયાં. ઘરમાં આવો કલ્લોલ સુંદરથી સહન થયો નહિં એટલે ઘુમટો તાણીને તે બરાડવા લાગી–"હાય હાયરે! શું કરૂં! મારાં માબાપે મને બાળી કેમ ના મૂકી? મારા કયાં ભોગ લાગ્યા કે મને આવા દુઃખમાં પરણાવી. તેમણે મારી જીંદગી બગાડી!" આવી રીતે રાગડા તાણીને તે રોવા લાગી. કાન્તિરાયથી આવા રાગડા સહન થયા નહિં. એટલે ગુસ્સો ચઢાવી તેને તે મારવા ઉઠયો. પણ મધુરીએ તેનો હાથ ઝાલીને બેસાડયો અને કહ્યું–તમે જુઓ છો આવી રીતે તે રાગડા તાણીને ફળિયાનાં લોકોને ભેગા કરી ઘરની ઈજત ખુવે છે. તે આવી રીતે ઘણું ખરૂં કરે છે. પણ હું સહન કરૂં છું. માટે તમે કાંઇ બોલશો નહિં ને શાન્ત થાઓ. બહારથી આવીને

તમે ચાહ માગી. અને મેં તમને કરી આપી પણ તેને બોલાવી નહિં તેથી તે આમ કરતી હશે એમ હું માનું છું." કાન્તિરાયે બહાર નજર કરી જોયું તો ફળિયાનાં બૈરાં એકઠાં થયાં હતાં. એક સ્ત્રી સુંદરને પુછવા લાગી "અલી સુંદર, તને શું થયું છે? તારાં ઘરડાં મા ગુજરી ગયાં છે કે શું? ત્યારે કેમ રૂએ છે? એટલે સુંદર તેની સાથે વઢવા લાગી.–"તારી મા મરી જાય નહિં? મારી મા તો હજી જીવે છે." એજ બીજી સ્ત્રી બોલી –"ત્યારે છેડો કેમ વાળે છે.?" એક ટીખળી સ્ત્રી બોલી "તેની સાસુ મરી ગયાં છે. તેમનું હેત સાંભરી આવ્યાથી રડે છે."

આ સાંભળી સુંદર તડુકી ઉઠી "રૂવે નહિં તેની તારા અને પેલી મધુરડી! મારે શું છે?" આમ ફળિઆની સ્ત્રીઓ સાથે સુંદર વઢવા લાગી. એટલે ફળીઆનાં છોકરાં "ગાંડી! ગાંડી!" એમ બૂમો પાડવા લાગ્યાં. સુંદર વધારે ચીડાઈ અને કંઇને કંઇ બકવા લાગી. કેટલીક મૂર્ખ સ્ત્રીઓ આજ સુધી મધુરીનો વાંક કાઢતી હતી પણ હવે તેમને ખબર પડી કે સુંદરજ જાતે નઠારી છે. ઘરમાં સુંદરનો પતિ તેની આ ચાલચલગતથી ઘણોજ ચિડાયો હતો. તેને વારીને મધુરીએ દાબી રાખ્યો હતો.

સુંદરના આજના તોફાનને ને ફેલફીતુરવેડાનો બદલો તેને મારીને આપવાનો કાન્તિરાયનો વિચાર હતો પણ મધુરીના અટકાવ્યાથી તે કાંઇ બોલ્યો નહિં એટલે કાંઇ વધારે ફજેતો નહિં.

એ પછી કાન્તિરાયે આજ સુંદરને નજ બોલાવવી એવો નિશ્ચય કરી જમી લીધું અને ઘરનાં બધાંને જમવાનું ફરમાવી દીધું. બહાર વઢતી ઝઘડતી થાકી ગયલી સુંદરે જોયું કે જમવાનો વખત થયો પણ મારો કોઇએ ભાવ પૂછ્યો નહીં. આથી તે ઘરમાં

આવીને કકળાટ શરૂ કરવાની તૈયારીમાં હતી. તેવામાં મધુરીને દયા આવવાથી નોકરને મોકલીને જમવા વખત થઈ છે એમ ખબર અપાવી. બધાં જમી રહ્યાં હતાં અને તે એકલીજ બાકી હતી તે જોઇને તે બુમ પાડી ઉઠીઃ કેમ મને મોડી બોલાવી?"

મધુરીઃ તે એમને પુછો. હું કશું જાણતી નથી.

સુંદરઃ એમને તે કોને વળી ? હું તો તને પુછું છું.

કાન્તિરાયઃ ચાલ, નીકળ અહિંથી. બહાર ફજેતો કરી પરવારીને ઘરમાં ડહાપણ કરે છે? ખાવું હોય તો ખા નહિંતો ચાલતી થા.

સુંદર રડતી રડતી બોલવા લાગીઃ "ત્યારે મને જમાડશો યે નહિં સમજ્યાને ? તમારે ઘેર મારાં મા બાપે મારી નાંખવાજ મને મોકલી છે. મને કાંઈ સુખ જોવા માટે પરણાવી નથી. આજ કેટલા દિવસથી બધાં મારી પાછળ મંડયા છો તે મારો જીવ લેશો ત્યારે મને છોડશો, નહિં ? લ્યો, કહો તો કુવો હવાડો ગોઝારો કરૂં, "

કાન્તિરાય—ગરબડ કરવી મૂકી દે અને છાનીમાની જમી લે. મારા ઘરમાં કોઇને દુઃખ દેવાનું મેં ધાર્યુંજ નથી. તું કામ કરતી નથી અને બહાર નક્કામા ફજેતા કરે છે, તેથીજ તને આટલી શિક્ષા આજ કરી છે. હું તો આજ તને ખાવાનું નહોતો આપવાનો પણ આ બિચારી રાંકડીએ કહ્યું એટલે જવા દઉં છું. સીધે સીધી રીતે જમવું હોય તો જમી લે. નહિંતર બપોરની ગાડીએ તારા બાપને ઘેર રવાના થા, સમજી ?

સુંદર—લ્યો, ત્યારે હું નથી જમતી. ભૂખીને ભૂખી આજ જઇશ મારા બાપને ઘેર.—

કાન્તિરાય-"અને તે પછી આ ઘરમાં સુખેથી પગ મૂકવાની

આશા પણ રાખીશજ નહિં, સમજી? આજ જો મારી સાથે વઢીને ચાલી જઇશ તો પછી હું તારો વર પણ નહિં ને તું મારી વહુ પણ નહિં." એટલું કહી મધુરીને, સુંદર માટે થાળી પીરસી, તરતજ ત્યાંથી આવી જતી રહેવાનું જણાવી કાન્તિરાય જતો રહ્યો.

મધુરીએ તે પ્રમાણે કર્યું અને પછી એકલી સુંદરજ ત્યાં આગળ રહી. ઘરનાં બધાંએ આડાં અવળાં થઇ ગયાં. આસપાસ કાંઇ બાળવાની ચીજ ન હોય તો અગ્નિ એની મેળે શાન્ત થઇ જાય છે. આશરે ૦। કલાક વીતી ગયા પછી પણ ત્યાં કોઈ ફરકયુ નહિં એમ જોઇને, તથા પોતાને સખ્ત ભૂખ લાગી હતી તેથી સુંદરે નીચું જોઇને થાલીમાંથી જમીજ લીધું.

જમી રહીને તેણે એક પાડોશણને ત્યાં જઇ પોતાનો નિંદ્રાક્રમ ચાલુ કર્યો.

પ્રકરણ ૧૦ મું.

પત્થર ઉપર પાણી !

ભલે ધૂઓ સો મણ સાબુથી કાગ નહિં બગલો થાશે,
દુર્જન તે દુર્જન રહેનારો બોધ ભલે બહુ દેવાશે.

ધ. હી. ત્રિપાઠી.

જે રાત્રે હિમ્મતલાલે પોતાના મિત્રોને પાર્ટી આપી, તે રાત્રે મિત્રોના વિખરાયા પછી ફક્ત પસંદ કરેલા મિત્રો સાથે તેણે દારૂ પીધો, એ આપણે આગળના એક પ્રકરણમાં જોયું છે. દારૂને કોઇ દિવસ તેણે સ્વપ્નમાંયે હાથ અડકાડેલો ન હોવાથી અને તે દિવસે ધૂનમાં ને ધૂનમાં તેણે અચ્છી રીતે ગ્લાસ ઉઠાવવાથી, તે

બેશુદ્ધ થઈ ગયો. તેના મિત્રો એક એતે તેનાજ ભાડાના પૈસાથી ગાડીઓમાં બેસીને વિદાય થયા અને તે એકલો દારૂના શિશાવાળા ઓરડામાં લોથપોથ હાલતમાં પડી રહ્યો. રસિકલાલ તેના મિત્રોના જવા પછી, પોતાને ઘેર ગયો પણ તે તપાસ કરવી ભૂલી ગયો કે હિમ્મતલાલની શી સ્થિતિ છે ? બધાના જવા પછી નોકરો જ્યારે મકાન વાસવા ગયા ત્યારે હિમ્મતલાલને એ ઓરડામાં તેઓએ બેશુદ્ધ પડેલો જોયો.

હિમતલાલની માતાને નોકરોએ ખબર આપી અને તેણે તેને ઉંચકીને અલકના ઓરડામાં સુવરાવ્યો. રસિકનું ધારવું હતું કે-હિમ્મતલાલ એ રાત્રે કાંઈક તોફાન કરશે પણ તેમ બન્યું નહિં. તે રાત્રી, તેની માતા અને પત્નીએ ચિન્તામાં ગાળી.

બીજે દિવસે સવારના આઠ વાગ્યાને સુમારે રસિક સન્ત જેવા જણાતા એક યોગી સાથે હિમ્મતલાલને ત્યાં આવી પહોંચ્યો પણ તે વખત તે જાગેલો નહતો. અલકે તેને અથેતિ સહુ બિના કહી સંભળાવી. સાધુ મહારાજ કોઇ સામાન્ય વૈરાગી કે બાવા જેવા નહતા પરંતુ એક જ્ઞાનવાન યોગી હતા. રસિકે, હિમ્મતને કાંઇક સદ્‌બોધ આપવાના હેતુથી આ યોગીને અત્રે આણ્યા હતા. પોતાને તેમની ઉપર ઘણી શ્રદ્ધા હતી. હિમ્મતલાલ ઉઠયો નહતો એટલે સાધુ મહારાજ એક બીજી ઓરડીમાં બેઠા અને તેમની આસપાસ રસિક, અલક અને દુઃશિલા બેઠાં. રસિકે કહ્યું. ગુરૂદેવ, કોઇ પણ ઉપાયથી મારા આ મિત્રને સારે રસ્તે લાવવો જોઇએ. તેનો મૂળ સ્વભાવ લેશ પણ ખરાબ નથી પણ પૈસો એકદમ મળ્યા પછી અને માથે કોઇનો અંકુશ ન હોવાથી તે આમ તેનું પાણી કરી નાંખે છે.

ગુરૂઃ બેટા, યુવાની ઉન્માદિની છે. ધન એ લલચાવનારી એક સ્ત્રી જેવી વસ્તુ છે. ઉન્માદિની યુવાની સાથે એ લલચાવનારી સ્ત્રીનો સંયોગ થયો એટલે અવશ્ય ખરાબ કૃત્યો થાય છેજ. જે માણસ એક ખરાબ ટેવને વશ થયો તે કદાપિ અધવચમાં સુધરશે નહિં. તે જ્યારે પૂરેપૂરો દુઃખી થશે ત્યારેજ પસ્તાશે. જગતનો આજ નિયમ છે. અમે તો એમ માનીએ છીએ કે—એક દુર્જનને બધાંયે ખરાબ કામ કરવા દેવાં. તુ આ કહેવાથી અજબ થશે પણ હું એક નાનોજ દાખલો આપીશ. પકવાનની ભરેલી થાળ આગળ એક ભૂખ્યા માણસને બેસાડ અને બે ત્રણ ગ્રાસ તે ભરે તે પછી તેને એકદમ ઉઠી જવાને કહે. તે કદિ નહિં ઉઠે. દુર્જનનું આમજ સમજવાનું છે. ખરાબ માર્ગે ચઢેલાને પ્રથમ એ માર્ગ ઘણોજ મોહક લાગે છે અને એ મોટાંપણામાં લપટાવાનું તો ત્યારેજ તજી દેશે કે જ્યારે તે ખત્તા ખાશે. આથી આ વિષયે ચઢેલા માનવીને સુધારવા માટે હું મને અશક્ત માનું છું. કાલના પ્રવાહનો નિરોધ કરવા કોણ સમર્થ છે ?

અલકની આંખો અશ્રુથી ભરાઈ ગઈ. રસિક મુંઝાયો અને દુઃશિલા સાધુ સામે અજબ પ્રકારે જોઈ રહી. ગુરૂ મહારાજે અલક તરફ જોઈને કહ્યું: બેટા, તને દુઃખ થાય એ સ્વાભાવિક છે. પોતાનો પતિ ખરાબ માર્ગે ચઢે એ શુદ્ધ સાધ્વી સ્ત્રીને કદી પસંદ ન પડે; પણ તમે અબળાઓ ગમે તેવી બુદ્ધિશાલિની હો તે છતાં પણ કુટિલ માનવમન તમે ન પારખી શકો. તારો પતિ ખરાબ મિત્રોની સંગતમાં રહી એક સાક્ષાત પાપમૂર્તિ બન્યો છે. હું તેને બોધ આપીશ પણ ખાત્રીથી કહું છું કે તે મારા બોધનો જરૂર તિરસ્કાર કરશે.

આ વસ્તુસ્થિતિમાં મને જે માર્ગ બહેત્તર લાગે છે તે એ કે તમે જે નાણાં તેની પાસે રહે છે, તે તમારા સ્વાધીનમાં લ્યો. તે કદાચ નાણાં ન આપે તો જે તિજોરીમાં તે રહેતાં હોય તેની ચાવી તમારે સ્વાધીન રાખો અને જ્યારે પણ તે નાણાં માગે ત્યારે તે કયી દિશામાં ખર્ચવા માંગે છે તે જાણી લઈ, તેને સારી દિશાએ ખર્ચવા ખાસ આગ્રહ કરજો."

રસિકને પણ આ માર્ગ વાજબી લાગ્યો. આથી જ્યારે હિમ્મત ઉઠે ત્યારે તેને સમજાવીને તિજોરીની કુંચી તેની માતા પાસે રાખવા અપાવવા તેણે નક્કી વિચાર કર્યો. આશરે નવનો સુમારે થતાં હિમ્મતલાલ જાગ્યો. હજી તેનો નીશો બરોબર ઉતર્યો નહતો; પણ તેને કંઇક ભાન આવ્યું હતું. રસિક, ગુરૂ મહારાજ સાથે તેની પાસે ગયો.

રસિકે મહારાજની ઓળખાણ આપી, તેમના જ્ઞાનની પ્રશંસા કરી અને તેઓ વારંવાર સારાં વ્યાખ્યાન કરે છે, એમ જણાવ્યું. હિમ્મતલાલે તેનો કશો ઉત્તર દીધો નહિં એટલે ગુરૂએ કહ્યું "બેટા, આવા હાલ કેમ થઈ ગયા છે? શું કોઇ રોગથી પીડાય છે? તારા જેવા જુવાનને તો સવારના પહોરમાં ચાર વાગે ઉઠી નિત્યકર્મ કરી, કામકાજ ઉપર લક્ષ આપવું જોઇએ. ચાલ ઉઠ. આપણે કોઈ સારા વિષયપર વાત કરીએ.

હિમ્મત—રસિક...અત્યારે...તેઓને કહે કે...કાલ આપણે વાત કરીશું. મને ફુરસદ નથી—

એટલું કહી તે પુનઃ સુઈ ગયો. સાધુ મહારાજે રસિકને જણાવ્યું કે "એને આમને આમ પડી રહેવા દો. હજી એને ભાન આવેલું

નથી. અને બીજા બે ચાર કલાક તે નિદ્રા લેશે તે પછી પુરતી શુદ્ધિમાં આવશે. હું સાંજરે આવીશ." આ સલાહથી હિમ્મતલાલને સુતેલો રહેવા દેવામાં આવ્યો.

સાંજે જ્યારે ગુરૂમહારાજ આવ્યા ત્યારે હિમ્મતલાલ અગાશીમાં ફરતો હતો. તેને તેમણે ઘણાજ ઠાવકા શબ્દોમાં નમ્ર ઠપકો આપી, દારૂ જેવા નીશાનું સેવન બંધ કરવા જણાવ્યું. રસિકે તેને કહ્યું: તારા જેવો એક યુવક આ પ્રમાણે કુમાર્ગે જાય એ બિલકુલ શોભાભરેલું નથી. તારી માતાનો, તારી પત્નીનો, અને તારી નાતજાતનો તારે વિચાર કરવો જોઇએ.

હિમ્મત—મારો તો વિચાર નહોતો પણ બધાયે કહ્યું કે એ પ્રમાણે બધેયે થાય છે. તો પછી શો વાંધો હોય એમ ધારી મેં મંગાવ્યો હતો.

ગુરૂ—અને તેનું પરિણામ તેં જોયું? તારા પૈસાથી આનંદ ઉડાવી, તેઓ રસ્તે પડયા અને આજ બપોર સુધી તું બેશુદ્ધ રહ્યો. એ તો ઠીક છે કે તેઓએ તારી પાસેથી તારી એ હાલતમાં કશું લખાવી ન લીધું: નહિંતર મોટી નાણાંની રકમ તેઓને આપવાના કરાર ઉપર તેઓએ સહિ કરાવી લીધી હોત અથવા તો તારી તિજોરીની ચાવીઓ તારી આ બેભાન હાલતમાં તારી પાસેથી લઇ લીધી હોત તો? પ્રથમ દિવસ હતો એટલે તેઓએ આમ કરવું એ ઉતાવળનું પગલું ગણાશે એમ ધારી કશું કર્યું નથી, એ હું ખાત્રીથી માનું છું; પણ દિવસો જતાં તેઓ તને અવશ્ય ખુવાર કરશે.

હિમ્મત—હવેથી હું એ માર્ગે નહિં જવાનો પ્રયત્ન કરીશ. પણ હું ખાત્રી આપી શકું નહિં. કારણ એ લોકો કંઇ એવી વાતો કરે છે કે જે ન કરવાનું આપણે ખાળી શકતા નથી.

ગુરૂ—તો બેટા, એવા મિત્રોને એકદમ તજી દે. તેઓ જાણી જોઇને તને લુબ્ધ બનાવે પણ તારે બનવું ન જોઇએ. આ સંસારમાં સ્વાર્થીઓ ઘણા હોય છે. નિઃસ્વાર્થી તો કોઇકજ વિરલ હોય છે. તારા હિતને માટે મારૂં ખાસ તને કહેવું છે કે એ મિત્રો સાથેથી તું પરિચય એકદમ બંધ કર; અને તારી પોતાની સલામતિને ખાતર તારા ઘરની તિજોરીની ચાવી તું તારી પાસે ન રાખ.

હિમ્મત—ત્યારે ક્યાં રાખું? તિજોરીની ચાવી તે કાંઈ રઝળતી મૂકાય?

ગુરૂ—એમ કોણ કહે છે? ઘરમાં કોઈ સાચવનારૂં નથી? તારી પત્ની, તારી માતા એ બધાં છેને? તેઓમાંથી ગમે તેને આપ, અને જ્યારે તારે કાંઈ જોઈએ ત્યારે બેલાશક તેઓની પાસેથી લઇ લેજે. તારી માતા એ ચાવીનું સારી પેઠે જતન કરશે અને તને ખાસ લાભ બીજો એ થશે કે કોઇવાર આડે માર્ગે પૈસા વાપરવા તારો વિચાર હશે તો તેની પાસે ચાવી માગવા જતાં, તેના મૃદુ મધુર અને મમતાળુ ઉપદેશથી તને સન્માર્ગે નાણાં ખર્ચવાનું મન થશે.

આ ઉપદેશની અસર સરળ સ્વભાવના હિમ્મતલાલ ઉપર થઈ અને તેણે ચાવી માતાને આપી દીધી. એ દિવસ પછી ગુરૂમહારાજ દરરોજ સાયંકાળે ત્યાં આવતા અને હિમ્મતલાલની માતા અને તેની પત્ની આગળ પુરાણો અને એવા બીજા ધર્મગ્રંથોમાંથી કથા કરતા.

થોડાક દિવસ આ કથાઓ વખતે હિમ્મતલાલ, પોતાના મિત્ર રસિક સાથે બેઠો પરંતુ ધીરે ધીરે તેણે એક બે દિવસનો ગાળો પાડવા માંડયો. આ જોઈને ગુરૂએ માનવજીવનની અસ્થિરતાના સંબંધમાં અને દૃઢ સંકલ્પ કરવાની ટેવ પાડવાના સંબંધમાં સામાન્ય રીતે કેટલોક ઉપદેશ દેવા માંડયો; પણ અસ્થિર મન તે કથામાં બહુવાર ટક્યું નહિ. તોપણ તે પોતાના એ લલચાવનારા મિત્રો સાથે ઘણી વાર ભેળાતો નહિં. મિત્રોએ નવી યુક્તિ રચી. દારૂથી કેફ ચઢે છે એમ હિમ્મતલાલ કહેવા લાગ્યો ત્યારે તેઓએ તેને જુગારમાં ફસાવ્યો. એક મકાનમાં કલબ જેવી એક સંસ્થા સ્થાપી તેઓએ જુગાર ખેલવા માંડયો. શરૂઆતમાં હિમ્મતલાલને થોડીક કમાણી કરાવીને પછીથી કેટલાક દોસ્તદારો તેને કપટ કરીને હરાવતા. કોઈવાર હિમ્મતલાલ જીતે, કોઈવાર હારે એમ ચાલ્યું જતું અને કોઈવાર તે દૂર રહેતો. કોઈવાર ખૂબ ખેલે એમ પણ થતું. દારૂ કાંઇ તદ્દન છૂટયો નહતો. એને તો પવિત્ર મદિરાદેવી કહીનેજ મિત્રો બોલાવતા અને તે જ્યાં રજુ થાય ત્યાં તેનું અપમાન કોઇએ ન કરવું જોઇએ એમ દલીલ કરતા. આથી હિમ્મતલાલ જરાક લેવામાં શી હાનિ છે? એમ મનમાં પ્રશ્નો કરીને પીતો પણ ખરો.

આ રંગ એકાદ માસ ચાલતાં, કલબના મકાનમાં એક ગાનારી નાયિકાની પણ અવરજવર થવા લાગી. રાત્રિના બાર બાર અને બબ્બે વાગ્યા સુધી ગાનતાન ચાલુ રહેતાં. વચ્ચે મદિરાપાન પણ થતાં અને જાણે જગતનું સર્વસ્વ સુખ–જગતની આખી બાદશાહી, આ બદીથી વીંટળાયલા મકાનમાંજ આવી ગઇ હોય તેમ લફંગાઓ જામ્યા રહેતા.

અલકને હિમ્મતલાલ એમ કહેવા લાગ્યો કે મારા એક મિત્રે નાટકકંપની કાઢવાનું નક્કી કર્યું છે, તે તેને ત્યાં રાતના રોજ "રિહર્સલ' થાય છે, તેમાં હું જરા રોકાઉં છું. બીજી કાંઈ બાબત નથી. રસિકને અલકે ખબર આપી કે-કેટલાક દિવસથી રાતના ઘણુંખરું મોડું આવવાનું થાય છે. અને દારૂ પાછો ચાલુ થયો હોય એમ લાગે છે.

"પૈસા ક્યાંથી આણે છે?" રસિકે પૂછ્યું.

"થોડા દિવસ ઉપર સાસુ પાસેથી પોતાના એક મિત્રને એક ધંધામાં મદદ આપવા માટે તેઓ એક મોટી રકમ લઇ ગયા હતા. એ પછી કાંઈ લઈ ગયા નથી."

"ત્યારે એજ પૈસામાંથી બધું ધાંધલ પાછું શરૂ થયું છે. ગુરૂમહારાજનું કહેવું મને અક્ષરશઃ ખરૂં લાગે છે કે-ખરાબ માર્ગે ચઢેલો માણસ ગમે તેટલા બોધ અને ગમે તેટલા પ્રયત્નથી ઠેકાણે આવતો નથી પરંતુ જ્યારે તેને મોટી ઠોકર વાગે છે ત્યારેજ તે પોતાની મેળે સમજે છે."

અલક—"ત્યારે શું તેઓ કદાપિ હવે સુધરી શકશે નહિં?

રસિક—શાંતિ રાખો. એમ ગભરાવાની જરૂર નથી. આપણે બહુ યત્નો યોજીશું."

અલકનું મન હવે કોઇપણ પ્રકારે પતિને સુધારવો, એ બાબત પાછળ લાગ્યું. એક દિવસ રાતના જ્યારે હિમ્મતલાલ ઘરમાં આવ્યો ત્યારે અલકે કહ્યું: વહાલા, તમે તમારા બધા મિત્રોનું કહેવું સાંભળો છો, ત્યારે મારૂં કહેવું સાંભળશો કે નહિં?

હિમ્મતલાલ: શા માટે ન સાંભળું? બોલ, તારે શું જોઇએ

છે? સાડીઓ, પોલકાં, બંગડીઓ, ચણીઆ, કે એરીંગ, લવંગીઆં, મોતિનો હાર કે પછી શું જોઇએ છે?

અલક—મારે જોઇએ છે તે એમાંનું કશું નથી. મારે માગવાનું છે તે આપની નિર્મળ પ્રીતિ અને નિર્મળ મન. આપ જો શુદ્ધ મન રાખીને કામકાજ કરો તો મારે કશું નથી જોઈતું.

હિમ્મતલાલ—એટલે વળી શું? મન તો શુદ્ધજ છે! હું કાંઈ કોઇ બીજી સ્ત્રીને પરણવાનો નથી.

અલક—તમે પરણવાના નથી શું? પરણ્યા છો. જુઓ, મદિરાને તમે પહેલા પરણ્યા છો પછી જુગટું રમવાની ટેવને પરણ્યા છો અને તે પછી—હું નહિં કહું.

હિમ્મતલાલ—ગાંડી રે ગાંડી. એમાંનું કશું હવે હું કરતો નથી. આ હું રાતના મોડો આવું છું તે ઉપરથી તું એમ કહે છે ને? મારા દોસ્તદારને ત્યાંજ હવણાં તો પેલી નાટકકંપનીની તૈયારીઓમાં રોકાયલો રહું છું.

અલક—એ કામ દિવસે ન થાય?

હિમ્મત—દિવસે એને નવરાશ નથી મળતી; અને બીજા મિત્રો પણ રાતના નવરા હોય છે.

અલક—એ બધું મને બનાવવા માટે તમે બોલો છો પણ રહેવા દો એ મશ્કરી અને આજે હું તમને એક ગાન સંભળાવું તે સાંભળો. જો, જો, પછી મને એનો સાર કહી જવો પડશે, હોં?

હિમ્મત—ત્યારે તું પણ એક સુંદર ગાનારી છે! ભલે, મને સાર કહી જવામાં બાંધો નથી. ચલાવ ત્યારે.

અલક એક સુંદર ગાન ગાવા લાગી: તેનો ભાવાર્થ નીચે

મુજબ હતો: હે વનવાસી સુંદર પક્ષીરાજ! તને દિનરાત જોવાની મને ઇચ્છા રહે છે. તારી સુમધુર વાણી મને શિખવ. તારી પ્રેમશૃંખલાથી મને બાંધ, હે પક્ષીરાજ! હે નાથ! તું વનની આશા મૂકી દઈને મારા હૃત્પિંજરમાં ચિરકાલ વાસ કર. જો, મારૂં વિકસિત યૌવન, મારૂં સુંદર શરીર, મારા પ્રાણ, મારી આશા સર્વસ્વ હું તને અર્પણ કરૂં છું. પક્ષીરાજ તારૂં મધુર ગીત શ્રવણ કરતાં મારૂં મન આનંદ પામે છે. જો તું મારી પાસે આવીને રહીશ નહિં તો મને ભારે મર્મવેદના થશે. એ વેદનાથી હું આ સંસારરૂપ કારાગૃહ છોડીને જતી રહીશ.

હિંમતલાલ—વાહ શું સુંદર ગાયન? એ ક્યાંથી શીખી?

અલક—પણ હજી તો બાકી છે. તમે વચમાં ક્યાં બોલો છો, પાછા?

હિંમતલાલ—વારૂ. વારૂ. ગા ત્યારે.

અલક: પક્ષીરાજ! મારૂં મન અહર્નિશ તારા પ્રેમથી ભરપૂર છે. મારા મનમાં સતત તારૂંજ ધ્યાન છે. તને પકડીને આ હૃદયપિંજરમાં પુરી રાખવો એવી મારી ઉત્કટ ઇચ્છા છે. તને કેટલી વાર વિનવું? તું ઉડીને દૂર ન જઇશ. તારૂં દર્શન મને નહિં થાય તો હું એકલી અટૂલી વિરહાનળથી બળી મરીશ. પણ હા પક્ષીરાજ! તું નિષ્ઠુર મનનો છે? તને વનવન રઝળવું બહુ ગમે છે! જેમ જેમ હું તારા ઉપર વધુ પ્રેમ ઉપજાવું છું, પ્રેમશૃંખલાથી જકડવા માંગું છું, તેમ તેમ તું દૂર ઉડતો જાય છે! અરે કેટલો કઠણ કાળજાનો છે તું? અરે, કોમળ હૈયાંને દુઃખ દેવામાં કેવું પાપ કરે છે તું? હા! પ્રેમ

વિહ્વલ નિર્દોષ હૃદયને આકુળવ્યાકુળ કરાવવામાં કેટલી નિષ્કાળજી ભરેલી રીત દાખવે છે તું ? પક્ષીરાજ શું પ્રેમજાળ તોડીને જઇશજ ? તને દયા નહિં આવે ?—

હિંમતલાલ—કેવું દયા ઉપજાવનારૂં ગાયન છે ? અલક ! આ ક્યાંથી શીખી ? ખરેખર, મારા મિત્રો આગળ આ ગાયન તારે એકવાર ગાવું જોઇએ !

અલક—શું તમારા મિત્રો આગળ હું ગાઉં ? કેવું અવિચાર ભરેલું બોલો છો ? પણ તમે એ વાત પછી કરજો. મારૂં ગાયન કેવું લાગ્યું ?

હિમ્મત—પૂરૂં થયું ?

અલક હા,

હિમ્મત—બહુ સુંદર ગાયન; અહાહા ! આ વખતે જો એકજ પ્યાલો—

અલક—શેનો ?

હિમ્મત—દુધનો. એકજ પ્યાલો દુધનો કે પછી શરબતનો મળે તો કેવો આનંદ પડે ?

અલક—પ્રિયતમ, શા માટે તમારી લાગણી છુપાવો છો ? પ્યાલો તમે દુધનો નહોતા માગતા. તમે તેજ અપવિત્ર વસ્તુને અત્યારે સંભારી કે જે આ ઘરબાર અને તમારી સંપત્તિને એકવાર ફુંકાવી મૂકશે. એજ મલિન વસ્તુ એક વાર તમારી જીવનવેલને કષ્ટ કરનારી થઇ પડશે. કહો, કહો, એક વાર મને સાચું કહો કે એ વસ્તુ તમે તદ્દન છોડી દીધી છે કે નહિં ? વ્હાલા તમારા પગે પડું છું. તમને વિનવું છું કે એકવાર પવિત્ર ઇશ્વરના

સોગંદ ખાઇને પ્રતિજ્ઞા નહિં લ્યો કે એ દુષ્ટ વસ્તુ હું કદી નહિં પીઉં ?

હિમ્મત—પણ તું નાહક શું કરવા કરગરે છે ? હમણાં હું એવી ચીજ લેતોજ નથી. પ્રતિજ્ઞા તો કેમ લઇ શકાય ? કાંઇ હું ઓછો ધર્મરાજ યુધિષ્ઠિર છું ? કોઈ બાબતમાં પ્રતિજ્ઞા લઇને બંધાઇ તો નજ જવું, એવો મારો નિયમ છે.

અલક—ત્યારે મારી ખાત્રી થાય છે કે-તમે એ વસ્તુ લ્યો છો. એટલુંજ નહિં પણ અમને છેતરો છો. અરેરે ! એક વાર તો આ નમ્ર બાળા તરફ જુઓ ? હું તમારા માટે કહો તો મારા પ્રાણ આપું. કહો તો હું તમારી જે ઇચ્છા હોય તેમ વરતું; પરંતુ મારી આ એક વિનતિનો અનાદર ન કરો અને કૃપા કરીને પ્રતિજ્ઞા લ્યો કે-એ વસ્તુને નહિં અડકું." અલકે હિમ્મતલાલના, બન્ને પગ પોતાના કોમળ કરથી પકડી પોતાનું કોમળ શિર તે પગ ઉપર મૂકયું અને વારંવાર કહેવા લાગી કેઃ "મારૂં માનો, નાથ મને કૃતાર્થ કરો, હિમ્મતલાલને આ થી એકદમ કંટાળો ઉપજ્યો. પ્રતિજ્ઞા નજ લેવી એમ તેણે ધારી મૂકયું હતું. પત્નીની આટલી બધી વિનવણીથી તેનું મન તો એક બાજુ પીગળતું હતું પરંતુ તે શી રીતે પોતાના મિત્રો સાથેનો આનંદ એકદમ તુચ્છકારી શકે ? દારૂ પીવામાં પડતો આનંદ તે સાથે ગાનતાન કરનારી નાયિકાઓની ગમ્મત અને મિત્રોનાં બદીથી ભરપૂર ભાષણો તેને મીઠાં લાગતાં હતાં. તેમની લાલચ તે કેમ તરછોડી શકે ? જ્યારે કેટલીક વારે અલક ઉઠી નહિં ત્યારે હિમ્મત એકદમ તેને જોરથી તરછોડીને ઉઠયો અને એ ઓરડામાંથી જતો રહ્યો !

પ્રકરણ ૧૧ મું.

આંસુ કેમ ન પડે?

जो जीवनका लूंट चले सुख, अब मलते रहते है हाथ,
"बाबा" कहलाते पर रहती, विषय–वासना जिसके साथ;
देख किशोरीको हो जाते, जिनके आनन कूप स–नीर,
"धिःक धिःक" उन बुढोंकी मतिको रहे व्याहके लिये अधीर!

"मीर."

ભાવાર્થ:—જેના જીવનનું સુખ લૂંટાઇ ગયલું છે અને વાંકા વળી જવાથી જેના હાથ લબડે છે અને એક બીજાને અડકતા રહે છે, જે પિતા કહેવાય છે પરંતુ મલીનવાસના જેના અંતરમાં વસેલી છે, યુવતીને જોઇને જેના મોંમાં જાણે ખૂબ પાણી ભરાઈ આવે છે. એવા જે વૃદ્ધજનો લગ્નને માટે અધીર હોય છે, તેમને ધિઃક્કાર છે!

શિશિરકુમારની પુત્રી કિશોરીને તેની માતાના મરણ પછી જાણે દુઃખ પડવાની શરૂઆત થઇ હોય એમ થયું. તેની નવી માતા ઉન્મતિએ તેના સુખની કે દુઃખની લેશ પણ પરવા રાખ્યા વિના, પોતાના ઘરમાંથી તેને ગમે તે કરીને પણ દૂર કરવાના ઇરાદાથી ૫૫ વર્ષના એક વૃદ્ધ વર સાથે પરણાવી દીધી. ૮ વર્ષની કન્યકા કે જે હજુ તો લગ્ન એ શબ્દનો ખરો અર્થ સમજતી પણ ન હોતી તેને કોઇ જુવાન ઉમ્મરના વર સાથે પરણાવાઈ હોત, તો તો કાંઇ ઝાઝું

કહેવાતું ન હતું પરંતુ આતો જેમ સોટીં હોય અને જે આવ્યો તે તેનો વર એવો મામલો હોય તેમ ઉન્મતિને પોતાનો એક સગો યાદ આવ્યો અને તેની સાથે તે છોકરીનું તેણે ચોકઠું બેસાડી દીધું ! શિશિરકુમારની બુદ્ધિજ જાણે ઠેકાણે નહોતી એમ કહીએ તો ચાલે. તેને ઉન્મતિએ કાંઇનું કાંઈ આડું અવળું સમજાવ્યું અને તેણે તે માન્યું પણ ખરૂં. લોકોમાં તેમને માટે ઘણું ખોટું કહેવાતું. આ લગ્ન ન થયાં હોત તો સારૂં એમ ઘણાએ કહ્યું પણ તે નકામું નીવડયું.

આ રીતે ઉન્મતિએ કિશોરીને મનોરદાસ નામના પોતાના એક વૃદ્ધ સગા સાથે પરણાવવા પછી તે સગો કિશોરીને પોતાને વતન રાજનગરમાં લઇ આવ્યો. કિશોરીએ પોતાનું ઘર મૂકતી વખતે ઘણું આક્રન્દ કર્યું; અને કોઇને સાથે ન મોકલવામાં આવે તો લીલીને તો મોકલવીજ એવી હઠ લીધી. ઉન્મતિએ વિચાર્યું કે “ લીલી તે વળી મને એટલી બધી શા કામમાં આવે છે? ભલે જાય તેની સાથે.” તેણે લીલીને પણ સાથે મોકલવામાં હરકત જોઇ નહિં. રાજનગરમાં આવ્યા પછી કિશોરીને તેના વૃદ્ધ વરે સારાં સારાં વસ્ત્ર આણી આપ્યાં, કેટલાક દાગીના પણ ઘડાવવા આપ્યા. લીલીએ કિશોરીનું દુખદભવિષ્ય કલ્પી લીધું. “ આ ઘરડો ઘુઅડ બહુ તો ૬૦ વર્ષ જીવશે; કે પછી ૬૫ વર્ષ જીવશે; પણ તેથી શું ? જ્યારે આ છોકરીને યૌવનાવસ્થામાં પ્રવેશવાનો વખત આવશે ત્યારે આ માણસને સંસાર છોડી જવાનો વખત ! કેવું બિહામણું ભવિષ્ય ! શિશિરકુમારની સાન કયાં ગઇ હતી કે—આવી વાતને તેમણે સંમતિ આપી ? ” આમ લીલી દરરોજ વિમાસણમાં ઝુર્યાં કરતી. કિશોરીએ મનોરદાસને ત્યાં પગ મૂકયો

સારથીજ રડવાનું શરૂ કર્યું, તે કેમે કરીને બંધ ન પડયું. તેને લીલીએ સમજણ પાડી કે—" આ તારૂં સાસરૂં છે. એમાંજ તારાં સુખદુઃખ જોડાયલાં છે. માટે હવે એમ રોવાથી તારૂં શરીર બગડશે. ધીમે ધીમે તું દુનિયામાં કેમ વર્ત્તવું તે શીખ અને ડાહી થા." પણ એ કહેવું નક્કામું હતું. કિશોરીએ પોતાની નિશાળની બ્હેનપણીઓને હજી તો પરણ્યા વિનાની જોઈ હતી; અને કોઇના વિવાહિત વર પણ હજી તો ભણતા હતા. ઘણી સહીપણીઓના તો વિવાહજ થયા નહતા; અને કોઈકના સારા ભણેલા વર સાથે લગ્ન થયાં હતાં. કિશોરીએ પોતાને પણ પોતાની કેટલીક સહચારીઓની માફક કોઈ ભણેલો ગણેલો અને યુવાન પતિ મળશે એમ ધાર્યું હતું પણ તેને બદલે મોટો મૂછાળો, ધોળા વાળવાળો, બેસી ગયલાં ડાચાંવાળો દાંતબોખા વાળો અને મોટી પાઘડીવાળો વર પોતાને મળ્યો, એ એ જોઇને તેને અપાર દુઃખ ઉપજયા વિના રહ્યું નહિં. કિશોરીના દૃષ્ટિબિન્દુથી જોતાં, તેને એજ ગુંચવણ ઉપજી કે—આવો વર મને કેમ મળ્યો અને હું ધારતી હતી તેવો કેમ ન મળ્યો ? કિશોરી કોનો દોષ કાઢી શકે ? હતવિધિનો;—સાંસારિક રીતરિવાજનો; અવિચારી નવી માતાનો કે બુઢ્ઢા થવા છતાં હજીયે સંસારસુખ ભોગવવાની આશા રાખી પરણેલા મનોરદાસનો ?

મનોરદાસે લીલી દ્વારાજ કિશોરીને પોતાની ઉપર હેત ઉપજે એવી યુક્તિઓ શરૂઆતની કરવા માંડી. રાજનગર આવ્યા પછી પ્રથમજ દિવસે તેમણે લીલીને કહ્યું. " જો બાઈ, આતો હજી નાની છે. તું તેને સમજાવી પટાવીને તે આપણા ઘરમાં હળી જાય એમ કરજે. હું તને દર મહિને દશ રૂપીઆ પગાર મારી તરફથી આ-

પીશ અને તારે માટે પણ લુગડાં લત્તાં વરસમાં એક બે લઈ આપીશ. એ બિચારી મા વિનાની છે, તેથી મને એની દયા આવે છે અને તેથી એ રડે નહિં અને આપણે ત્યાં એને કશો ટોટો નથી કે કશું દુઃખ નથી એમ સમજે, એવું કરજે "

લીલીએ ઉત્તર આપ્યો: શેઠજી, તમારી મહેરબાની માટે ઉપકાર માનું છું; પણ જો મારી ઉપર ગુસ્સે ન થાઓ તો એક બે શબ્દ બોલું.

મનોરદાસ—બોલ ને? એમાં કશોયે વાંધો નથી.

લીલી—આપ શ્રીમંત છો. દિલના દયાળુ છો અને ઇશ્વરથી ડરીને ચાલો છો. તો મારો એજ પ્રશ્ન છે કે આપે આટલી નાની સરખી સ્ત્રી, આપની આ મોટી વયમાં કરી એ શું ઇશ્વરનો ગુન્હો નથી?

મનોહરદાસ હસીને બોલ્યો: હા, હા, હા, મેં ધાર્યું હતુંજ કે તું આજ વાત કહેવાની છે. પણ તારી ભુલ છે. મેં કશુંયે પાપ કર્યું નથી. એમ સમજ કે એક નવી માના ત્રાસથી મેં આ છોડીને બચાવી છે. તું જાણે છે કે હું કેટલાં વર્ષ જીવવાનો છું? મારૂં આયુષ્ય પુરાં ૭૫ વષનું છે. હજી મારામાં જુઆનીઆ જેટલુંજ કૌવત છે અને ઇશ્વિરની કૃપા હશે તો બધાંયે સારાં વાનાં થઇ રહેશે. બીજું આજ તો મને આ વાત કહી છે તો ભલે. પણ હવે એ વાત કરતી નહિં અને જે વહેલમાં બેસીને તું જાય છે તેજ વહેલના ગુણ ગાયા કરજે, સમજી?" **લીલીએ** આ ખોટી આશામાં ભમતા. માયાવી જીવ સાથે વધુ તકરાર પસંદ ન કરી.

મનોરદાસે ઘરમાં એક ભટ્ટ અને એક નોકર ખાસ કિશો-રીના આવ્યા પછી રાખ્યાં; આમ થવાથી કિશોરીને રાંધવાનું કે ઘરનું બીજું કામકાજ કરવું પડતું નહિં. તે કિશોરી પાસે કાલું કાલું બોલતો અને મૂછોના આંકડા ચઢાવીને હમેશાં ટટ્ટાર ચાલવાનો પ્રયત્ન કરતો. કિશોરી પાસે વધુ વખત બેસીને વાતોચિતો કરવા તે ઘણો ઉત્સુક હતો પણ કિશોરી બહુવાર સુધી લીલીને ન જુએ તો રોઇને ધાંટા પાડતી અને લીલી પાસે રહેવાની હઠ લેતી. તેને આ ઘરડા અજાણ્યા વર પાસે જવુંજ ગમતું ન હતું. મનોરદાસ વિચાર વમળમાં ગુંચવવા લાગ્યો. કે આમ ક્યાં લગી ચાલ્યાં કરશે? કોઈ પણ રીતે એ કિશોરીની હઠ મૂકાવવી, એ નિશ્ચયથી તેણે કિશોરી માટે જુદી જુદી જાતનાં લલચાવનારાં આકર્ષણો કરવા માંડયાં. દરરોજ કાંઇક નવી વસ્તુ બજારમાંથી આણી તે લેવાને બહાને તેને તે પોતાના ખંડમાં બોલાવતો અને તેને જે રીતે ગમે તે રીતેજ વાતચિત કરતો. બીજે પક્ષે લીલીએ કિશોરીને ધીમે ધીમે સારી શિખામણો આપવા માંડી. પરિણામ, પંદરવીસ દિવસ પછી ડોસાની ફત્તેહમાં આવ્યું. પણ હા! એક નાની બાળકી એક વૃદ્ધ વરને પોતાની પસંદગીમાં કદિયે ઉતારે ખરી? બહુ દુ:ખભરેલી રીતે, કિશોરીને લીલીના ઉપદે-શને લીધે, મનોરદાસ તરફ ઉપલક મનની મમતા બતાવવી પડતી!

દૈવની ગતિ અકળ છે. માનવી જાણુતો નથી કે કયારે શું બનશે અને તેથી "ગંદા દેહનો ગર્વ" નકામી રીતે કરનારાઓએ પોતાનો એ ગર્વ, બીજાઓના દાખલાથી મૂકી દેવો જોઇએ. મનોરદાસ, નવી નાનકડી નાર લાવીને ધીમે ધીમે એકાદ માસમાં તેને પોતાની

તરફ વળાવી શકયો ખરો, પણ દૈવેચ્છા પ્રતિકૂળ હતી. એક દિવસ તે સાંજના શેરબજારમાંથી આવ્યો અને જેવો પોતાના મકાનના ઉંબર ઉપર પગ મૂકવા જતો હતો કે તરતજ પડી ગયો. લોકો ત્યાં આગળ ધાઇ આવ્યાં અને જોયું તો મનોરદાસના ખોળીઆમાં પ્રાણ નહોતા. તેનું હૃદય એકાએક બંધ પડી જવાથી, તેનો આત્મા, તેના દેહને તજી ગયો હતો !

વાંચક ! આ દુઃખક ઘટનાથી કિશોરીએ શું ઓછું કલ્પાંત કર્યું હશે ?! નહિંજ. એક માસ પૂર્વે તેને પરણાવવામાં પણ આવી ન હતી; તે પછી એક જુવાનને બદલે વૃદ્ધ પતિ સાથે પરણાવાઇ અને એ પતિ મરણ પામતાં તો તે વિધવાપણાને પ્રાપ્ત થઈ. આ દુખોદધિમાં તે પોતાના કયાં પાપથી ઝબકોળાઇ, એ તે સમજી શકી નહિં ?

કોમળ હૃદય તન કૂમળું, નહિં દુઃખ શું તે સમજતી,
એવી બિચારી બાળકી વૈધવ્ય પામી બેસતી;
ઉપજે દયાના અંકૂરો જોતાંજ, ફળ શું કર્મનાં,
વિભુ ! સર્વને દુઃખી કર્યાં તો સાર શું સંસારમાં ?

શું પાપ તેનાં પૂર્વ ભવનાં, કારમું એ દુઃખ તો ?
શા કાજ વિધિ ! આકાર એ મનહર સુકોમળ મેલિયો ?
દુઃખદાયની નહિં લેશ પણ કે કઠિન મનની તે ન હો ?
વિભુ ! સર્વને દુઃખી કર્યાં તો સાર શું સંસારમાં !

(ધ. હી. ત્રિપાઠી.)

એ નિર્દોષ અબળાનું છાટીફાટ કલ્પાંત જોઇ, અજાણ્યા રસ્તે જનારાઓની આંખમાંથી પણ દડદડ આંસુ સરી પડતાં હતાં. હિંદુઓના રિવાજ મુજબ મનોરદાસના મૃત શરીરને સ્મશાને લઇ જવાયું અને કહો કે માટીમાંથી ઉદ્દભૂત થયલા એ શરીરને માટીમાં મેળવી દેવાયું !

પ્રકરણ ૧૨ મું.

વિધવાશ્રમમાં શિક્ષણ.

" છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન સૌભાગ્યથી કંઇ "

" સ્વ કલાપી. "

મનોરદાસના અવસાન પછી તેની હવેલી, તેની ધનસંપતિ વગેરે કિશોરીથી થનાર પુત્રને આપવાં એ પ્રકારનું વસિયતનામું મનોરદાસ કરી ગયા હતા પરંતુ કિશોરીને કંઈ સંતાન નહતું એટલે તેને અભાવે તેને પોતાને એ બધું મળે એવી વસિયતનામા માંહેલી એક કલમ અનુસાર કિશોરીને તે સહુ મળ્યું. પણ હા ! એ કોમળ વયની વિધવા એને શું કરે ? એને ઓછી કાંઇપણ મોજમઝા ભોગવવાની હતી ? એને ઓછું કાંઇ સંસારનું સુખ હવે ભોગવવાનું હતું ? એનો પતિ જતાં એનું સર્વ ગયું ! હવે એને ભાગે શું રહ્યું હતું ? કેવળ શ્રી ઇષ્ટદેવપૂજન, અને પરોપકાર અને દયાનું ભજન !

મનોરદાસના મૃત્યુની રાત્રે શિશિરકુમાર અને ઉન્મતિને તાર મૂકીને ખબર આપવામાં આવી. તેઓ આવ્યાં. ઉન્મતિના મનમાં કિશોરીના બાળવૈધવ્ય માટે કશી હાયવરાળ નહતી, પરંતુ બહારથી જાણે કેવી પોતે કિશોરીના દુઃખે વલે પાત કરતી હોય તેમ કલ્પાંત કરવા લાગી.

લીલીએ આ ઉપરથી તેને કહ્યું: શેઠાણી હવે રડે શું વળવાનું છે? માણસના હાથમાં નથી કે મુએલાં જીવતાં કરી શકાય?

ઉન્મતિ: તું ડાહ્યલી થઇને તેમાં મને શું કહેવા આવે છે? તારે મારી સાથે બોલવું નહિ, મારૂં દુઃખ કેટલું બધું છે તે હુંજ સમજું.

લીલીને ઉન્મતિની લગારે દરકાર ન હતી. તેણે કહ્યું: બાઈ સાહેબ, મિજાજ શા ઉપર કરો છો? આ બિચારી છોકરી તમારાં પાપે દુઃખી થઇ છે. તમારાંજ નીચ કૃત્યની તે ભોગ થઇ પડી છે. મનોરદાસ શેઠ તમારા સગા હતા. અને તેથી તમે આ ઓરમાન છોકરીને કુવામાં હડસેલી દીધી. બિચારી હવે ઉંડા પાણીમાં કેવાં તરફડીઆં મારે છે? તમારા એ અધમ કૃત્યનો બદલો તમને મળ્યા વિના રહેવાનો નથી, એ સમજજો.

ઉન્મતિ—તને લવ લવ કોણ કરાવે છે? નીકળ આ ઘરમાંથી.

લીલી–તમારી મગદૂર નથી કે તમે મને કાઢી શકો. મારાથી જો વિરૂદ્ધ ચાલશો તો જાણો છો કે હું શું કરીશ? ગામમાં તમને વગોવતી ફરીશ. તમારૂં ભૂંડું બોલીશ, લોકો તમને ફિટકાર આપે એવું કરીશ. આ કાંઇ તમે ઓછું અધમ કામ કર્યું નથી. પણ તમે મારા શેઠનાં નવી વહુ છો એટલે તમને ખાસ ન પજવવાં

એમ મેં નિશ્ચય કર્યો છે. જો તમે મારી વિરૂદ્ધ કશું નહિં કરો તો હું મુંગીજ રહીશ.

આ પ્રમાણે **લીલીએ** ઉન્મતિ જેવી સ્વચ્છંદી અને તુંડ મિજાજની જુવાન સ્ત્રીને બંધનમાં લઇ લીધી. ઉન્મતિ સમજતી હતી કે–**લીલી** કહે છે તે ખરૂં છે પણ પોતાનું કાવતરૂં તો તેને દાબવાનુંજ હતી તેથી તે વખતે નાકનું ટીચકું ચઢાવીને "જાને હવે. તારી દરકારે કોણ રાખે છે!" એમ કહી તે ચાલતી થઇ અને શિશિરકુમાર પાસે ગઇ.

શિશિરકુમાર કિશોરીના આ દુઃખથી ખરેખર દિલગીર બની ગયો હતો પોતાને કિશોરી વહાલી નહોતી એવું નહતું. કેવળ નવી વહુને રીઝવવા અને પોતે નિર્બળ મનનો હોવાથી, નવી જેમ કહે તેમ તેને કરવા દેવાનો ક્રમ તેણે રાખ્યો હતો. કિશોરી **મ**નોરદાસને પરણાવાઈ તે વખતે આવીજ લાગણીને લીધે તેણે ખાસ ચિન્તા કે વિચાર કર્યાં નહતાં. પરંતુ અત્યારે પોતાની નિષ્કાળજીનું ગંભીર પરિણામ તે જોઇ શકયો. જગત્માં તેને સારા માણસો પાસે મોઢું બતાવવામાં હવે હિણપદ શિવાય બીજું કશું લાગતું નહતું.

શિશિરકુમારે **મ**નોરદાસનાં કાગળ પત્રો તપાસ્યાં તો તેમાંથી તેને **મ**નોરદાસનું વીલ મલ્યું. વીલ પ્રમાણે કિશોરીને જો પુત્ર થાય તો તેને **મ**નોરદાસની મિલ્કત મળવાની હતી અને જો તેને પુત્ર ન થાય અને મનોરદાસ પોતે સંતાન વિના મરણ પામે તો એ મિલ્કત કિશોરીને મળવાની હતી પરંતુ તેમાંથી તેણે થોડીક રકમો મનોરદાસનાં અમુક સગાંઓ જેમનાં નામ જણાવેલાં હતાં, તેમને આપવાની હતી. આ વસિયતનામાના ત્રસ્ટીઓમાં, શિશિર કુમાર તથા તેનો એક મિત્ર હતા. આ વીલથી કિશોરીને નાણું

સંબંધી આપત્તિ નહિ રહે એ વિચારથી શિશિરકુમાર એક રીતે ખુશી થયો પણ બીજી રીતે શું એ નાણાંને કિશોરી ઓઢશે કે પાથરશે? અર્થાત્ તેનો શો ઉપયોગ કરી શકવાની હતી? એ દુઃખ મય વિચારથી તેનુ હૃદય ખિન્ન થયું.

જગન્નિયંતા પ્રભુ જે કાંઇ કરે છે, તેનો ઉંડો શો ભેદ હોય છે તે સમજવાની ક્રિયા પામરની શક્તિ છે? તે અંતર્યામી, જગતના માણસોથી દૂરનો દૂર અને પાસેનો પાસે છે; દુઃખીનો તેબેલી છે અને સુખીઓનો સહાયક પણ છે. એવા પ્રભુએ કિશોરીને બાલવૈધવ્ય અપાવવામાં શું સારૂં ધાર્યું હશે તે વિધિના ખેલથી અજાણ્યા એવા આપણે માનવી શું સમજી શકીએ?

કિશોરી વારંવાર લીલાની પાસે ને પાસે રહેતી અને લીલા જ્યારે એજ બાળકીના વિચારોમાં દિગ્મૂઢ થઈ જતી ત્યારે તે તેની સામું જોઇ રહેતી. કદાચ ઘણી અકળામણથી લીલીની આંખમાં આંસુ જોતી તો તે પણ રડતી અથવા પૂછતી—"લીલી, શા માટે રૂએ છે? હું દુઃખી થઇ ગઇ તેથી?" આ પ્રશ્નથી લીલીને વધુ રડવું આવતું. કેવા નિર્દોષ પ્રશ્ન? લીલી કહેતી—બહેન, મને તારા શિવાય કદી બીજા કોઇના વિચારો આવતાજ નથી. મેં તારી માતા પદ્માવતિને વચન આપેલું છે કે જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી તારી સંભાળ લઇશ. રે! એ વચન આપતી વખતે હું નહોતી જાણતી કે તારે માથે આટલું બધું દુઃખ પડશે અને દુનીઆનાં બધાં સુખ ભોગવવામાંથી તું રદબાતલ થઇજશે!

કિશોરી—શું મારાથી હવે એકકે સુખ નહિં ભોગવાય? ત્યારે મને શા માટે તરતજ મરી જાય એવા વર સાથે પરણાવી? મારી બા હોત તો કદી એવું ન કરત.

લીલી—ખરૂં છે બહેન! પણ હવે તું એવા વિચાર ન કરીશ. તું સારી સારી ચોપડીઓ વાંચ, ધર્મનું જ્ઞાન મેળવ અને દુનીઆમાં પારકાનું કેમ સારૂં કરવું એજ વિચારો કરી આનંદી બન. નહિંતર તારૂં શરીર બગડશે. જે ગયું તે હવે કદી પાછું આવનાર નથી.

મર્હુમ મનોરદાસના મકાન પાસે એક વિધવાશ્રમ કેટલાક વખતથી સ્થપાયું હતું. આ વિધવાશ્રમની સંચાલિકા એક આધેડ વયની વિધવા હતી. તે મનોરદાસના મરણની ખબર જાણતી હતી અને તેની સ્ત્રી બાળવિધવા થઇ છે તથા મનોરદાસ પુષ્કળ નાણાં તેને માટે મૂકી ગયો છે એની પણ તેને ખબર પડી હતી. આથી પોતાના વિધવાશ્રમની ઉન્નતિ, ખ્યાતિ અને તે સાથે મનોરદાસની બાળવિધવાના શ્રેયને માટે તેને એમ લાગ્યું કે—એ બાળવિધવા જો આ આશ્રમમાં જોડાય તો ઠીક. આ વિચારને પરિણામે તેણે તરતજ પ્રયત્ન કરવા માંડયો. તેણે લીલીને એક દિવસે પોતાની પાસે બોલાવી અને વિધવાશ્રમના હેતુઓ સમજાવ્યા. અહિં વિધવાઓને ભણતાં, લખતાં, વાંચતાં, રાંધતાં શિખવાય છે. ધાર્મિક જ્ઞાન અપાય છે. દર્દીઓની માવજત કરવી, ગરીબગુરબાંનું ભલું કરવું, દુઃખીઆંની દાદ સાંભળવી, કુમાર્ગે ગયલાંઓને સારે માર્ગે વાળવાં વગેરે કામો કરવાનું શિખવાય છે અને તે સાથે ઇશ્વરોપાસના કરવાનું, સાદું જીવન ગાળવાનું અને નિર્મળ વિચારો સેવવાનું શિખવાય છે. આ પ્રકારે લીલીને હેતુઓ અને કાર્યો સમજાવ્યા પછી કિશોરીની સ્થિતિની બાળવિધવાઓ માટે આ આશ્રમ ઘણુંજ ઉપયોગી હોવા સંબંધમાં તેણે કહ્યું. લીલીને લાગ્યું કે કિશોરી માટે હવે એ રસ્તો ઘણો સારો છે. તેણે પોતે પણ કિશોરીની સાથે આમાં જોડાવાનું વાજબી ધાર્યું.

વિધવાશ્રમની સંચાલિકાની મુલાકાતની સાંજે લીલીએ શિશિરકુમાર પાસે જઈ ઘણીજ નમ્ર અને ગળે ઉતરે એવી રીતે કિશોરીને વિધવાશ્રમમાં મૂકવા જણાવ્યું અને મનોરદાસ જે પૈસા મૂકી ગયા હતા, તેમાંથી હાલ તુર્ત થોડાક એ આશ્રમને આપવા એવી સૂચના કરી. શિશિરકુમારને પોતાને એ પૈસા ખપે એમ નહોતું એટલે તેણે આ સૂચના ખોટી ન લેખી. ફક્ત તેણે હાલ તુર્ત કિશોરીને આખો દિવસ એ આશ્રમમાં શિખવા જવાનું પણ રાતના તો તેના પોતાનાજ ઘરમાં રહેવાનું રાખવું એવા ફેરફાર સાથે વિધવાશ્રમમાં જોડાવાની સંમતિ આપી. હાલ તુર્ત તે પુરતી હતી. બીજેજ દિવસેથી કિશોરી અને લીલીયે વિધવાશ્રમમાં જવા માંડયું.

શિશિરકુમાર અને ઉન્મતિ થોડાક દીવસ રહી, મનોરદાસનાં નાણાં સંબંધમાં કેટલીક વ્યવસ્થા કરી પુનઃ મોહમયી સિદ્ધાવ્યાં. લીલીના આગ્રહથી હીનુ અને નાનુને કિશોરીસાથેજ મર્હુમ મનોરદાસના ઘરમાં લીલીની સંભાળ નીચે રાખવામાં આવ્યા.

પ્રકરણ ૧૩ મું.

સુંદરનાં પાપિષ્ટ કારસ્થાન.

કાન્તિરાયની બીજી અને નવી સ્ત્રી સુંદર પહેલાં હરહમેશ કાન્તિરાયની પહેલી અને જુની સ્ત્રી મધુરીને દુઃખ દેતી તેને ગાળો ભાંડતી અને જંપીને બેસવા દેતી નહિં પરંતુ હાલમાં કેટલાક દિવસથી તેણે એ ધાંધળ મૂકી દીધી છે. તે હર-

રોજ સવારમાં ઉઠીને પૂજાપાત્રી કરે છે. એકાદ બે કલાક સુધી આ પ્રમાણે જાણે મોટી ભક્તાણી હોય એવો ઠાઠ રચ્યા પછી તે મધુરીને રસોઇના કામમાં, વાસણ માંજવામાં, પાણી ભરવામાં એવી રીતે બીજાં ત્રીજાં કામોમાં સહાય આપે છે અને મીઠી મીઠી વાતો કરીને હસી ખુશીને જાણે તેની બહેન હોય તેમ વર્તે છે.

કાન્તિરાયનો પિતા રણછોડરાય, જે હજુ જીવિત છે તે વિચાર કરેછેકે આ શું ? આ નવીનામાં આટલું બધું પરિવર્તન એકાએક કેમ થઇ ગયું ? ડોસો અનુભવી હતો. તેના અનુભવે તેને લોકોના સ્વભાવ ઓળખતાં શીખવ્યું હતું. તેને લાગ્યું કે માન ન માન આમાં કાંઇક ભેદ છે. બાકી જે સ્વભાવે સર્પવત્ છે તે કદાપિ આમ ફેરવાઈ ન જાય. બધુંયે ટળી શકે છે પણ સ્વભાવ કદિ ટળતો નથી. એક શ્વાનને સિંહાસને બેસાડવામાં આવે પરંતુ ચામડું કરડવાની, મલીનતા સુંઘવાની વગેરે ટેવો તે કદાપિ મૂકતું નથી. એક ગર્દભને સિંહનું ચામડું ઓઢાડી ઉભો રાખવામાં આવે પરંતુ પોતાની આળોટવાની ટેવ, પોતાની ભૂંકવાની ટેવ તે કદાપિ છોડતો નથી. માટે આ સ્ત્રીના આ ફેરફારમાં જરૂર કાંઇ ભેદ છેજ. તે અંદરખાનેથી કાંઇક બાજી રમતી હોવી જોઇએ." પોતાના આ શકની વાત તેણે કોઇને કરી નહિં અને ગુપચુપ છુપી પોલીસખાતાના માણસની માફક તે સુંદરની પ્રત્યેક હીલચાલ ઉપર બનતી તજવીજ રાખવા લાગ્યો.

આશરે પંદરેક દિવસ આ હીલચાલ ચાલ્યા પછી, સુંદરને હિસ્ટિરીઆ થવા માંડયો. તે એકાએક કોઇ ઠેકાણે બેઠી હોય ત્યાંથી પડી જાય અને હાથપગ જાણે તણાઇ જતાં હોય તેમ કરે. આશરે ૦ા કલાક દરરોજ આ હિસ્ટિરીઆ આવવા લાગ્યું. રણછોડરાય

શંકાસાગરમાં પડયો કે—આ શું વળી ? એ તે ખરૂં કે ખોટું ? એક ડાકટરને બતાવવામાં આવ્યું તો તેણે દવા ચાલુ કરી અને થોડાક દિવસમાં મટી જશે એમ કહ્યું. દરરોજ દવાના છ આના થવા માંડયા. આઠ દશ દિવસ થયા પણ હિસ્ટિરીઆ મટયું નહિં. દવા તો ચાલુજ રહી. ડાકટરે કહ્યું કે એની પાસે હાલમાં કશું કામ ન કરાવશો પણ સુંદરે હઠ લીધી કે કામ ન કરૂં, એ તો નહિં બને. મારી બહેન મધુરી બિચારી નાની છોકરી વાળી છે. તેને કામકાજમાં મદદ તો કરવીજ જોઇએ. ડાકટરે કહ્યું બહુ કામ ન કરશો, રણછોડરાય જુના જમાનાનો માણસ હતો. ડાકટરો ઉપર તેને વિશ્વાસ ન હતો. એમ છતાં તેને એક વધુ શંકા ઉદ્‌ભવી. સુંદર દવાજ નહિ પીતી હોય તો ? છાનીમાની કોઇકિ ન હોય ત્યારે ઢોળી નાંખતી હશે તો ? આથી એ બાબતમાં તપાસ કરવા તેણે વિચાર કર્યો. એક દિવસ એ દવાની શિશિની અંદર તેણે કોઇ ન જાણે તેમ ખૂબ મીઠું નાંખ્યું. તેનો તેમ કરવામાં હેતુ એ હતો કે સુંદર પીએ તે વખત ખૂબ ખારી લાગવા થી ડાકટર આગળ અથવા તો ઘરનાં આગળ કાંઇક પણ ફરિયાદ તો કરશેજ અને જો કશું નહિં બોલે તો સમજવું કે તેણે પીધી નથી. દવાના બે ભાગ પી રહ્યાનો સમય થઇ ગયો પરંતુ સુંદર તરફથી ખરે, કાંઈ ફરિયાદ થયલી જણાઈ નહિં. ડોસાએ મધુરીને, એ બાબતમાં પૂછી જોયું. ખરૂં હતું કે મધુરી અથવા ઘરના કોઇની આગળ દવા માટે કાંઇ ફરીઆદ થઇ ન હતી. સુંદર પાસે તે ગયો અને કહેવા લાગ્યો—કેમ વહુ બેટા, હવે તારા શરીરને દવાથી ફેર પડે છે ને ?

સુંદર—" સસરાજી, રોજ દવા પી પીને કંટાળી ગઇ છું, છતાં કશો ફેર પડતો નથી. ડાકટર રોજ એની એ દવા આપતા લાગે છે."

રણછોડરાય—દરરોજ તે કાંઇ એની એ દવા આપે ? એ દવા તને ગળી લાગે છે એટલે તું એકની એક સમજતી હોઇશ. એણે કાલજ દવા બદલી હતી પણ પેલું ગળપણ એ લોકો સાથે સાથે નાંખે એટલે તારાથી સમજાય નહિં એ સ્વાભાવિક છે.

સુંદર—"ત્યારે તેમ હશે. આજની દવાયે મને તો તેવીજ ગળી લાગી હતી. હવે તો મને મટે તો સારૂં. મને આમને આમ કયાં લગી દુઃખ રહેશે ?" એમ કહેતાં કહેતાં તેની આંખમાં આંસુ આવી ગયાં. તે રડવા લાગી અને પોતાના લુગડાવતી આંખો લ્હોતાં લ્હોતાં કહેવા લાગી—"સસરાજી, મને તો લાગે છે કે પહેલાં હું તમને બધાંને દુઃખ દેતી હતી તે પાપનાં ફળરૂપે મને આ રોગ થયો છે. હવે હું કોઇ દહાડો કોઇનું ખરાબ કરવાની નથી. પણ એવું કહ્યાથી તે કાંઇ રોગ મટે છે ? હશે. નસિબમાં લખ્યું હશે તે થશે. ભગવાન્ હવે તો છૂટકારો કરે તો સારૂં."

રણછોડરાય—એવું ના બોલ. એવા કશા વિચારજ મનમાં ન કરીશ. દવા થોડાક દહાડા પીવાની ચાલુ રાખ. એની મેળે મટી જશે. આ વાતચિત પછી ડોસાની પક્કી ખાત્રી થઇ કે, "સુંદર દવા પીતીજ નથી. પુષ્કળ મીઠું નાંખ્યા છતાં તે તેને ગળી લાગી ? વાહ ! કોને છેતરે છે ? વૃદ્ધ માણુસોને જો જુવાનીઆં છેતરી જાય તો પછી જગતમાં વૃદ્ધપણુંજ નકામું."

મધુરીને ઘણુંખરૂં કબજીઆત રહેતી હતી. આથી તે ઘણુંખરૂં છ સાત દિવસે જુલાબ લેતી. એક દિવસે સુંદરે કહ્યું: બહેન, તું

આમ આઠે દશે જુલાબ લેછે પણ તને એથી ફેર પડતો નથી એમ હું માનું છું. મારી પાસે એક ફાકીની શીશી છે તેમાંથી ફાકી લઈ જો. તને જરૂર ફેર પડશે. મધુરીએ તે લીધી. તે દિવસે તેને જુલાબ થયો. બીજા બેત્રણ દિવસ એ પ્રમાણે દરરોજ ફાકી લીધા કરી; અને તેને લાગ્યું કે ફેર પડતો જાય છે. રણછોડરાયના જાણવામાં એ વાત આવી કે સુંદરની અમુક ફાકીથી મધુરીને કબજીઆત મટતી જાય છે. એણે તે છતાં મધુરીને કહ્યું કે—વહુ, તું એની કોઇ પણ દવા લેવાનું બંધ કર. વખતે એમાં કાંઇ ભેદ હશે. મને એ મહા ઝેરી સાપણ જેવી બાઈ લાગે છે. તને જો કાંઇક પણ થશે તો એકદમ હું તેની ઉપર વહેમ લાવીશ.

મધુરીએ પોતાના ભોળા સ્વભાવ પ્રમાણે ડોસાને હાયે હા કહીને વાળ્યો; અને સુંદરને વાતમાંથી વાત નીકળતાં, આ ફાકી કાંઇ નુકસાનકર્તા તો નથી એમ પૂછ્યું. સુંદરે જવાબ આપ્યો એવું કશું નથી છતાં તમને વહેમ આવતો હોય તો બંધ કરો. મધુરીએ કહ્યું ના રે ના, હું તો અમસ્થી કહું છું. સુંદરે એ વાત પછી એક દિવસ ફાકી પોતાની પાસે થઇ રહેલી જણાવી અને એ બનાવવાની રીત પોતાને ખબર ન હોવાથી બીજી નહિં બનાવી શકાય એ માટે દિલગીરી બતાવી.

બે ત્રણ દિન પછી એકાએક મધુરીના પેટમાં આંકડી આવવા લાગી અને તેનો જીવ ચુંથાઇ જતો હોય તેમ લાગ્યું. સુંદરે એ દિવસે એકાએક પોતાની મા માંદી હોવાનો કાગળ આવ્યાનું જણાવી પિયર જવાનું જણાવ્યું, તે પોતાનો સામાન બાંધીને સ્ટેશન ઉપરજ ચાલવા મંડી. આ બાજુ ડાકટરને બોલાવવામાં આવ્યો. તેણે અભિપ્રાય આપ્યો કે, આ બાઇને ઝેર

અપાયું છે. તેથી તે આમ માંદી થઇ ગઇ છે. એક મોટા બાહોશ ડાકટરને બોલાવવામાં આવ્યો અને તેણે ઉલ્ટીઓ કરાવી સંભાળ પૂર્વક સારવાર કરવા માંડી.

રણછોડરાય ડોસાને પાકો શક ગયો કે એ ઝેર પેલી ફાકી-દ્વારા **સુંદરે**જ આપ્યું હોવું જોઇએ. તે એકદમ સ્ટેશન ઉપર દોડયો અને **મધુરી** ઘણીજ માંદી છે માટે નહિં જવાય એમ જણાવી, **સુંદરને** પાછો બળાત્કારે લઇ આવ્યો. એ પછી તેણે ખુબ દમ ભરાવીને **સુંદરનો** બધો સામાન કાન્તિરાય પાસે તપાસાવ્યો અને જે ફાકી **મધુરી** ફાકતી હતી તેની શીશી તેની ટ્રંકમાંથી કઢાવી. ડાકટરને બતાવવામાં આવી અને તેણે તેનું પૃથકકરણ કરતાં તેને તેમાં ઝેર નહિં હોવાની ખાત્રી આપી. ત્યારે ઝેર આવ્યું કયાંથી ? **સુંદરની** મેડી આખી તપાસવામાં આવી તો એક ખૂણામાં એક નાની શિશિમાંથી ઝેર મળી આવ્યું. ડોસો હવેજ રંગમાં આવ્યો. **સુંદરનો** સ્વભાવ કેમ ફેરવાઇ ગયો હતો અને તેને હિસ્ટિરીઆ કેમ થયો હતો; તેમજ દવામાં તે કેવી રીતે બધાંને છેતરતી એ બધું આ મહાન્ કામ માટેજ હોવાનું તેણે સહુને ઉઘાડે છોક કહી દીધું અને પોલીસનાં માણસોને બોલાવવાની ધમકી આપી. **સુંદર** ગભરાઇ. તે ગમે તેવી હોંશિયારી કરવા ગઇ, રડવા લાગી પણ સર્વ નકામું ગયું. રણછોડરાયે **સુંદરને** કહી દીધું કે આજ સાંજે જો **મધુરીને** ફેર નહિં પડે તો હું જરૂર તને પોલીસમાં પકડાવીશ. ભલે તારી ફજેતી થાય, અને ભલે તને ખુનના પ્રયત્ન માટે શિક્ષા થાય. તારા જેવી દુષ્ટ સ્ત્રીઓની એજ દશા થવી જોઇએ. **સુંદર** ચારે પાસથી ઘેરાઇ ગઇ. પાડોશીઓ અને સગાંઓમાં આ માટે ખૂબ ચર્ચા થવા લાગી. સર્વ કોઇ તેને

ફિટકાર આપવા લાગ્યું અને સુંદરથી હવે આ બધું સાંખી શકાય એમ નહતું. તે મેડીમાં જઇ ભરાઈ રહી. તેનાથી કોઇને મ્હોં બતાવાયું નહિં.

બીજી બાજુ ડાકટરોને પુરતી ફી આપીને રણછોડરાયે ખડાને ખડા રાખ્યા અને તેઓએ મન દઇને સારવાર કર્યાને પરિણામે મધુરીને કાંઇક ફેર પડયો અને ડાકટરોએ તેને ધાસ્તીમાંથી મુક્ત જાહેર કરી. મધુરીને શુદ્ધિ આવતાં, તેણે કહ્યું.—સુંદર બેનનો આ બાબતમાં વાંક નથી તે તો મારાં બેન જેવાં છે; માટે તેમને કશું કહેશો નહિં. પણ રણછોડરાયે ઉત્તર દીધો કે: તને મટી જશે તોપણ હું તો તેને ઝેર દેવા માટે પોલીસ કોર્ટમાં ઉભી કરીશ અને લોકોમાં તેને બદનામ કરીશ.

મધુરી—મુરબ્બી, એવું ન કરશો. ગમે તેમ પણ એ આપણાં કુટુંબી છે. હું તો માનતી નથી કે તેમણે ઝેર આપ્યું હોય છતાં પણ જો તે ખરૂં હોય તોયે હું તેમને માફ કરૂં છું અને ઈશ્વર તેમને સારી બુદ્ધિ આપે એમ પ્રાર્થના કરૂં છું.

રણછોડરાય—વહુ બેટા, તારી કિંમત આંકવામાં મેં મોટી ભૂલ કરી છે અને એ ભૂલ સુધારવા માટેજ હું એ ઝેરી નાગણની ફજેતી કરીશ.—

પરંતુ રણછોડરાયનું એ વાકય પૂરૂં થઈ શકયું નહિં. સુંદરની મેડીમાંથી આગના ભડકા નીકળતા જણાયા; અને ચીસો પણ સંભળાઈ. મધુરી શિવાય બીજાં બધાં ત્યાં જઈ પહોંચ્યાં પણ મેડી અંદરથી બંધ હતી. બારણાં ખુબ ખખડાવ્યાં પણ ઉઘડયાં નહિં ત્યારે તેને તોડી પાડવામાં આવ્યાં. અંદર સુંદર આગના ભડકાઓમાં

બળતી હતી. શું તેણે જાણી જોઇને તેમ કર્યું હશે ? કે અકસ્માત તે સપડાઇ ગઇ હશે ? આગ બુઝાવવા માટે પાડોશીઓ એકઠાં થઈ ગયાં. આગ બહુ મોટી ન હતી. એ મેડીમાંનો સરસામાન કેટલોક બળ્યો હતો. સુંદરને બીજા ખંડમાં લઇ જવામાં આવી. તે બેશુદ્ધ હતી અને સખ્ત દાઝી ગઇ હતી. ડાકટરોની મદદ લેવામાં આવી પરંતુ એ નકામું હતું. એક પાસ જ્યારે આગ બુઝાવી નાંખવામાં આવી ત્યારે બીજી પાસ એ સખ્ત દાઝી ગયલું શરીર પણ આત્માથી છુટું થઇ ઠંડુ બની ગયું. પાપી કાર્યમાં પ્રવૃત્ત થયલી પ્રમદા, પરલોકમાં પરમાત્મા પાસે પોતાનાં કાર્યોનો પ્રત્યુત્તર આપવા પરવરી.

આ દુ:ખભરેલી ઘટનાથી સર્વને ખેદ થયો. સુંદરે પોતેજ લોકાપવાદથી ડરીને પોતાનાં કપડાંને આગ લગાડી હોવી જોઇએ અને પોતાનાથી બને ત્યાં સુધી આગ વધુ લાગ્યા છતાં શાંતપણે આગનું દુ:ખ સહન કર્યું હોવું જોઇએ, પરંતુ તે પછીજ તેણે ચીસો પાડી હોવી જોઇએ, એમ બધાનું માનવું હતું. ગમે તે હો, પણ રણછોડરાયના મનમાં મધુરીની આડખીલી દૂર થઈ, તેથી કાંઇક આનંદ થયો.

ખરૂં છે કે—

कुदार दारैश्च कुतो गृह रतिः।

અર્થાત જે ઘરમાં ખરાબ સ્ત્રી જ્યાં સુધી હોય ત્યાં સુધી આનંદ ક્યાંથી હોય ?

કેટલેક દિવસે મધુરીનું શરીર સારૂં થઈ ગયું અને હાલ પોતાની નાની બાળકી વિજયાને ખોળામાં રમાડતી અને ઘરમાંનાં સર્વને પ્રિય થઇ પડતી તે સુખરૂપ જીવન ભોગવે છે.

પ્રકરણ ૧૪ મું.

અવિચારી નીશાબાજ.

"એક પ્યાલા પીને હી ઉલ્લુકા પઠ્ઠા બન ગયા:
દુર હુઇ ઇન્સાનિયત કોલ્હુકા લઠ્ઠા બન ગયા !"

ભાવાર્થ=એક પ્યાલો પીવાથી માણસને બદલે હેવાન બનીગયો.

ખુશામતિયા મિત્રોની ટીંગાટોળીમાં પૈસો પાણીની માફક ઉરાડતો હિમ્મતલાલ, તેની સુશિલ અને સુલક્ષણી પત્ની અલકની કરૂણાભરી વિનતિ સાંભળ્યા વિના ઘરમાંથી જે રાત્રે જતો રહ્યો, તેજ રાત્રિ એક ભયંકર રાત્રિ હતી એમ કહીએ તો ચાલે. રસિકલાલ તે દિવસે કંઈ કામ પ્રસંગે પરગામ ગયલો હતો. ગુરૂમહારાજ તેમના કેટલાક બહારગામના ખાસ ભક્તોની વિનતિથી બહારગામ વ્યાખ્યાનો આપવા ગયા હતા.

અલકનો પક્ષીરાજ એ રાત્રે તેની વિનવણી છતાં ઉડીને ક્યાં ગયો હતો? જે ઠેકાણે ઘોર અરણ્ય, અપાર પાપના પ્રલોભનથી પરિપૂર્ણ ઝાડવાં હતાં ત્યાં તે પક્ષીરાજ ઉડી ગયો. પક્ષીએ બંધનમાંથી છુટા થયા પછી એક ઝાડ ઉપર બેસીને ઉચ્ચ સ્વરે અવાજ કરીને બીજાં પક્ષીઓને નિદ્રામાંથી જાગૃત કર્યાં અને ઘણા આનંદથી સર્વે પોતાની વિષપૂર્ણ રીતિથી વાતો કરવા લાગ્યાં.

એકે કહ્યું-હિમતલાલ, આજ એક દિલગીરીની વાત કરવાની છે. આપણી પાસે જે નાણાં હતાં તે થઇ રહ્યાં છે. અમારા બધાયેના હાથ હમણાં તંગીમાં છે. ઉપાધીઆને તેની મા માંદી પડવાથી દેશમાં રૂપીઆ મોકલવા પડયા છે. શ્યામસુંદર તે વળી કિયે દહાડે જોઇતા પૈસા લાવી આપે છે. વિનોદલાલ તો સટ્ટાબાજીમાં દરરોજ આગલા પૈસા વધુ વાપરે છે એટલે અત્યારે તેની પાસે ફુટી બદામે નથી.

દોસ્ત, મને એક જણા પાસેથી કાલે રૂ. ૫૦૦ મળવાના છે પણ અત્યારે શું કરવું ? આ ચિન્તામાં અમે બધા પડયા હતા ત્યાં તું આવ્યો તે ઠીક થયું.

હિમ્મતલાલ—મારી સ્થિતિ એવડી ખરાબ બની છે. બૈરી સખ્ત ટકટક કરી મૂકે છે. માનો લવારો તો બંધજ પડતો નથી. જાણે દોઢીયાં ઘરમાં દાટી મૂકવાનાં હોય અને કશા કામમાં વાપરવાનાંજ ન હોય તેમ કરે છે. રોજ મારે તે લોકો સાથે તકરાર થાય છે અને અધુરામાં પૂરું પેલા યોગીએ આવીને એક દહાડો મને એવો પેચમાં લઈ લીધો હતો કે હું બોલવામાં બંધાઇ ગયો અને તે પછી મારી ત્રિજોરીની ચાવી મારી મા પાસેજ રહે છે. હરરોજ રાતના પોતાના ઉસિકા નીચેજ દાબીને તે સુઈ રહે છે અને દિવસના જાણે એક છોકરુંજ ન હોય તેમ આખો દહાડો હાથમાં ને હાથમાં રાખીને ફરે છે. હવે મારે કરવું શું ? નાણાં માગવા જાઉં કે પાછલા પૈસાનો હિસાબ પૂછે છે. દરવખતે મોટી રકમો ઉઠાવતી વખતે એવાં તે શાં બહાનાં કાઢયાં કરવાં ? હું તો ત્રાસી ગયો છું, યાર ! આ સાંભળીને બધાયે મોટેથી ખડખડ હસવા મંડી પડયા.

એકે કહ્યું–“ અરે રામ, રામ, બૈરાંથી ડરી ગયોને ? પોચો, ઢીલો, દમ વિનાનો !” બીજો કહે “જા, રે જા, એમ બૈરી અને માના હાથમાં રહીશ તો પછી તને કશુંયે મળવાનું નથી. છતે પૈસે ગરીબના જેવોજ એ અવતાર નહિં તો બીજું શું ? અલમસ્ત જેવા, અને મીલમાં જઈ મજુરી કરી ખાય એવા શરીરે લઠ્ઠ સાધુડા અને બાવાઓને ધર્માદાને નામે નાણાં અપાય અને ઘરના આદમીઓને શું ? વાયરો ! અને તે ઉપર પાછા સેંકડો કડવા બોલ કહેવાય તે

જુદા! અરે મી. હિમ્મતલાલ! તમે તો કેવળ નામેજ હિમ્મતલાલ છો, બાકી તો મીઠા વિનાના છો મહેરબાન!"

હિમ્મતલાલ—જા, જા, તુંયે કાંઈ ગાંડી વાત કરે છે તો? બૈરી અને મા તે કાંઈ દુશ્મન છે? એ લોકો તો મારા સારા માટેજ કહે છે ને? એમનું કહેવું એટલું તો ખરૂંજ છે કે–આજ બધું જુવાનીમાં ઉડાવી દઈશું તો ઘડપણમાં ફાંફાં મારવાં પડશે.

પહેલો—"બહુ સારૂં ત્યારે. આજથી અમે તારી પાસેથી કાંઇ લેવાના નથી. તું તારી મેળે અમારી જોડે લહેર ઉડાવ. અમે હાલ અમારૂં બધું જુવાનીમાં ઉડાવી દઈશું; કારણ અમે મૂર્ખા છીએ. અને તું તારી બૈરી ને માની શીખામણથી ડાહ્યો થવાથી ઘડપણમાં, દોસ્ત, તારૂં બચાવેલું અમને કાંઇક આપીશ ખરોને? ચાલ, આજ તો અમારી સાથે મોજ ઉડાવ." એમ કહી એક દારૂની શિશિનું માથું ભાંગી નાંખવામાં આવ્યું અને તેમાંની દેવીને જુદા જુદા જુદા ગ્લાસોમાં પધરાવી દેવાઈ. એ બાટલી પાઈ રહ્યા પછી બીજી મંગાવવામાં આવી પણ એ દરમ્યાન કોઈ કશું બોલ્યું ચાલ્યું નહિં.

હિમ્મતલાલ વિચારોમાં ડુબી ગયો. પૈસા અત્યારે તે આ લોકોને શી રીતે આણી અપાય? માતા પાસે ચાવી રહે છે અને અર્ધી રાત્રે તે નાણાં આપે ખરી કે? ન આપે. ત્યારે શું કરવું? તે આમ વિચાર કરતો હતો. તેવામાં **શ્યામસુંદર** બોલ્યો: "કેમ હિમ્મત, ગભરાઈ ગયો છે ને? એ **ત્રણ** ગ્લાસ પી, પછી હું તને એવો રસ્તો બતાવું કે તું જરૂર કબૂલ કરશેજ. તારી **તિજોરીની** ચાવી મારે તને મેળવી આપવી, પછી કેમ?"

હિમ્મત—ચાવી મળે તો પછી તમને આજ નાણું આપવામાં મને હરકત નથી."

હિમ્મતલાલ અને શ્યામસુંદરે, એ પછી, એક ખૂણામાં જઇને કાંઇક મસલત કરી અને તે પછી મદીરાદેવીને ન્યાય આપીને તેઓ કલબનું મકાન છોડી ગયા.

આશરે ૦ll કલાક પછી, આ બે મિત્રો જ્યારે હિમ્મતલાલના બંગલા આગળ આવ્યા ત્યારે ત્યાં બનતી ઘટનાથી તેઓ કાંઇક આશ્ચર્ય પામ્યા હોય એમ જણાયું. મકાનમાં હિમ્મતલાલની માતા જે ઓરડામાં સુતી હતી તેમાં દીવા બળતા હોય તેમ તેઓને લાગ્યું. મધ્યરાત્રિને શુમારે આજ દિવા કેમ બળતા હશે, એવી શંકામાં તેઓ બંગલાના બારણા પાસે આવ્યા એટલે એક નોકર બહાર આવ્યો અને બોલ્યો—શેઠ સાહેબ, માજી એકદમ બિમાર થઇ ગયાં છે. અને તેથી ડાકટરને બોલાવી આણ્યો છે.

બન્ને જણા અંદર ગયા. હિમ્મતલાલની માતા એક ઢોલિયા ઉપર સુતેલી હતી અને ડાકટર તેના બિછાના પાસે બેઠેલો હતો.

ડાકટરે ધીમે સ્વરે કહ્યું–માજીને એકદમ 'ન્યુમોનિયા થઈ ગયો છે એમનું ઘરડું શરીર છે તે જો દવામાં કાળજી નહિં રાખો તો કેસ હાથમાં નહિં રહે.

હિમ્મતલાલ—સારૂં દવા મોકલી આપો.

ડાકટર સાથે એક નોકર દવા લેવા માટે ગયો. હિમ્મતલાલને તેની માયે કહ્યું—બેટા, હું દવા લેવાની નથી. મારે દવા લઇ મારો દેહ અપવિત્ર કરવો નથી હવે ફક્ત તું અને તારી વહુ સુખેથી રહેજો એટલુંજ મારે કહેવાનું છે.

હિમ્મતલાલ કાંઇ બોલ્યો નહિં; અને તેનો મિત્ર શ્યામસુંદર, જે ત્યાં બેઠેલો હતો તેની સાથે કાંઈક ધીમે સ્વરે વાતચિત કરવા લાગ્યો. બાલક, જે ત્યાં બેઠેલી હતી, તેને હિમ્મતલાલે જણાવ્યું કે "હવે તું બેલાશક સુઇ જા. હું માની પાસે બેઠો છું" તેણે પ્રથમ તો આનાકાની કરી પણ પછી જ્યારે હિમ્મતલાલે અને સાથે સાથે શ્યામસુંદરે પણ બહુ કહ્યું એટલે તે ગઇ.

દારૂ કાંઈક પણ ખરાબ કામ કરવામાં શરીરમાં જોશ આણે છે. શ્યામસુંદર, જે એક પુરેપુરો લફંગો હતો, તેણે એક બારી પાસે જઇ દારૂનો ગ્લાસ ભર્યો અને હિમ્મતને ત્યાં બોલાવીને તે પાયો. પહેલાં પણ તેણે દારૂ પીધો હતો, તે ઉપરાંત અત્યારે પણ પીધો એટલે નીશામાં ચકચૂર બની ગયો. શ્યામસુંદરે એ વખતે તેને કાંઇક ઉત્તેજક શબ્દો કહ્યા. પરિણામે હિમ્મતલાલ તેની માતાના ખાટલા આગળ ધસી ગયો અને એકદમ તેના માથા આગળના ઉશિકા નીચેથી તિજોરીની ચાવીઓ કાઢી લીધી. તેની માંદી માતા જેકોરના હૃદયને એકદમ આઘાત થયો.! તેણે ફાટે સાદે કહ્યું: "શું કરે છે, અલ્યા હિમ્મત, શું કરે છે?"

હિમ્મત—કાંઇ નહિં મા, તું સુઇ રહે. મારી બાબતમાં તું વચ્ચે ના બોલ.

તે ઓરડામાંજ તિજોરી રહેતી હતી. જેકોરનો ખાટલો એવી રીતે પાથરવામાં આવેલો હતો કે તિજોરી ઉપર તેની નજર રહે. આંખના પલકારામાં હિંમતલાલ તિજોરી આગળ ધસી ગયો અને તે ઉઘાડી. જેકોર, પોતાના પાપી પુત્રને પોતાની માંદગીમાં પણ દુરાચાર માટે પૈસા આપવા દે ખરી કે? માંદી માંદી પણ તે ખાટલામાંથી બળાત્કારે ઉઠી અને "અરે કોઈ આવો, કોઇ આવો" એમ બૂમો પાડવા લાગી. દારૂના નીશામાં ચક-

ચૂર થયલા હિમ્મત પાસે તે લથડતે પગલે પણ ગઈ અને તેનો હાથ પકડી રહી. હિમ્મતનો મિજાજ હાથથી ગયો. "આ, છોડી દે. નહિંતર અત્યારે ન થવાનું થશે. શ્યામસુંદર, આ ડોસીને કાઢ આવી" એમ કહી તેણે એકદમ હાથ તરછોડાવી દીધો.

જેકોર–"પણ બેટા, તું શા માટે–" હિમ્મતલાલ નોટોનાં બંડલ કાઢતો જતો હતો તે ઝુંટાવવા, જેકોરે ઉપરના શબ્દો બોલતાં બોલતાં, યત્ન કર્યો એટલે ગુસ્સાના આવેશમાં આવી ગયલા હિમ્મતલાલે "ડોસલી, દૂર જાય છે કે નહિં ?" એમ કહીને એવો જોશભેર ધક્કો તે વૃદ્ધ આને માર્યો કે ફરસબંધીવાળી જમિન ઉપર તે પડી ગઇ. "ઓ રા......મ, આ......શું ?" એ ઉચ્ચારજ તે કરી શકી. તેનું માથું છોબંધ જમિન ઉપર પછડાયું. તેમાંથી પુષ્કળ લોહી નિકળવા લાગ્યું. લફંગા શ્યામસુંદરે ચપળતાથી હિમ્મતલાલ પાસે જઇ કહ્યું–"ચાલ નાસી છૂટ. નહિંતર તારૂં આવી બન્યું. હું જાઉં છું—" આવેશમાં ને આવેશમાં માતાને ધક્કો તો માર્યો પરંતુ તેથી તે પડી ગઇ અને તેના માથામાંથી લોહી નીકળ્યું. એ બનાવથી અકળાયલો અને ગભરાયલો હિમ્મતલાલ મગજની વિચારશક્તિ ખોઇ બેઠો. તેને પોતાને જન્મ આપનારી માતાને લોહી નીકળતું હતું એ જાણે તે ભૂલી ગયો અને કેવળ શ્યામસુંદરે કહેલા "નાસી છૂટ, તારૂં આવી બન્યું" એ શબ્દો તેના કાનમાં ગણગણી રહ્યા. તે કશું વિચારવા રહ્યોજ નહિં અને શ્યામસુંદર કે જે એક બારી વાટે નાઠો, તેની પાછળ તે પણ નાઠો. પોતાને નવ માસ અત્યંત કષ્ટ સાથે ગર્ભમાં રાખનારી જનેતાને આવેશમાં જમિનપર પટકાવી પાડીને, પોતાનું કષ્ટ સાથે લાલન પાલન કરનારી માયાળુ માતાને લોહીના ખાબોચીઆમાં પડેલી મૂકીને, એ હાડડીઓ નાઠો !

પ્રકરણ ૧૫મું.

પશ્ચાતાપ.

દ્વિતીય પ્રકરણમાં જે દુઃખી યુવકે નદીનાં પાણીમાં અંધારી રાત્રે ભૂસ્કો મારેલો આપણે વર્ણવ્યો છે, અને જેને એક સાધુએ બચાવી લીધેલો જણાવ્યો છે, તે દુઃખી યુવક બીજો કોઇજ નહિં પણ હિમ્મતલાલ હતો !

સાધુ મહારાજ તેને સચેત કરી, નદીમાં સ્નાન કરીને જ્યારે પાછા આવ્યા, ત્યારે તે પોતે ક્યાં હતો અને કેવી સ્થિતિમાં હતો, તેનું તેણે સંપૂર્ણ અવલોકન કરી લીધેલું હતું. લમણે હાથ દઇને તે બેસી રહ્યો હતો. સાધુ મહારાજે કહ્યું: “ બેટા, તું મને ઓળખે છે ? ”

હિમ્મતલાલ—ગુરૂદેવ, હું આપને સંપૂર્ણપણે ઓળખું છું. અરેરે, મારા જેવા પાપીને આપે શા માટે બચાવ્યો ? મને શા માટે દેહવિસર્જન કરવા ન દીધું ? રે, મારાં પાપની માફી મને કદી મળનાર નથી—

ગુરૂ—પુત્ર, શાંતિ રાખ. તારી આ દશા થશે, એનો ખ્યાલ મને નહોતો એમ ન જાણીશ. મારે અચાનક મારા અન્ય શિષ્યોની સંભાળ લેવા અહિં આવવાનું થયું, એથીજ તારે આપઘાત કરવાનો અવસર આવ્યો; પણ મેંજ તને બચાવ્યો એ પરમાત્માનો આભાર માનવા જેવું છે. હવે તું પસ્તાય છે, તારા કુમાર્ગનાં ફળ તું ચાખી આવ્યો છે એટલે તારે માટે હજી સુખના માર્ગ મોકળા છે, બેટા !

હિમ્મત—પણ ગુરૂદેવ, આપ જાણો છો કે મેં હત્યારાએ શું કર્યું છે? મેં મને પોતાને જન્મ આપનારી મારી માતાનું ખૂન કર્યું છે! શા માટે? કેવળ મારા દારૂ, જુગાર અને નાયકાના નાચના શોખ પુરા કરવાના પૈસા મેળવવા માટે! કહો, આ અભાગિયા માટે હવે જગત્‌માં ક્યાંયે સ્થાન છે ખરૂં?

સાધુ મહારાજ થોડીકવાર સુધી ચૂપ રહ્યા. હિમ્મતલાલ પોતાનું મ્હોં છુપાવી રડવા લાગ્યો. ગુરૂએ કહ્યું–બેટા, ટુંકમાંજ તારી હકિકત કહે. હિમ્મતલાલે પોતાને માટે અનેક દુર્ભાગી વિશેષણો વાપરીને, જે ઘટના બની હતી તે કહી સંભળાવી. વધારામાં તેણે કહ્યું કેઃ—માતાના ખૂન પછી ઘેરથી નાસીને ગ્રાંટરોડ સ્ટેશનેથી પસાર થતી એક માલગાડીના પાછલા ભાગમાં સંતાઈ રહી, ઝળઝળીઉં થતાં હું તાપી નદીના પુલ આગળ ઉતરી પડયો. ભ્રમણ કરતો કરતો આ સ્થાને આવ્યો અને એ પછી આપને ખબર છે.

ગુરૂએ અભિપ્રાય આપ્યો કેઃ—તેં કહેલી બિના ઉપરથી ખાસ એમ ન માની શકાય કે તારી માતા મણ પામી હશેજ. તારી સદ્‌ગુણી સ્ત્રીએ એકદમ ડાકટરો મારફત તેની સારવાર કરાવી હશે તો?

હિમ્મત—ગુરૂદેવ, તે રાત્રે મારી માતા ઘણી બિમાર હતી અને તે ઉપરાંત તેને આ વાગ્યું એ જોતાં મને ખાત્રી નથી કે તે હયાત હોય. અરે, અરે, આવી કુબુદ્ધિ મને ક્યાંથી સુઝી? પ્રભો, મારે હવે શું કરવું? મને જે માર્ગ સુઝયો એ આપે બંધ કર્યો છે. આપને અન્ય સુઝતો હોય તો કહો." ગુરૂએ જોયું કે–હિમ્મતલાલના મનમાં પૂર્વનાં પાપ ડંખે છે; અને એ પાપડંખથીજ તે એક દિવસ નક્કી

શુભ માર્ગે વળી શકશે; પણ તેને હવે કેવળ બોધ આપ્યા કરવાથી તેમ થઈ શકે નહિં. કંઈક તીર્થસ્થળોએ જઈ, પાપનિવારણ માટે પશ્ચાત્તાપ કરાવી, કાશીપુરી લઈ જઈ, તેને વેદ, પુરાણો અને ધર્મગ્રંથોનાં રહસ્ય સમજાવી, પૂર્ણ ધર્મિષ્ટ વૃત્તિનો બનાવવામાં આવશે, તો પુનઃ કદી તે પૂર્વનાં દુષ્કર્મો તરફ પાછો ઢળશે નહિં. આમ કરવા માટે ગુરૂએ અત્રેના શિષ્યોને થોડોક વખત છોડીને જવું જોઇએ. ગુરૂએ, આ એક અધમ જીવને ઉદ્ધારવા માટે એમ કરવાનું નક્કી કર્યું અને હિમ્મતલાલને ફક્ત એટલુંજ જણાવ્યું કે મારી સાથે તું અહિંથી મુસાફરીએ ચાલવા આજ સાંજે તૈયાર થઈ રહે. સાંજ પડતાં આ ગુરૂશિષ્ય તીર્થક્ષેત્રઅટનાર્થે તાપીતીરેથી રવાના થયા.

પ્રકરણ ૧૬ મું.

કંટાળેલો શિશિરકુમાર.

કિશોરીના પિતા શિશિરકુમાર અને તેની નવી માતા ઉન્મતિ, તેને રાજનગરમાં વિધવાશ્રમમાં શિક્ષણ આપવાનું નક્કી કરીને મુંબઇ પાછાં ફર્યાં, પણ શિશિરકુમારનું મન ડંખતું હતું. કયાં કિશોરીની માતા મરી જવી? કયાં તે છોકરીને અવિચારીપણે પરણાવી દેવી અને કયાં તેને બાળપણમાં રંડાપો આવવો? જગતમાં માણસો ઘણીવાર ઘણાં કામોમાં ગોથાં ખાય છે. સમજુ અને ડાહ્યા ગણાતા આદમીઓ પણ, ઘણીવાર સ્ત્રીઓને લાડ લડાવવાના ઉત્સાહમાં એવાં અવિચારી કામ કરી બેસેછે કે તે માટે તેઓને આખર પસ્તાવું પડે છે. શિશિરકુમારે

ઝવેરાતના એક વેપારીની સાથે થોડાક વખતથી ભાગીદારી કરવા માંડી હતી; તેને અંગે તેને મોટાં મંડળોમાં ફરવું પડતું. અને એ મંડળોમાં જેઓ તેની પુત્રીના વીતકની વાત જાણતા તેઓ પુત્રીના કમનસિબ માટે દિલગીરી બતાવવા સાથે શિશિરકુમારને ટાંણો મારવાને ચૂકતા નહિં કે "મીસ્ટર, તમે તેને પરણાવવામાં ઉતાવળ કરી દીધી; અને તે વખતે તમારે મી૦ મનોરદાસની ઉંમરનો પણ ખ્યાલ લાવવો જોઇતો હતો." જુના રીતિ રિવાજ મુજબ તે પુત્રીને પુનઃ પરણાવી શકે એમ ન હતું; અને કદાચ સુધારકોની માફક પરણાવે પણ તેમાંયે હવે તો તેની હાંસી થવા સંભવ હતો. અર્થાત્ બન્ને પાસથી તેને મુંઝવણ હતી.

ઉન્મતિને આવી કશી બાબતની ચિંતા હતીજ નહિં. તેની દષ્ટિ હમેશાં એજ બાબતોમાં રહેતી કે-આજ સાંજે ફરવા જવા વખતે કંઇ સાડી પહેરી જાઉં? સવારના દેવ દર્શનને બહાને બહાર નિઃસરૂં ત્યારે કેવાં લુગડાં, કીયાં ઘરેણાં પહેરી જાઉં? આ ઉપરાંત કઇ સ્ત્રીના દાગીના તદ્દન નવી ફેશનનાં છે? અને એમાંથી મારી પાસે કઇ જાતના છે અને કઇ જાતના નથી? ફલાણીના ઘરના સરસામાનમાં અમુક વસ્તુઓ વધારે છે અને ઢીકણીને ત્યાં અમુક નવી ઢબની છે, તો મારે ત્યાં પણ તે કેમ ન હોય? આવા પ્રકારનું નિરિક્ષણ તે પોતાના સંબંધમાં આવનારી સ્ત્રીઓનું અને તેમનાં મકાનનું કરતી અને પછી શિશિરકુમારને પોતાની હંમેશની મીઠી, મધુર અને લલચાવનારી વાણીમાં તે ફસાવતી; પોતે જાણે કેવી તેના હિતમાં રાજી હોય, કેવી તેના દુઃખી આત્માને રાહત આપનારી દેવી હોય અને

કેવી પતિપરાયણા સ્ત્રી હોય તેમ ડાવકા અને ભોળવનારા શબ્દોજ તે બોલતી. સ્ત્રીઓના પાશમાંથી કોણ બચ્યું છે? રાજર્ષિપ્રવર ભર્તૃહરિજી ખરૂં કહી ગયા છે કે—

विश्वामित्र पराशर प्रभृतयो वाताम्बुपर्णाशना-
स्तेऽपि स्त्रीमुखपङ्कजं सुललितं दृष्ट्वैव मोहंगताः ।
शाल्यन्नं सघृतं पयोदधियुतं भुञ्जन्ति ये मानवा-
स्तेषामिन्द्रियनिग्रहो यदि भवेद्विन्ध्यस्तरेत्सागरं ॥

ભાવાર્થ—વિશ્વામિત્ર અને પરાશર પ્રભૃતિ ઋષિઓ કે જેઓ વાયુ, જળ અને ફળપાન ખાઇ નિર્વાહ કરતા, તેઓ પણ સ્ત્રીનાં સુલલિત મુખકમલ નિરખીને મોહ પામ્યા છે તો જે મનુષ્યો ઘી, દૂધ, દહીં અને ભાત ખાય છે, તેઓથી ઇંદ્રિયનિગ્રહ થાય તો વિંધ્યાચળનો સાગર તરવા જેવું છે! એટલે જેમ વિંધ્ય પર્વતે સાગર તરવો મુશ્કેલ છે તેમ માનવીથી સંયમ થવો મુશ્કેલ છે.

શિશિરકુમાર તેની જ્ઞાતિમાં સુધારક પક્ષનો ગણાતો હતો; પણ તે સુધારક નામનોજ હતો. જે સ્વાર્થસાધુ અને સ્વચ્છંતાપ્રિય યુવકો આજ કાલ સુધારાને નામે ગમે તેમ વર્તે છે, તેઓમાંનો તે એક હતો. જ્ઞાતિવ્યવહાર તોડી નાંખવો જોઇએ એવો અભિપ્રાય જાહેર કરનારાઓમાં તે ભળાતો, એનું કારણ કે તેથી ગમે તે હોટલોમાં જવાની છૂટ મળી શકે, ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેવું ખાઇ શકાય. અને તે પણ બ્રાહ્મણો જેમ જમવા વખતે દરેકવાર નાહીને જમે છે, કિંવા અબોટીઆં પહેરીને જમે છે તેમ નહિં પણ કોટ પાટલુન અને બૂટ સાથે પણ જમી શકાય અને એમાં જરાકે

કડાકૂટ જ પડે નહિં તે માટે. જેઓ કહેતા કે ધર્મપૂજા ન કરવી જોઇએ, પત્થરને તે કોણ પૂજે? એવાઓના પક્ષમાં પણ તેની હા ભળતી. એટલા માટે કે એમાંયે કશી કડાકૂટ નહિ. પત્થરમાં વળી ઇશ્વરનું, મંત્ર ભણીને આવાહન કરવું, તેને પાછા નહવરાવવા ચંદનઅર્ચા ચોળવાં, કપડાં પહેરાવવાં અને પછી પગે લાગવું, એ તે ધાંધલ શી? ફક્ત મોઢેથી Oh God! save us all હે પ્રભુ! અમારૂં સર્વનું રક્ષણ કર, એ પ્રાર્થના ઇશ્વરને કરી કે થયું. જેઓ કહેતા કે, એક કોમમાંથી બીજી કોમમાં કન્યા પરણાવવી જોઇએ અને ગમે તે સ્ત્રીને પરણી શકાય એવી છૂટ મળવી જોઇએ તેઓના પક્ષમાં એ ભાઇની સ્વારી હાજરજ રહેતી. કારણકે એમની એક સ્ત્રી મરી ગઇ ત્યારે તો કોમમાંથી ઉન્મતિ મળી પણ તેના મરી જવા પછી કન્યાપસંદગી માટે ક્ષેત્ર તો બહોળું મળે ને? કોઈ ફક્કડ સ્વરૂપવાન ભણેલી ગણેલી સ્ત્રી તો મેળવી શકાય ને?

આ બધી બાબતોમાં તે વિચાર કરીને નહિં પણ ઠીક છે એમાં તે શું ખોટું છે વળી? એમ કેવળ ઉપલક રીતિથી ભેળાતો. આવી આવી કેટલીક બંધન વિનાની અને સ્વચ્છંદ બાબતોમાં પોતાનો સ્વાર્થ સરતો હોવાથી શિશિરકુમાર જોડાતો અને પોતાને સુધારક મનાવતો. બોલવામાં શું જાય છે? વર્ત્તવાનો વખત આવશે ત્યારે થઇ રહેશે, આવા પ્રકારની લાગણીથીજ ઉત્સાહી યુવાનો સુધારક પક્ષમાં ભળે છે. કવિ નર્મદાશંકરનું "ધર્મ વિચાર" નું પુસ્તક વાંચનારાઓ તુરતજ જોઇ શકશે કે કવિ પોતાની યુવાનીમાં સુધારાના પક્ષમાં ભળ્યા હતા પણ પાછળથી તેમણે પોતાના એ વિચારો ફેરવ્યા હતા. સુધારકો ઘડી ઘડીમાં પોતાના

વિચારો ફેરવે છે અને ફાવે તે વખતે ફાવે તેમ વિચારો જાહેર કરે છે તેથીજ તેઓનો પક્ષ—ભલે બહારથી ઘણાઓનો લાગે પણ તે અંદરખાનેથી આપણી કથાના શિશિરકુમાર જેવોજ હોય છે કે જેઓ વર્તન કાંઇનું કાંઈ કરે અને બોલે કાંઇનું કાંઇ. મનોરદાસ જેવા ૫૫ વર્ષના આદમીની વય, તેની પત્નીને મોટી ન લાગી એટલે તેને પ્રસન્ન કરવાના હેતુથી તેને પોતાને પણ તે મોટી ન લાગી. તેની બૈરીને શોકયની છોકરીને દૂર કરવી હતી એટલે નાનપણમાં પરણાવવામાં તેને લાભ હતો. શિશિરકુમાર કે જે પોતાની બૈરીનીજ આંખે જોતો હતો તેણે નિષ્કાળજીથી તેને ગમે તે કરવા દીધું. બાકી તેણે તે વખતે લગાર કડક થઇ કન્યાને મોટી થવા દીધી હોત, ભણવા દીધી હોત. તેને આમ બાળરંડાપો ન આવત તો તે બાળકીનાં વૃદ્ધ સાથે લગ્ન કર્યા પછી તે વિધવા થતાં હવે જો સુધારક ગણાઇને શિશિકુમાર તેનું પુનર્લગ્ન કરે તો તે મૂર્ખજ ઠરે એમ હતું.

આપણામાં સુધારા કરવા જોગ છે પણ તે શેમાં? જ્ઞાતિઓના કેટલાક ખરાબ રીતરિવાજોમાં; જ્ઞાતિઓની કેટલીક જોહુકમીમાં; જુવાન સ્ત્રીઓને આધેડ વયની અજ્ઞાન સાસુઓના ત્રાસમાંથી છોડાવવાની બાબતમાં, ખોટા વહેમો અને ખોટા વિચારોથી કેટલાંક બૈરાંઓની જે જીંદગી નષ્ટપ્રાય થઇ જાય છે તેમાં, અને એવીજ બીજી બાબતોમાં. જ્યારે આવા સત્ય સુધારાઓ આપણામાં પૂર્ણ વિચાર પછી થશે, ખરી અગત્યની સંસ્કૃતિ શેમાં રહેલી છે, એ જ્યારે વિચારવામાં આવશે અને બીજી પ્રજાઓની દેખાદેખી તજી દઈ આપણા દેશમાં આપણને શું અનુકૂલ થઇ પડે તેમ છે તે સંબંધમાં ધ્યાન આપવામાં આવશે ત્યારેજ આપણો ઉદય થશે. બાકી ચાલતી સંસ્થાઓને લાત મારી નવાં તડો પાડવાં, જુની ઝુંપડીઓ તોડી પાડી, નવાં મકાનો બાંધવાં, એમાં ખાસ લાભ સમાયલો નથી.

પ્રકરણ ૧૭ મું

દુઃખી બહેનની અરજ.

અલક ઉપર જો દુઃખભાર પડ્યો હતો તે સહન કરવાની એ સદ્દગુણી સ્ત્રીમાં અજબ શક્તિ આવી. જ્યારે હિમ્મતલાલની માતાએ બુમો પાડી કે "કોઈ આવો કોઈ આવો" ત્યારે અલક અને કેટલાક નોકરો એકદમ ત્યાં દોડી આવ્યા હતાં, પરંતુ એ વખતે કશો વિચાર કરવા ન રહેલી હિંમતલાલ અને શ્યામસુંદરની જોડી બારી વાટે નાશી ગઈ હતી. અલકે એક નોકરને મોકલીને એકદમ ડાકટરને બોલાવ્યો. તેની સાસુના હૃદયમાં ધબકારા થતા હતા તેથી તે જીવિત છે એમ તો લાગતું હતું પરંતુ તેને મૂર્ચ્છા વળી હતી. અલકે પાણી ગરમ કરાવ્યું અને ડાકટર આવી પહોંચે તે પહેલાં તેને ત્યાંથી ઉઠાવી બીજી જગ્યાએ એક પથારીમાં સુવાડી. અલકની તિજોરી તરફ નજર ગઈ. તેણે જોયું કે તિજોરી ઉઘાડી હતી. અને કેટલીક નોટો નીચે વેરાયલી પડી હતી. તેણે બધું અંદર મૂકી ઠીકઠાક કરી ચાવી પોતાની પાસે રાખી લીધી. "ત્યારે શું માતાનું તેઓ ખૂન કરી જતા રહ્યા ? અને તે ઘરનાજ પૈસા ચોરીને ? હા પ્રભો ! કેવો હડહડતો કલિયુગ ! પતિ, પતિ, આવી કુમતિ તમને ક્યાંથી સુઝી ?" આવા વિચારમાં તે હતી એટલામાં ડાકટર આવી પહોંચ્યો; તેણે તેને અથેતિ બિના કહી. ડાકટરે ગરમ પાણીથી ઘા ધોઈ નાંખ્યો અને જેકારને શુદ્ધિમાં લાવવા યત્ન કર્યો. વિશેષ તપાસમાં તેને લાગ્યું કે એને શુદ્ધિમાં

લાવ્યા પછી એ જીવી શકશે નહિં. ધીમે ધીમે તે શુદ્ધિમાં આવી પણ તે પાંચ ક્ષણ માટેજ. સચેત થઈ, આંખો ઉઘાડી આસપાસ જોઇ તેનો પ્રાણ તેના ખોળીઆમાંથી નીકળી ગયો, કહો કે પુત્રને હાથેજ ઘવાઇ તેનો દેહ તજી ગયો.

અલકની આસપાસ સગાંમાં હવે કોણ હતું? તેનો ભાઇ શિશિરકુમાર હતો; પણ તે અવ્યવસ્થિત મનનો અને નિષ્કાળજીવાળો માણસ હતો એ તે જાણતી હતી, છતાં તેને આ વખતે બોલાવવો તો જોઇએજ. તેણે તેને બોલાવ્યો. ડાકટરે, "ફરસબંધી ઉપર પડી જવાથી થયલી ઇજાઓને પરિણામે નીપજેલું મૃત્યુ" એવું સર્ટીફીકેટ લખી આપ્યું. આવી બાબત છુપાવી છુપી રહે નહિં. પોલીસ લોકોને ખબર પડી અને તેઓએ તપાસ ચલાવી. બાઇની લાશ ઉપર બીજે દિવસે સવારના જુરી ભરાઈ અને તેણે એજ અભિપ્રાય આપ્યો કે, તેના બેટાએ તેનું ખૂન કર્યું છે અને તે નાણાં લઇને નાસી ગયો છે.

હિમ્મતલાલ સામે વારંટ નીકળ્યું. તેના નામ ઉપર કાળી ટીલી ચ્હોંટી અને અલકના દુઃખની અવધિ રહી નહિં.

સહનશીલ સન્નારીઓને આપણા સંસારમાં કેવાં દુઃખ પડે છે, તેનો આબાદ નમૂનો આ અલકના દૃષ્ટાંત ઉપરથી મળી આવશે. એ નીતિમતિ નારી પરમ પતિવ્રતા હતી. પતિનું શુભ ચિન્તન, સાસુની સદાય સેવા અને ઇશ્વર પ્રત્યે આસ્થા એ ત્રણ ઉત્તમ ગુણો તેનામાં હતા. એ બાળાને આજ દુઃખોદધિમાં ઝબકોળાવું પડયું.

જેકોરના મરણને ત્રણ ચાર દિન થઇ ગયા પછી અલક અને શિશિરકુમાર એ મકાનમાં બેઠાં બેઠાં નીચે મુજબ વાતચિત કરતાં દષ્ટિએ પડતાં હતાં:—

અલક—ભાઈ, આપણા કુટુંબ ઉપર આ આપત્તિઓ ઘણીજ ભારે આવી છે. બબ્બે માસમાં આવી આપત્તિ કંપાવી નાંખનારી છે. ભાઇ, હું નક્કી માનું છું કે માણસ પોતાનું દુઃખ પોતાની મેળેજ ઉત્પન્ન કરે છે. અમારા ઘરનો દાખલો તદ્દન એવોજ છે. અનીતિનો માર્ગ, આવાં પરિણામ લાવે એ નક્કી છે. હવે એમનાથી ક્યાંયે મોઢું નહિં બનાવી શકાય, મને શોક એટલોજ થાય છે કે, એમને સારે માર્ગે લાવવાના પ્રયત્નો આખર સર્વ ફોક નીવડયા—

શિશિરકુમાર—અલક, તું નક્કામો જીવ બાળે છે. એમ કર્યાથી કશું વળવાનું નથી. બનનાર હતું તે બની ગયું. હવે તું શું કરવાનો ઇરાદો રાખે છે તે જણાવ—

અલક—ભાઈ, હું હવેજ મારે જે કરવાનું છે, તે કરીશ. મારા દેશની અનેક સહનશીળ સ્ત્રીઓ દુઃખોથી રીબાય છે, તેમના ઉદ્ધાર માટે પ્રયત્ન કરીશ. જે નાણાં ખરાબ માર્ગે વપરાતાં બચ્યાં છે, તે સારે માર્ગે વાપરીશ. મહિલામંડળ સ્થાપીશ અને તેમાં કેળવણી, ધર્મ અને નીતિના પાઠ મારી બ્હેનોને શીખવીશ. મને મારાજ કામમાં, કમનસિબે કહો કે સારે નસિબે કહો પણ થોડાંકજ વર્ષમાં મદદ કરનારી મળી જશે અને તે મારી ભત્રીજી અને તમારી પુત્રી કિશોરી છે. ભાઇ, તમે એની બાબતમાં બેદરકારી માટે જેટલા ઠપકા પાત્ર છો એટલું કોઇ નથી. એક રાત્રે તમે અને ભાભીએ વિચાર કર્યો કે અમુક માણસ સાથે તેને પરણાવી દેવી. બીજી રાત્રે તમે તેનાં લગ્ન પણ કરી દીધાં અને પછીજ અમે જાણ્યુ કે તેને પરણાવાઇ ! એ પછી એક માસમાં અમે શું સાંભળ્યું ? તે વિધવા થઈ ! આમ થોડાકજ વખતમાં એ ઉછરતા છોડને

કરમાવું પડયું, એ કેટલું બધું અફસોસકારક છે ? તમે તેને વિધવા શ્રમમાં મૂકી છે એ ઠીક કર્યું છે અને એટલી તમને સન્મતિ આવી એ ઇશ્વરનો પાડ માનવા જેવું છે પણ જો તમે આ કાર્ય માટે ખરા મનથી પસ્તાતા હો તો મારૂં સાંભળો. તમે જાણો છો કે મારે હવે કશાનો ખપ નથી. મને ખરૂં બોલવામાં હવે કોઇનો ભય નથી અને ખરૂં બોલવા માટે મને માફ કરશો. નવી ભાભીને તમે ઘણાંજ લડાવ્યાં છે. તેમણે પોતાના એક વૃદ્ધ સગા સાથે તમારી છોકરીને–નહિં કે પોતાની છોકરીને–પરણાવી દીધી, એમાં તેમનો અધમ હેતુ હતો અને હું ખાત્રીથી કહું છું કે અત્યારે તેમના અંતરમાં જરાકે બળતરા થતી નહિં હોય. ભાઇ, તમારા પૈસા ઉપર અંકુશ રાખો. જુઓ કે ભાભી કેવાં કેવાં ખર્ચ કરે છે. મેં સાંભળ્યું છે કે બજારમાંથી તેઓ દરરોજ નવો નવો માલ, લુગડાંલત્તાં, દાગીના લાવે છે. અત્તર સેંટ આદિ પણ ભારે કિંમતનાંજ વાપરે છે. આટલી બધી મોજ શોખ શામાટે? તેમણે શરૂઆતમાં સ્ત્રીશિક્ષિકા રાખી હતી. જરાક ભણ્યાં કે તેમણે તેને રજા આપી. હારમોનીઅમ માટે એક શિક્ષક રાખ્યો હતો. તેમાં ગાયનો બધાંયે નાટકી અને "પ્યારા પ્યારી" નાંજ શીખ્યાં. નીતિનાં, બોધનાં કે જ્ઞાનનાં ગાયનો ભાગ્યેજ તેમને આવડતાં હશે. ભાઇ, ભાઇ, ગુસ્સે ન થશો. મારે તમારા સંસારમાં વિષ ભેળવવું નથી. હું તો દુઃખી છું પણ હું મારૂં દુઃખ પરોપકારથીજ દૂર કરવા માગું છું અને આપણા કુટુંબમાં બધાંયે દુઃખી થાય–થતાં જાય તથા આપણું ભવિષ્ય ઘોર અંધકારમાંજ રહે, એ વિચારથી હું કંપુ છું, ડરું છું અને તેથીજ હું તમને એટલી ચેતવણી આપું છું કે હવે ઘોર નિદ્રામાંથી જાગો. થયલું

સહુ વિસરી જાઓ પણ વર્તમાન અને ભવિષ્ય સુધારવા યત્ન યોજો. ભાભીને જો મોજશોખ વિના ન ચાલતું હોય તો તમે અહિંથી વસવાટ મૂકી દો. ગામડાની સરળ અને સાદી જીંદગી ગાળવાનું નક્કી કરો. ભાભી એની મેળે ઠેકાણે આવશે. તમારી દુઃખી બહેન આજ તમારી પાસે એટલુંજ માગી લે છે કે-તમે તમારી ભયંકર ભૂલો ધોઇ નાંખવા માટે એ એકજ રસ્તો લ્યો અને તે સાદાઇથી ભરપુર સરલ અને શાન્ત ગ્રામ્યજીવનનો-

શિશિરકુમાર આ સઘળું મૂંગે મ્હોંયે સાંભળયા કરતો હતો. અલકની વાણી તેના હૃદયમાં આરપાર જતી હતી. પસ્તાતા અને ડંખતા હૃદય આગળ એજ વિચારો જો વધુને વધુ આવ્યા કરે તો તેનું કાંઇક સાર્થક થાય છે ખરૂં. તેણે કહ્યું—બહેન, તારૂં કહેવું હું સમજયો છું. એમ ન ધારીશ કે-મારા મનમાં એ માટે કશી ચિંતા નથી. સારા લોકોમાં મારાથી હવે ઉભા નથી રહી શકાતું. મારા ઘણા બટકબોલા દોસ્તદારો મને કિશોરીની બાબતમાં ઠપકો આપ્યા કરેછે. મારાથી તેમને કશો ઉત્તર વાળી શકાતો નથી. આવી સ્થિતિમાં હું એટલો બધો ગુંચવાઈ ગયો છું કે શું કરવું, તેની સમજ પડતી નથી. તારા કહેવા ઉપર હું વિચાર કરી જોઇશ અને મને પણ હાલમાં એજ માર્ગ ઠીક લાગે છે કે કંઇ નહિં તો થોડોક વખત પણ અહિંથી જતા રહેવું.

અલક—ભાઇ, થોડાક વખતનો વિચાર ન કરતા—મને તો એમજ લાગે છે કે તમે મુંબાઈ તજી જાવ. વગર વિચાર્યે ખર્ચ કરનારાઓ માટે મુંબઇ નથી. લાખોના માલિકોને પણ અહિં પલકમાં દેવાદાર થવું પડે છે માટે તમે હવે તમારૂં બધું સંભાળીને કૃપા કરીને દેશમાં જાઓ.

શિશિરકુમાર ઘેર જઇ, આ બાબતમાં એક ચિત્તે વિચાર કરી જોઇ, ઉન્મતિને તો ધમકાવી શકે એમ હતું નહિં કેમકે એવી રીતે તેને દાબી શકાય એટલી બધી તેનામાં હિંમત ન હતી તોપણ તેણે ઉન્મતિનાં ખર્ચનાં આંકડાઓ મંગાવ્યા અને ૭ સાતદિવસમાં તેને જણાયું કે ખરેખર તે આંકડા ૫ થી ૬ હજારના થવા જતા હતા. આગલાં ખર્ચ અને હાલનાં ખર્ચ સાથે ગણતાં તેને લાગ્યું કે જો આમને આમ તે ચાલવા દે તો જરૂર એક વર્ષમાં તેને દેવાદાર થવું પડે. મુંબઇમાં રહીને ખર્ચમાં કાપકુપ કરાવવી એ બાગે તો હતોજ નહિં. અલકનું કહેવુ તેને તદન વાજબી લાગ્યું. ત્યારે શું કરવું ? કાંઇકિ બહાનું કાઢીને ઉન્મતિને હાલમાં તો પર ગામ લઇ જવીજ; આમ કેટલીક ગડભાંગ પછી, તેણે એક માસમાં બધું સમેટીને મુંબઇથી જવું એમ નક્કી કર્યું. કોઇ તદ્દન ગામડાંગામમાં તો નહિં પણ રાજનગરમાં રહીને સાદાઇના પાઠ શીખવી શકાશે, એમ તેને લાગ્યું; તેણે ઉન્મતિને એ વિચાર જાહેર કર્યો. ઉન્મતિએ કહ્યું—કેમ ? મુંબાઇ છોડી જવાનું આપણને કારણ શું—?

શિશિરકુમાર—વેપારની બાબતમાં તું શું સમજે ? મારા ભાગીદારને ખોટ આવે એમ છે. એટલે અમારી પેઢી તે બંધ કરવા માગે છે. તે પણ અહિંથી જશે અને હું પણ જઇશ. વળી મારૂ મન પણ હમણાં અકળાઇ ગયલું છે. તબિયત સારી રહેતી નથી તેથી નાહક વધુવાર અહિં રહેવામાં લાભ નથી. એમ હું માનું છું.

ઉન્મતિ—પણ એથી આપણું બધું.—

શિશિરકુમાર—જો, તું મારૂં અને તારૂં બન્નેનું શ્રેય ચહાતી હોય

તો એ પણ બણુ રહેવા દે. મુબાઇમાં સાદાઈ મારાથી કે તારાથી પળાતીજ નથી. હુંયે ખર્ચ કરૂં છું અને તુંયે ખર્ચ કરે છે. જો આપણે આમને આમ કર્યા જઇએ તો પછી આપણને ભવિષ્યમાં ભૂખેજ મરવું પડે.

ઉન્મતિઃ આ બધો વિચારો વળી કોણે તમારા મનમાં ભરાવ્યા ?

શિશિરકુમાર તું, નક્કામું લાંબુ કરે છે. કંટાળેલા માણસને વધુવાર ન પજવીએ, સમજી? હું તને ટુંકમાં કહું છું તે ઠીક છે કે હવે આપણે આવતા માસથી રાજનગર જવાનું છે. મારી વેપારી સ્થિતિ જોતાં એ રસ્તો ઠીક છે.

આમ શિશિરકુમારે સખ્ત રીતે નહિં તો બીજી રીતે ઉન્મતિને રાજનગર જવાનો નિશ્ચય જાહેર કરી દીધો અને તેણે ઘણી આનાકાની પછી તે માટે હા પાડી; પણ તેણે કહ્યું કે મને ત્યાં નહિં ગમે તો પછી તમે અહિં પાછા લાવશો ને ? શિશિરકુમારે હા કહી.

પ્રકરણ ૧૯ મું.
ઉન્મતિ કેમ ઠેકાણે આવી ?

ખરૂં કહ્યું છે કે **स्वभावो दुरतिक्रमः** "પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?" શિશિરકુમાર, ઉન્મતિને મુંબાઇથી વેપારમાં ખોટ આવવાનું બહાનું કાઢીને રાજનગર લાવ્યો. તેના કહેવા પ્રમાણે ખોટ તેના વેપારમાં હતી; કાંઇ ઉન્મતિને ખોટ નહતી ! રાજનગરમાં આવ્યે થોડાક દિવસ થયા એટલે કાપડવાળાઓની દુકાને જઇ, શિશિરકુમારનું ઓળખાણ બરોબર આપી,

ઉન્મતિએ માલ ઉધાર લેવાનું શરૂ કર્યું. રાજનગર દિનપ્રતિદિન મુંબાઇના જેવુજ થતું જાય છે. ત્યાં પણ ફેશનના ભપકા નથી એમ નથી. એટલે નવી નવી જાતનાં કપડાં, તેની નવી જાતની સિલાઈ–એ બધું રાજનગરના શ્રીમંતો માટે રાજનગરમાં સગવડ ભરેલું હોય છે ખરૂં. ઉન્મતિએ લગભગ બધોએ પોતાનો મુંબાઇનો ક્રમ ચાલુ રાખ્યો આશરે એકાદ માસ થતાં શિશિરકુમારે ઉન્મતિની રીતિ સંબધમાં સરવાયું કાઢવા માંડયું તો તેને કશોયે ફેર ન લાગ્યો. "હવે શું કરવું? આ પ્રમાણે જો અહિં પણ ચાલુ રહે તો ભયંકર ભવિષ્ય શિવાય બીજું શું હોઇ શકે?"

રાજનગરમાં આવ્યા પછી શિશિરકુમારે તેની પુત્રી કિશોરી અને તેના પુત્રો હીનુ તથા નાનુને પોતાને ત્યાંજ રાખવા માંડયાં હતાં. અને તેઓ સાથે હમેશાં આનંદમાં વાતો કરવાનો ક્રમ રાખ્યો હતો. રોજના નિયમ પ્રમાણે કિશોરીએ એક દિવસે સાયંકાળે પોતાના પિતાને આનંદી સ્વભાવના ન જોયા ત્યારે તે ચિંતાતુર બની. શિશિરકુમારે પોતાના ગમગીન ચહેરાનું કારણ કિશોરીને કહ્યું નહિં. તેણે ઘણા ઘણા પ્રશ્નો કર્યા પણ તે વ્યર્થ ગયા. પુત્રીએ કારણ તો શોધવાનો નિશ્ચયજ કર્યો હતો. ધીરે રહીને તેણે પોતાની નવી માતાની વાત કાઢી. તેઓ સ્વભાવે સારાં છે, મીઠાબોલાં છે, કદિ વઢતાં નથી, એમ કહીને તેણે તેનાં વખાણ કરવા માંડયાં. થોડીવાર શિશિરકુમાર તેની સામું જોઇ રહ્યો પણ પછી બોલ્યો: "ઓ બાળકી! તું શું જાણે એની મનોગત લાગણીઓ? ઇંદ્રવાયણાં ફુલ જે ઉપરથી સારાં રંગનાં હોય છે પરંતુ અંદરથી ઝેરી હોય છે, તેવી આ તારી નવી માતા છે! તેના પોષાક તરફ, કોઇવાર તારૂં ધ્યાન ગયું છે? તેનાં ઘરેણાં તરફ,

તેની દરરોજની વપરાશની એકકે એક વસ્તુ તરફ તારૂં ધ્યાન ગયું છે? કેટલું બધું લખલૂટ ખર્ચ ચાલે છે તે તું જાણે છે? આજ મેં તેનો હિસાબ તપાસ્યો અને લુગડાં લત્તામાં એક માસમાં કેટલું ખર્ચ થયું છે, તેનો આંકડો માગ્યો તો રૂા. ૮૦૦નાં બિલ તેણે મારા હાથમાં હસ્તે હસ્તે મૂકયાં. તેમાં બે ત્રણ મોંઘી દાટ સાડીઓના, તે ઉપરની મોંઘી કોરોના મળીને રૂા. ૪૦૦ થયા છે અને તે ઉપરાંત, કંઈ નવી નવી જાતનાં પોલકાં, હાથની કંઇ નવી ફેશનની મોતીની બંગડીઓ વગેરે પણ તેણે ખરીદ્યાં છે. તેણે મારૂં નામ દઇ બજારમાંથી કાપડીઆઓ ને ત્યાંથી માલ ઉધાર આણ્યો છે અને સહુને એકકેક માસના વાયદા કર્યા છે. આથી વધુ ભારે ખર્ચ તે મુંબાઇમાં કરતી હતી અને ત્યાંથી સાદાઇના પાઠ શીખવવા મેં અહિં આણી અને રોકડ પૈસા આપવા બંધ કર્યા તો તેણે ઉધાર ઉપર કામ ચલાવ્યું. ઘણા વેપારીઓ એવી રીતે માલ આપે છે. ફકત શરૂઆતમાં કોઇ ત્રીજા આસામીની મારફત માલ લેનાર ધણીની ઓળખાણ, તેની સ્થિતિ સંબંધી વિગતો તેઓ મેળવે છે. આવી ઉડાઉ ખર્ચવાળી સ્ત્રી, તને મીઠા બોલી અને ડાહી લાગી પણ તેમ ખરી રીતે નથી."

કિશોરીઃ પિતાજી, આજ દુઃખથી તમે ચિંતાતુર છો ને? એવી રીતે રીત ઉપરાંત ખર્ચ થાય કે?

શિશિરકુમાર—"પુત્રી, તારા જેવી સમજુ અને ડાહી બધી સ્ત્રીઓ નથી હોતી" એ દિવસે દિવાબત્તીનો વખત થયો ત્યારે બહારથી ઉન્મતિ ઘરમાં આવી. શિશિરકુમારે આજ તેને સખ્ત ઠપકો આપવા વિચાર કર્યો હતો. તે પોતાના હમેશના રિવાજ પ્રમાણે હસતી હસતી અને ગમે તેવું ચેષ્ટા ભરેલું બોલતી બોલતી, શિશિર-

કુમાર મારી પાસે આવી. શિશિરકુમારે કહ્યું : આવતી કાલથી તને હું ઘરમાંથી એક મિનિટ પણ બહાર જવા દઇશ નહિ. તારૂં ઉડાઉ ખર્ચ અહિં પણ તેં ચાલુ રાખ્યું છે. મુંબઇથી આવતી વખતે મેં તને આ બાબતમાં જાણી જોઇને કશું કહ્યું નહતું પણ હવે તે કહ્યા વિના ચાલે તેમ નથી. જો આમને આમ તારે લખલુટ ખર્ચ કર્યાજ કરવું હોય, નવાં કપડાં અને નવી વસ્તુઓ હરહમેશ વગર વિચાર્યે લાવીજ જવી હોય તો તારે કાલથી તારે પિયર જવું પડશે; અને પિયર ન જવું હોય તો આ ઘરની બહાર એક પણ ડગલું તારાથી ભરાશે નહિં પણ ઘરમાં ને ઘરમાંજ રહેવું પડશે !

ઉન્મતિ—પણ લુગડાં કાંઇ પહેર્યા વિના ચાલે ? જોઇએ તે તો લાવવાંજ જોઇએ ને ?

શિશિરકુમાર : ઘરમાં પડયાં હોય તે બધાંમાં તો પહેલાં પૂળો મૂક ? તે પછી નવાં આણ ને ? કાંઇ હું લક્ષેશ્વર નથી કે તારાં દરેકે દરેક ખર્ચને પહોંચી વળી શકું ? તારી ઓરમાન છોકરીને હાથે કરીને કુવામાં ઝબકોળ્યા પછી, તને આવી રીતે નવાં નવાં ફેશનેબલ કપડાં પહેરીને ફરતાં શરમ પણ આવતી નથી ?

ઉન્મતિ—મેં એને શી રીતે કુવામાં ઝબકોળી છે ?

શિશિરકુમાર—એ તારા અંતઃકરણને પૂછ. તારાં કશાં બહાનાં ચાલશે નહિં, હું તને સાફ સાફ કહી દઉં છું કે ગઇ ગુજરી હું નથી સંભારતો. થયલું બધું વિસરી જઇ, તને માફ કરૂં છું. પણ આજ પછી જો મને પૂછયા વિના ઉધાર કાંઇ પણ ચીજ કોઇને ત્યાંથી આણી તો તેનો જવાબદાર હું રહીશ નહિં એટલુંજ નહિં પણ તેના પૈસા આપીશ નહિં અને તને આ ઘરમાંથી કાઢી મૂકી, તારે પિયર મોકલી દઇશ.

ઉન્મતિએ રૂદન શરૂ કર્યું: "મને આમ નાહક શા માટે સતાવો છો ? મારે આપણા મોભા પ્રમાણે તો કપડાં પહેરવાં જોઈએ. એ તે લીધા વિના ચાલે? એમ મારાથી શી રીતે રહી શકાશે ?"

શિશિરકુમાર—જો બીજાનાં સારાં કપડાં જોઇને તારી આંખ લોભાતી હોય તો એ આંખમાં ધગધગતા શળીઆ ખોસ કે કદી તને લાલચ નહિં થાય. સરળતા, સાદાઈ અને કરકસરથી રહેવાની ટેવ તને એની મેળે પડશે ?

ઉન્મતિ—ત્યારે તમે હવે મારી ઉપર જુલ્મજ કરવાનું નક્કી કર્યું છે ને ? હું તમને આવા નહોતી જાણતી ! આટલી બધી સખ્તાઇમાં મારાથી રહેવાશે શી રીતે ? મને આ દુ:ખ કરતાં ઇશ્વરે જન્મ ન આપ્યો હોત તો સારૂં થાત. સારાં સારાં કપડાં પહેરવાં એમાં શું મેં ખોટું કામ કર્યું છે, એમ તમે ગણો છો ? ઇશ્વરે સમૃદ્ધિ આપી છે તો તો વાપરવા દો !

શિશિરકુમાર આવા બોલોથી વધુ કંટાળી ગયો. તે ચ્હીડાઇને બોલ્યો: "ઓ સ્ત્રી ! તું ત્યારે મારા પૂર્વ જન્મની વૈરીજ હોવી જોઇએ. નહિંતર મારી મનાઇ છતાં તું શા માટે વિરૂદ્ધ શબ્દો બોલતી જાય છે ? એટલુંજ નહિં પણ જાણે એમ સાદાઈ રાખવામાં તારી ઉપર મોટું કષ્ટ આવી પડયું હોય એમ શા માટે કલ્પી લે છે ? મારી બાળવિધવા પુત્રી કિશોરી આગળ તારૂં કલ્પિત દુ:ખ કશા લેખામાં નથી ! અરે ! તે તો બિચારી જીવતે મુએલી છે અને તેના દુ:ખનું એક કારણ તું પોતે હોવા છતાં તને લેશ પણ પસ્તાવો થતો નથી અને તું સામા ઉત્તર આપે છે. આ એક તારા જેવી ઉડાઉ સ્ત્રીનો મારા ઉપર જુલ્મ છે; નહિં કે તારા ઉપર મારો જુલ્મ

છે. હું બીજું કશું હાલ તુત કહેતો નથી. તું મારી આગળથી દૂર થા અને મેં કહ્યું છે તેમ કરશો પણ લવલવાટ કર્યા વિના કાલથી કશું પણ મને પૂછ્યા વિના રોકડથી કે ઉધાર ખરીદીશ નહિં."

એટલું કહી તે ત્યાંથી જતો રહ્યો. ઉન્મતિની ગુંચવણો વધી. ઉડાઉપણાની ટેવ હવે ગમે તે પ્રકારે મૂકવી જોઇએ પણ તે કેમ મૂકાય? અમુક વસ્તુ તો જોઇએજ! તેના વિના કેમ ચાલે? અમુક વસ્તુ વિના તો બીજું બધું નકામું! આવી કેટલીક ગણત્રીઓ તે કરવા લાગી. તેણે કેટલીકવાર સુધી વિચાર કર્યા પછી પતિનું કહેલું નકામું ગણ્યું અને તે ઉપર લક્ષ ન આપવું એમ નક્કી કર્યું. શિશિરકુમારે બીજી પાસ આંકડાવાળાઓને પૈસા તો આપ્યા પણ તેઓને જણાવ્યું કે હવે તમેં તેને ઉધાર માલ આપશો તો તેનો જોખમદાર હું નથી; અને આવી રીતે તમે જે માલ આપશો તેના પૈસા તમને હું આપીશ નહિં.

બે ત્રણ દિવસ ઠીકઠાક ચાલ્યું પરંતુ તે પછી ઘરમાં પાછી નવી નવી વસ્તુઓ આવવા લાગી. કિશોરી આગળ તેના પિતાએ ઉન્મતિના ખર્ચ સંબંધી વાતચિત કરી હતી. તે ઉપરથી તે જાણીતી થઇ હતી કે પિતાને એ વાત પસંદ નથી. શિશિરકુમારને કાને પાછી ઉન્મતિની વસ્તુઓ આણવાની ટેવની વાત ગઇ. તે ગુંચાયો. હવે શું કરવું? તે તેનાં ખર્ચોથી કંટાળી ગયો હતો અને એજ કંટાળાથી તેનું મગજ બહેર મારી ગયું હતું. તેને પિયેર કાઢી મૂકવી એથી ગામમાં નકામો ફજેતો થાય; એણે બોધ આપ્યો પણ તેણે માન્યું નહિં; અને હવે કાંઇ તેને મારકુટ કરવી, એમ તે થાય! શિશિરકુમાર એવું પગલું ભરે એમાંનો આસામી નહતો. તેને કાંઈ

ઉન્મતિ ગમતી નહોતી એવું નહતું; તેની ઉડાઉ ટેવ ગમતી નહતી. ત્યારે કરવું શું? કંઇને કંઇ વિચારો કરતાં તેને કાંઇક ભયંકર ખ્યાલ આવ્યો. તે સાંજના નિયમ પ્રમાણે કિશોરી પાસે બેઠો નહિં. તે પોતાના લખવાના ઓરડામાં કાંઇક લખવા બેઠો. આ બાજુ કિશોરી વિમાસણમાં પડી કે આજ પિતાની હીલચાલ કેમ કાંઈ જુદીજ રીતની જણાય છે? ન કોઇ સાથે બોલ્યા કે ન કોઇને કાંઈ કહ્યું અને કેવળ લખવાના ઓરડામાંજ જઇને બેઠા, એ શું? તે ધીમે રહીને એ ઓરડામાં ગઈ અને પિતાનું ધ્યાન લખવામાં હતું ત્યારે ચૂપકીદીથી તેમની ખુરશીની પાછળ જઇને ઉભી રહી. થોડી વારે શિશિરકુમાર લખી રહ્યો અને તે પછી એકદમ પોતાના ખિસ્સામાંથી પિસ્તોલ કાઢીને ફોડવા જતો હતો ત્યાં કિશોરીએ એકદમ તેનો હાથ પકડી લીધો! તે ચોંકયો અને પાછળ જોયું. તે તેના હાથમાંથી કાંડુ છોડવવા જતો હતો પણ તેમ કરવા જતાં પિસ્તોલ ફુટી અને ધડાકો થયો. ત્યારે નસિબે કોઇને કશી ઇજા થઇ નહિં. કિશોરીએ તે લખેલો કાગળ લઈ લીધો અને પિસ્તોલ દૂર ફેંકી દઈ પિતાના પગ આગળ બેસી પડી. નિરાશ થયલો શિશિરકુમાર ટેબલ ઉપર ઉંધું માથું નાંખી પડી રહ્યો. પિસ્તોલનો અવાજ થવાથી ઉન્મતિ, જે ઘરના બીજા ભાગમાં હતી તે ત્યાં દોડી આવી. લીલી પણ દોડી આવી અને છોકરાઓ પણ આવ્યા. કિશોરીએ આ વખત જવા દેવા ઠીક ન વિચાર્યો. તેણે પિતાનો લખેલો કાગળ એકદમ ખુલ્લો કરીને લીલીને આપ્યો અને લીલીએ તે મોટે સાદે વાંચવા માંડયો.

"ક્યાં મારી જુની સ્ત્રી પદ્માવતિ મરી જવી અને ક્યાં મારૂં નવી સ્ત્રીને પરણવું? હું ન પરણ્યો હોત તો સારૂં થાત કેમકે

એ નવી સ્ત્રીએ મારૂં ઘરબાર ખેદાન મેદાન કર્યું છે. તેણે એક વૃદ્ધ સાથે મારી નાની બાળકીનાં અદેખાઇથી લગ્ન કરાવ્યાં હતાં અને પરિણામે તે બિચારી વિધવા થઇ છે. મારા કુટુંબમાં મારી બહેન ઉપર પણ ગજબ વરસ્યો છે. તે સર્વ બનાવોની એ નવીના હૃદય ઉપર કશી અસર થઈ નથી અને તેણે ઉડાઉ ખર્ચો કરી ફેશનમાં મારૂં સર્વસ્વ ગુમાવ્યું છે. મારા ઘરની તિજોરી ખાલી થઇ ગઇ છે. અને તેને ચેતવણી આપ્યા છતાં તેનાં ખર્ચ જયારે હજી પણ ચાલુ છે ત્યારે મારે શું કરવું ? લોકમાં હોહા થતી બચાવવા હું આ છેવટનો ખુલાસો કરી જાઉં છું કે મારા ઘરનાં બધાં નાણાં એ બૈરીના ઉડાઉપણામાં ખર્ચાઈ ગયાં છે અને મારી પાસે હાલમાં ફુટી બદામ પણ નથી. એવા વખતમાં મારે આ છેવટનો માર્ગ લેવો એજ મને વાજબી લાગ્યું છે. પ્રભુ મને માફ કરે ”

કિશોરીએ ઉન્મતિને “ઉદ્દેશીને કહ્યું: માતા, આજ થોડાક વખત પહેલાં તમારા સહુ શણગારનું કેન્દ્રસ્થાન તમે ગુમાવી બેસત. મને આજ પિતાજીની હીલચાલ ઉપરથી શક ગયો અને મેં તેમના ઉપર નજર રાખી તો આજ હું તેમને પેલી પડેલી પિસ્તોલથી આપઘાત કરતાં બચાવી શકી છું. તમારે હવે આ ઉપરથી ધડો લેવો જોઇએ અને એક પાઇ ખર્ચવાની જરૂર હોય ત્યાં એક પૈસો કદી ન ખર્ચવો એમ દૃઢ નિશ્ચય કરવો જોઇએ.” લીલીએ પણ એ વખતે તેને કેટલાંક હિતવચનો કહ્યાં અને છેલ્લે એ કહી રહી ત્યારે શિશિરકુમારે પોતાનું નિરાશાભર્યું વદન ઉંચું કરી, તેને ત્યાંથી જતા રહેવા ઇશારત કરી. પરંતુ ઉન્મતિ ઉપર આ ફટકો પુરતો હતો. તે હવે ખરા મનથી પસ્તાઇ અને એકદમ શિશિર-

કુમારને પગે પડી તેને કહેવા લાગી, " હું આજથી તમારા સોગંદ ખાઇને કહું છું કે હું કદિ પણ તમને પૂછ્યા વિના કશું ખર્ચ કરીશ નહિં, અને કરકસરથીજ વર્તીશ. મને માફ કરો. મારા ગુન્હાની ખાતર જમા કરો."

આ બનાવ પછી ઉન્મતિની જીંદગી સુધરી ગઈ, એમ કહીએ તો ચાલે. પ્રત્યેક ખરાબ જીવનમાં એક મોટો ફટકો પડયા પછીજ તે સુધરે છે. તે હવે ખર્ચ કરતી વખતે હમેશાં ડરે છે કે રખેને ફરીથી મારો માથાનો મુકૂટ ખોવાઇ જશે તો? રખેને મારા પતિ પાછા આપઘાત કરવા જશે તો? આ બ્હીક અને આ ધાકથી તેણે ખર્ચોમાં કાપકૂપ કરી છે અને શિશિરકુમારનું ગૃહસંસારરૂપ ગાડું, પાછું આડખીલી વગર, ઠીકઠાક ચાલવા માંડયું છે.

દાનુ અને નાનુને કિંવા કિશોરીને હવે નવી માતા તરફનો ત્રાસ નથી અને તેમની ખરી માતા હોય એમ હવે વર્તે છે.

અલક તરફની કેટલીક મદદને પરિણામે શિશિરકુમારની નાણાં વિષયક સ્થિતિ સુધરી ગઇ છે.

પ્રકરણ ૧૯ મું.

મહિલા સમાજ.

મહિ ્મતલાલની સ્ત્રી અલકે પોતાના ભાઇ શિશિરકુમારને કહ્યું હતું કે "હવેજ મારે જે કરવાનું છે તે હું કરીશ" એમ કહીને તેણે પોતાના કાર્યની કાંઇક રૂપરેખા કહી હતી અને તેમાં મહિલા સમાજ સ્થાપવાની મુખ્ય બાબત હતી. તે પોતાની એ યોજનાના સંબંધમાં વિચારમાં હતી તેવામાં તેના પતિનો મિત્ર રસિકલાલ, જેણે પરદેશમાં છાપાંદ્વારા અલકની સાસુ સંબંધમાં હકિકત જાણી હતી, તે આવી પહોંચ્યો. અલક અત્યારે અન્ય સ્ત્રીઓની માફક મુંઝાઇ ગઈ નહોતી. તેનું માનવું હતું કે તેનો પતિ હવે સંતાતો છુપાતોજ ફરતો હશે અને તે કદી જાહેરમાં આવશે નહિ. પોતાને હવે સંસારસુખની કશી વાંચ્છના ન હતી. તેમજ પોતે ધર્મિષ્ટ વૃત્તિવાળી હતી તેથી હિંમત રાખીને તે પોતાના ભાવિને શરણે થવા તયાર હતી. રસિકલાલે આવીને જ્યારે શોક દર્શાવ્યો ત્યારે તેણે કહ્યું: "રસિકભાઇ, ભવિમાં જે લખેલું હોય છે, તે અવશ્ય થાય છેજ. મારા પતિને સુધારવા તમે જેટલા પ્રયત્નો કર્યા છે, તેટલા કોઇએ કર્યા નથી. છતાં તેઓ ના સુધાર્યા એ આપણું નસિબ! મારો વિચાર હવે એ છે કે—અહિં એક મહિલાસમાજની સ્થાપના કરવી. તેમાં સ્ત્રીઓ એકત્ર થાય અને આપણાં શાસ્ત્રો અને ધર્મનું કેટલુંક જ્ઞાન, દિવસમાં થોડાક કલાક તેમને આપવું. ખાસ કરીને મારા જેવી સ્ત્રીઓ જેમના પતિ કુમાર્ગે વહેતા હોય અથવા તો જેમને પતિ તરફથી અત્યંત કષ્ટ આપવામાં

આવતું હોય એટલુંજ નહિં પરંતુ શ્વસુર કુટુંબનાં અજ્ઞાન સંબંધીઓ તરફથી જેમના પ્રત્યે હલકી વર્તણુક ચલાવવામાં આવતી હોય તેઓને સહનશીળ, સદ્‌ગુણી અને નીતિમતિ થવાનું શિક્ષણ આપવું. વળી એ સમાજમાં બાળકીઓને આપણા દેશની સ્થિતિ પ્રમાણે કેળવણી આપવા શિક્ષણવર્ગો ઉઘાડવા અને તે માટે નાણાંની રકમની જરૂર હોવાથી હું રૂા. ૨૦,૦૦૦ એ કામમાં આપવા ધારૂં છું."

રસિક—તમારો વિચાર ખરેખર વખાણવાજોગ છે. ઇશ્વરે તમારા જેવા સ્ત્રીરત્ન ઉપર આવું દુઃખ નાંખ્યું એ બહુ દિલગીર થવા જેવું છે. તમારી યોજના હું પસંદ કરૂં છું. આ બાબતમાં હજી પણ કોઈ બીજી ધનવાન બહેનની તમે સલાહ લ્યો અને તેના પ્રમુખપદ નીચે તમે એ સમાજ સ્થાપો. દરમ્યાન તમારી સમાજનું કામકાજ કેવા પ્રકારનું હોવું જોઈએ, તે માટે હું વિચાર કરીને કેટલુંક ટાંચણ કરી લાવીશ.

વિચાર અને મનનથી રસિકે મહિલાસમાજ અને તેને અંગે એક શિક્ષણશાળા માટે નીચે મુજબ યોજના ઘડી કાઢી.

આપણા દેશમાં સ્ત્રીઓનો ઘણોજ મોટો ભાગ અજ્ઞાન છે અને તેને પરિણામે આ દેશમાં કજીઆ, કંકાસ, કલહ, વહેમો અને કુરૂઢિઓ ઘર કરીને વસેલાં છે. આ સર્વ બાબતો દૂર કરવાના હેતુથી દરેક કોમની સ્ત્રીઓને આ મંડળમાં જોડાવાનો હક્ક છે.

પોત પોતાની કોમના ખરાબ ચાલની ટીપ કરી, તે દરેક ઉપર ચર્ચા કરી અમુક ચાલ રદ કરવા જોગ છે કે કેમ તેનો નિર્ણય કરવો અને તે પછી આ મંડળમાં જોડાયલી દરેક બહેને પોતપોતાને ત્યાં એવા પ્રસંગો ઉપસ્થિત થતાં તે ખરાબ ચાલ રદ

કરવા જ. દાખલા તરીકે હિંદુઓના કેટલાક ખરાબ ચાલનાં ઉદાહરણો આપીશું. (૧) એક કન્યાનો જન્મ થતાંજ આપણાં હિંદુ માબાપો અને તેમનાં સંગાઓમાં કાંઇક નિરાશાની લાગણી ફેલાઇ જાય છે. એમ શા માટે કરવું જોઇએ ? પુત્રીઓને ઉછેરવા માટે ઘણાં માબાપ પુત્રને ઉછેરવા જેટલી કાળજી રાખતાં નથી. તે રાખવી જોઇએ. (૨) નાનપણથીજ પુત્રી ઉપર, નીતિ અને ધર્મના સંસ્કાર પાડવા જોઇએ અને તે માટે માબાપોએ તેના પ્રત્યેક વર્તન ઉપર દેખરેખ રાખવી જોઇએ. (૩) પૈસાને લોભે કે પછી આગળ જતાં વર મળશે નહિં એ હેતુથી નાનપણમાં તેમના વિવાહ કરી દેવાય છે. તેમ ન થવું જોઇએ. દરેક કોમમાં દરેક માબાપે પોતાનાં સંતાન—પુત્ર કે પુત્રીને યોગ્યવય સુધી કુમારાંજ રાખવાં જોઇએ. ઉચ્ચ કોમમાં નાનપણથીજ પુત્રીઓના વિવાહ થાય છે પરંતુ કેટલીક કોમોમાં તો લગ્નજ કરી દેવાય છે. આવી રીતે નાનપણથી વિવાહ પણ નહિં અને લગ્ન પણ નહિં થવાં જોઇએ. (૪) કન્યાની વય ૧૫ વર્ષની અને વરની વય ૨૩થી ૨૫ સુધીનીજ થાય ત્યારેજ તેઓને પરણાવવાં જોઇએ. દરેક માબાપ જો આ નિયમ પ્રમાણે વર્તે તો પછી વર નહિં મળવાની ચિંતા કે બાળલગ્નથી નીપજતાં ખરાબ પરિણામોનો ભય ઉપજશે નહિ. (૫) લગ્નના અનેક ભેદ આપણામાં છે. કન્યાવિક્રય અને વરવિક્રય એ બે ખરાબ જાતનાં લગ્ન મોટે ભાગે થતાં જોવામાં આવે છે. એ બન્ને દૂર થવા જોઇએ. પુત્રીનું વેચાણ કરવું અથવા તો પુત્રનું વેચાણ કરવું અને તેના પૈસા પોતે વાપરવા એના જેવું રાક્ષસી કામ બીજું કોઇ નથી. લગ્ન કેવળ કન્યાના નામના પલ્લાની રકમ—કેવળ કન્યાની પોતાની માલિકીના સ્ત્રીધન તરીકેનાં નાણાં—લઇનેજ કરવાં જોઇએ. માબાપે

વચ્ચે દલાલી તરીકે કશું ગ્રહણ કરવું ન જોઇએ (૬) લગ્ન પછી તરતજ સાસરવાસો ન થવો જોઇએ. નાનપણમાં સાસરવાસો થતાં જો સાસુ અને નણંદોથી વીંટળાયલા મોટા કુટુંબમાં એક કન્યા જાય છે તો ત્યાં તેની ભૂલચૂક થતાં તેને ઘણો ત્રાસ દેવાય છે. અજ્ઞાન સાસુઓ, પોતાની પુત્રીઓ અને પોતાના છોકરાની વહુઓ વચ્ચે આસમાન જમીનનો તફાવત રાખે છે. વહુ એટલે ભુંડી. એતો ઘરનું કામકાજ કરવાજ સરજાયલી છે—આમ ખોટા વિચારો આપણી કોમમાં ઘર ઘાલી બેઠેલા છે. તેને પરિણામે વહુ નાનપણથીજ સાસરામાં કામની ધુંસરીમાં જોડાય છે. આ ઉપરાંત પતિની સેવા ઉઠાવવાની તેની ફરજમાં તેને ચૂકવાનું હોતું નથી. નાનપણથી કાગદી શરીર સાથે સાસરામાં જવાથી જો એક બે વર્ષમાં તેને સીમંત આવે છે, અને તે પણ નાનીજ વયમાં—તો પછી તેનું શરીર બગડે છે. સુવારોગ, ક્ષયરોગ અને એવા બીજા વ્યાધિઓના પાશમાં તે જકડાય છે અને તેનું જીવન નષ્ટભ્રષ્ટ થાય છે. આવા રીતિરિવાજથી હઝારો સ્ત્રીઓનાં શરીર તંદુરસ્ત રહેતાં નથી અને માંદલી, માયકાંકલી અને દુઃખી સ્ત્રીઓનું જાણે પ્રદર્શન હોય એમ આપણા દેશની જુવાન સ્ત્રીઓની સ્થિતિ થાય છે. આથીજ બાળ-લગ્ન બંધ કરી નાનપણથી કન્યાઓને સાસરે ન મોકલવી જોઇએ. લગ્નની વય ૧૫ કે ૧૬ વર્ષની રાખ્યાથી આ પ્રશ્નનો ઉકેલ નીકળી શકશે. (૭) આપણામાં લગ્ન થયાં કે કેળવણી બંધજ પડે છે. કન્યાથી શાળામાં જવાતુંજ નથી. મજકુર વય વધતાં એ પ્રશ્નનો પણ તોડ થઇ જશે. કન્યાને કેવા પ્રકારની કેળવણી આપવી એ માટે આ સંસ્થાને અંગે એક ખાસ શિક્ષણશાળા સ્થાપવામાં આવ-

નાર છે. એ શાળામાં બધી સ્ત્રી—શિક્ષિકાઓજ રહેશે અને આપણા દેશમાં સ્ત્રીઓના વિવિધ રોગોની સારવાર કરવા માટે સારા સ્ત્રી ડાકટરો ન હોવાથી એક ખાસ અંગ્રેજ સ્ત્રી ડાકટરને આ સંસ્થામાં રોકી તેની પાસે શાળામાં ભણનારી મોટી વયની અને જરાક વધુ ભણેલી સ્ત્રીઓને ડાકટરી જ્ઞાન આપવામાં આવશે. એવી સ્ત્રી ડાકટર દરરોજ બે કલાક ભણાવશે અને એ પછી બાકીના વખતમાં આ સમાજને અંગે કાઢવામાં આવનારી ખાસ સ્ત્રીઓ માટેની “ મહિલા હોસ્પિટલ ” માં સ્ત્રી દર્દીઓની સારવાર પાછળ ધ્યાન આપશે. ઉપર જણાવેલી અંગ્રેજ સ્ત્રી ડાકટરની જો ઇચ્છા હશે તો બે ત્રણ “ મિડવાઇફ્સ” દાયણો અને “નર્સિંઝ” આયાઓ રાખવામાં આવશે. આ સંસ્થાને અંગે (અ) શિક્ષણશાળામાં સ્ત્રીઓના રોગો માટે ખાસ વૈદકી શિક્ષણ આપવાનો પહેલો અને મુખ્ય ઉદ્દેશ રખાયો છે. એ પછી (બ) બાળઉછેરનું શિક્ષણ અપાશે. તે પણ મજકુર સ્ત્રી ડોકટર આપશે (ક) તે પછી ધર્મજ્ઞાન આવે છે. આ સંસ્થામાં હિંદુ, પારસી, મુસલમાન આદિ કોમોની સ્ત્રીઓ જોડાઇ શકશે અને તેઓમાં પણ જુદી જુદી માન્યતાઓ અને પંથો હોવાથી ધર્મજ્ઞાન માટે ઘણીજ મુશ્કેલી નડશે. હિંદુઓમાં શૈવી, વૈષ્ણવી, જૈન, રામાનુજસંપ્રદાયી, પ્રણામી, આર્યસમાજી આદિ મત મતાંતરો ઘણા છે. દરેક ધર્મની અક્કેક સ્ત્રી શિક્ષિકા મળી શકે એ મુશ્કેલ હોવાથી તેમજ તેમાં નાણાંની ઘણીજ મોટી રકમ ખર્ચવી પડે એમ હોવાથી, સામાન્ય ધર્મજ્ઞાન આપવામાં આવશે અને તે માટે કોઇ બાહોશ સ્ત્રી શિક્ષિકા મળવી મશ્કેલ હોવાથી મોટી વયના કોઇક ફિલસુફીના ગ્રેજ્યુએટને શરૂઆતમાં રાખવામાં આવશે. ધર્મ અને નીતિ એ બન્ને સાથે સંકળાયલાં હોવાથી મજકુર વિષયો

સાથે સાથે શીખવાશે (૭) આ શાળામાં માધ્યમિક અને ઉંચી કેળવણી ગુજરાતી અને મરાઠી ભાષામાં અપાશે. અંગ્રેજી ગૌણ વિષય તરીકે, અને હિંદુઓ માટે સંસ્કૃત, પારસીઓ માટે અવસ્તા અને પહેલવી અને મુસલમાનો માટે ઉર્દુ ભાષાઓ ફરજીઆત ભાષાઓ તરીકે શીખવાશે. આ બધા વિષયો માટે જુદા જુદા ભાષાજ્ઞાનીઓજ રાખવામાં આવશે. શરૂઆતમાં આ વિષયો શીખવવાની જરૂર નહિં પડે કેમકે એવી સ્ત્રીઓ થોડીક નીકળશે અને પ્રાથમિક અને માધ્યામિક એ બે કેળવણીઓ ઉપર વિશેષ ધ્યાન અપાશે અને તે પછી સમયના વહેવા સાથે ઉંચી કેળવણી માટે બપોરના ૧ થી ૪ એટલાજ સમયમાં શિક્ષણ અપાશે.

આ શાળામાં શિક્ષણ મેળવતી કન્યાઓને તો ભણવાનો સમય અગવડભર્યો નહિં લાગે પરંતુ સ્ત્રીઓ જેઓ ગૃહસંસારમાં હોય તેઓને ૧ થી ૪ ના વખતમાં શિક્ષણ અપાશે. ભાષાજ્ઞાન પછી ભરત ગુંથણ શિવણ, એ સાથે સંગીત શિક્ષણ પણ અપાશે. શાળાના કામકાજ ની રૂપરેખા આ મુજબ છે. (૮) બીજી જે સાંસારિક કુરૂઢિઓ આપણા સ્ત્રીસમાજમાં ઘર ઘાલી બેઠીછે. તે સર્વ દૂર કરવા માટે એક ખાસ પરિષદ દર વર્ષે ભરવામાં આવશે અને તેમાં ઠરાવો કરી તે પાળવા માટે દરેક સ્ત્રી સભાસદ પાસે પ્રતિજ્ઞા લેવરાવવામાં આવશે. (૯) દર અઠવાડીએ મહિલાસમાજની સભા મળશે અને તેમાં સારાં સારાં ભાષણો થશે અને ભાષણોને અંતે સંગીત અને નાસ્તો રખાશે. આ બે આકર્ષણ સન્નારીઓને આ સંસ્થામાં આકર્ષવાને રાખવામાં આવ્યાં છે. (૧૦) જુદા જુદા વિષયો ઉપર નિબંધો લખાવવાની, ભાષણો કરાવવાની ઇનામી હરિફાઇ રખાશે અને સારા નિબંધ લખનારાં અને સારાં ભાષણો આપનારાંઓને ઇનામો અપાશે.

આ પ્રમાણે શરૂઆતની ટુંક અને મુદ્દાસર યોજના રસિકે ઘડી કાઢી અને અલકને બતાવી. અલકને તે ઘણી પસંદ પડી. રસિકની વિશેષ સહાયથી અલકે છાપાંઓદ્વારા આ યોજનાની જાહેરાત આપી. અલકે વાલકેશ્વરના પોતાના બંગલાને બદલે શહેરમાં એક સારા લત્તામાં એક મોટું મકાન ભાડે લીધું અને કેટલોક ભાગ પોતાના વપરાશ જેટલો રાખી, બાકીનો આ સમાજ માટે રાખ્યો. તેણે રૂા. ૨૦,૦૦૦ ને બદલે રૂા. ૩૦,૦૦૦ આપ્યા અને તે ઉપરાંત જાહેર પ્રજા માટે એક ફંડ ઉઘાડયું. આ સમાજના સભાસદોનું વાર્ષિક લવાજમ અને અન્ય મદદ કરનારાં સ્ત્રીપુરુષોની બક્ષીસ રકમો એ બધાનાં અડસટ્ટાઓ કાઢવામાં આવ્યા. રસિકે આવી બાબતમાં કુશળ ગણાતા આગેવાનોની સલાહ લીધી અને એક અનુભવીને ખાસ વારંવાર સલાહ આપવા રોકીને, તેને અમુક લવાજમ આપવાનું ઠરાવ્યું.

ટુંક વખતમાં "મહિલા સમાજ" અને તેને અંગે (અ) શિક્ષણશાળા તથા (બ) મહિલા હૉસ્પિટલની યોજનાએ વ્યવહારૂ રૂપ પકડયું. ઘણી સ્ત્રીઓ સમાજમાં સભાસદો તરીકે જોડાઈ. શિક્ષણશાળા માટે બે પારસી ગ્રેજ્યુએટ સ્ત્રીઓ, ૧ ગુજરાતી ગ્રેજ્યુએટ સ્ત્રી અને એક દક્ષિણી ગ્રેજ્યુએટ સ્ત્રીને અધ્યાપિકાઓ તરીકે રાખવામાં આવી. અંગ્રેજ સ્ત્રી ડાકટરની પ્રિન્સિપાલ તરીકે નિમણુંક કરવામાં આવી.

× × × ×

વર્ષોના વહેવા સાથે અલકની મહેચ્છા, પોતાના સ્ત્રી સમાજની ઉન્નતિ કરવાની ઉત્કટ ઇચ્છા આખરે પડી. તે પોતે પણ

એજ શિક્ષણશાળામાં કેળવાઇ અને તેનામાં ધાર્મિક સંસ્કાર વિશેષ પડેલા હોવાથી તે એક સાધ્વી તરીકે પોતાનું જીવન ગાળવા લાગી. ઘણુંજ સાદાં વસ્ત્ર તે પહેરતી, ઘણોજ સાદો ખોરાક લેતી. રાતના ૧૦ વાગે સુતી અને તેપણ એક નાની ચટાઈ કિંવા કામળી ઉપર. પ્રાંતઃકાળમાં ૪ા વાગે ઉઠીને, નાહી, પૂજાધ્યાનમાં મગ્ન થતી અને તે પછી દેવસ્થાનોમાં જતી. પોતાને હાથે પોતાની રસોઈ કરીને જમતી. બપોરના કોઇ દુઃખી કે ગરીબની સંભાળ લેવા જતી અને સાયંકાળે હરિકથા શ્રવણ કરતી. અહોનિશ તે એજ ઇચ્છતી કે ભારતવર્ષમાં એવી સતિઓ ઉદિત થાઓ કે જે—

રજકણમાંથી રત્ન બનાવે, રસિક ચતુર રમણી
અહો ! એ રસિક ચતુર રમણી
ધન્ય ગૃહિણી જે કરે જીવનની સરળ રહેણી કરણી; અહો૦
મનહર વશકરણી હસમુખી ફરફરતી હરિણી ! અહો૦
પ્રણય ચેતને કરે મદુલી વીજળી સમ ઉજળી; અહો૦
રંકપતિનું રળતર લક્ષગણું ગૃહિણી એ ગણતી, અહો૦
રસાયણી પંચામૃત કરતી સ્પર્શ થકી રસિલી. અહો૦
જનનીભગિનીના ભાવ સ્મરાવે અજબ અમીઝરણી; અહો૦
હરબહાને હૈયાને હળવું કરે રમુજી રમણી ! અહો૦

"લલિત"

જ્યારે ભારતવર્ષમાં ઘેરે ઘેરે એવી સન્નારીઓ થશે ત્યારે ભારતભાગ્યાકાશમાં સુખસૂર્ય કેવો સોનેરસેલો લાગશે ?

પ્રકરણ ૨૦ મું.

ઉપસંહાર.

નિર્જન અરણ્યમાં ફુલ ફાલે છે. ભીષણ મરૂભૂમિમાં પણ સુંદર સરોવર મળી આવે છે. કાંટા હોય છે ત્યાં પણ કોમળ પદ્મ ઉદ્ભવી શકે છે. આવોજ ફેરફાર અજ્ઞાન મનુષ્યના જીવનમાં જ્ઞાન પ્રાપ્ત થતાં થઈ શકે છે. વનમાં કેટલાંયે પુષ્પ જન્મ પામી કરમાઈ જાય છે? કેટલાંયે મૃદુવૃક્ષના છોડ ઉદ્‌ભૂત થઇ લય પામે છે? જગતમાં એવીજ રીતે કેટલાંયે મનુષ્ય અંધકારમાં રહી કાળ પ્રવાહમાં તણાઇ જાય છે; અજ્ઞાની જીવ અજ્ઞાનમાં રહી કાંઈ કરી શકતાં નથી અને જેવાં આવ્યા તેવાં જાય છે; પરંતુ એજ જીવને જો જ્ઞાન મળે છે, તો જગતમાં જીવ્યું સાર્થક કરે છે. જ્ઞાનનો પ્રતાપ પારાવાર છે.

કિશોરી વિધવાશ્રમમાં સુશિક્ષણ મેળવી અઢાર વર્ષની ઉંમરે એક એવી સન્નારી બની છે કે જગતમાં સહુ કોઇનું શ્રેય કરવા ગમે તે પળે તૈયાર છે; દુઃખીને આરામ આપવા તે હોસ્પિટલોમાં જાય છે. સુવાવડનાં દુઃખમાં પીડાતી અબળાઓને દુઃખમુક્ત કરવા વારંવાર સુવાવડખાનાંઓમાં જાય છે અને વિપથગામી અબળાઓ કે અનેક અજ્ઞાન સ્ત્રીઓને સુધારવાના ઉદ્દેશથી ઘણુંખરૂં સાયંકાલે વ્યાખ્યાનો આપે છે. વિધવાશ્રમમાં રહીને તેણે ઘણું સારૂં જ્ઞાન મેળવ્યું છે. સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાતીનો તેણે સારો

અભ્યાસ કર્યો છે. કોઇપણ જાતનું શિક્ષકણામ તે ઘણી કુશળતાથી કરી શકે છે. સનાતનધર્મના સિદ્ધાંતો અનુસાર તે ધર્મવ્રતો પાળે છે. તે તેની ફોઈ અલકની મુંબાઇની મહિલાસમાજમાં એક ઉપદેશિકા તરીકે જોડાઇ છે. માધવબાગમાં અને એવાં બીજાં જાહેર સ્થળોએ દર અઠવાડીએ તે સ્ત્રીઓની ઉન્નતિ, સ્ત્રીઓના ધર્મ, એવા અનેક વિષયો ઉપર ભાષણો આપે છે અને તેના નિર્દોષ અને નિષ્કલંક હૃદયમાંથી નિઃસરતી તેની મધુરી અને કોમળ વાણી સાંભળવા અનેક સન્નારીઓ ઉત્સુક રહે છે. આપણા હિંદુ સંસારમાં વૈધવ્યજીવનની પરમ અને વિશેષ સાર્થકતા આથી બીજી કઇ હોઈ શકે?

રાખી સદા પરમાર્થ વૃત્તિ, સરળ જીવનવ્રત ગ્રહે
કાપી દુઃખો દુઃખી તણાં, મન નિષ્કલંક સદા ધરે
નિજ કાર્ય સહુ પરમાત્મને પ્રીત્યર્થ જે કરતી ફરે
સાર્થક્ય એ વૈધવ્યજીવન, સાધુતા પણ એજ છે.

વાચકવૃંદ! આ નાનાસરખા પુસ્તકમાં આવતાં બધાંયે પાત્રોની ઘટના અત્રે સંપૂર્ણ થાય છે. ફક્ત હિમ્મતલાલનું શું થયું તે બાકી રહે છે.

હિમ્મતલાલ અને તેના ગુરૂ તીર્થાટન કરવા તાપી તીરેથી ઉપડી ગયા હતા, એ આપણે વાંચ્યું છે. તેઓના જવા પછી રસ્તામાં એક સ્ટેશન ઉપર વેચાતાં છાપાંમાં "બેટાએ માનું કરેલું ખુન" એ મથાળા નીચે એક ખબર હિમ્મતલાલના વાંચવામાં આવી. કમનસિબે, એ પોતાનેજ લગતી ખબર હતી. તેમાં તેણે પોતાની સામે વારંટ નીકળેલું વાંચ્યું. દોષિત હૃદયની પીડાઓ વધી

ગઇ. ગુરૂ, સરકારી બાબતમાં શું કરી શકવાના હતા? પોલીસના માણસો તેના વર્ણન ઉપરથી તેને પકડી લે અને પરિણામે તેને કોર્ટમાં ઉભો કરવામાં આવે તે વખતે હજારો લોકો તેની સામે આંગળી કરીને એમજ કહે કે "આ પેલો દારૂડીઓ, જેણે પોતાની માનું ખૂન કર્યું છે." અરે! એ વખતે તે કઈ નજરથી ઉંચું જોઈ શકવાનો હતો? હિમ્મત નામ ધરાવતો આ દેહી, આવા ખ્યાલોથી હિમ્મત હારી ગયો. શું કરૂં? ક્યાં જાઉં? ગુરૂ આગળ મારી ગુંચવણો જાહેર કરૂં કે નહિ? આમ વિચારવમળમાં તે ગુંચાયલો રહ્યો. એક સ્ટેશન પછી બીજું આવ્યું. પોલીસનાં માણસો જાણે ગાડીના એકેકએક ડબ્બામાં મોંઢાં ઘાલીને ઝીણી આંખો કરીને જોતા હોય, કોઇને—અરે! પોતાનેજ જોતાં હોય, એમ તેને લાગ્યું. જાણે એક પોલીસમેન આવ્યો અને ગર્દનમાંથી પકડીને તેને "અરે ઓ શયતાન, કીધર જાતા હય" એમ કહેતો હોય એમ તેને લાગ્યું. તે સફાળો ચોંકયો. ગુરૂ કોઇક બીજા સાથે જ્ઞાનની વાત કરતા હતા અને એ ડબ્બામાંના ઘણાખરા તેમને સાંભળવામાં મગ્ન હતા. હિમ્મતલાલ ગાડીના પાછલા બારણાથાંથી નીચે સરી પડયો. લપાતો છુપાતો તે સ્ટેશનની બીજી અને નિર્જન બાજુએ જ્યાં માલગાડીઓના ડબ્બાઓ પડેલા હતા ત્યાં થઇને બહાર નીકળ્યો અને સામે જણાતા જંગલમાં ઘુસ્યો. ક્યાં ગયો તે પરમાત્મા જાણે! થોડીવારે ગુરૂએ નજર કરતાં હિમ્મતલાલ બેઠો હતો તે તરફ જોયું તો તે જણાયો નહિં. ગુરૂએ આમતેમ જોયું પણ ક્યાંયે જણાયો નહિં. ગુરૂ સ્મિત કરીને એટલુંજ મૃદુ સ્વરે બોલ્યા—"બેટા, તેરેસે ધૈર્ય રહ સકા નહિં ક્યા?" અન્ય શ્રોતાજન તેનો અર્થ સમજ્યા નહિં.

સાધુમહારાજ એ પછી મુંબાઈ નગરીમાં આવી પહોંચ્યા. તપાસ કરતાં અલકની મહિલાસમાજમાં જઈ પહોંચ્યા. સર્વ વૃત્તાંત તેને કહ્યું; અને એટલોજ બોધ દીધો—अवश्यं भाविनोभावा भवन्ति महत्तामपि। ભાવિ મિથ્યા થવું મુશ્કેલ છે. ભાવિમાં લિખિત હોય છે તે અવશ્ય બને છેજ.

સહનશીળ, સદ્ગુણી અને પ્રભુમાં ચિત્ત રાખનારી અલક એ સમાચાર ખિન્ન મને સાંભળી રહી.

ઘણાં વર્ષો વહી ગયાં છે. પણ હિમ્મતલાલનો પત્તો મળતો નથી. ગુરૂની એકજ ઈચ્છા હતી કે જે ખરાબ બદીએ હિમ્મતલાલનું જીવન નષ્ટભ્રષ્ટ કરી નાંખ્યું છે, તે બદીનો નિષેધ કરનારી એક સંસ્થા પોતે ચલાવવી અને દેશમાંથી દારૂનું નામ દૂર થાય એવા યત્ન કરવા. રસિકલાલ, તેમાં પણ મદદ આપવા તૈયાર હતો. તેણે અલકનાં નાણાંથી મદ્યનિષેધક મંડળની સ્થાપના કરી અને ગુરૂ મહારાજ તેમાં એ બદીથી થતી ખુવારી ઉપર ઘણુંખરૂં ભાષણો આપવા લાગ્યા. વ્યાવહારિક રીતે આ બાબતમાં કામ કરવા તેઓ દારૂનાં પીઠાંઓ પાસે જતા અને ઘણાઓને તીવ્ર અને બોધક શબ્દોથી જ્ઞાન આપતા.

ઈંગ્લાંડના ગ્રીનવિચ શહેરમાં ત્યાંની શહેર સમાજ તરફથી દારુ કેવું નુકશાન કરે છે, તેની એક યાદી પ્રકટ કરવામાં આવેલી છે. આ યાદી રસિકલાલે ઈંગ્લાંડથી મંગાવી અને મજકુર મદ્યનિષેધ સભામાં તે મોટા અક્ષરોમાં છપાવીને ટાંગી રાખી. એ યાદી નીચે મુજબ હતી:-

સર્વે જાતનાં (ઑલકોહોલવાળાં) કેફી પીણાં શરીરની શક્તિ ઘટાડવાને ઘણાંજ બળવાન અને નાશકારક સાધન છે.

જેઓ એવાં પીણાંના શોખીન છે, તેઓને સઘળી જાતનો ક્ષયરોગ તથા સોજા આવવાનો રોગ થાય છે. ઘણા અનુભવીઓના મેળવેલા અભિપ્રાયો ઉપરથી એમ માલમ પડે છે કે એવાં કેફી પીણાંથી દુર રહેવાથીજ શરીરની શક્તિ અને ચાલાકી વધે છે.

ગાંડાં થતાં માણસોની સંખ્યાના આંકડાપરથી સાબિત થાય છે કે સ્ત્રી અને પુરૂષ એ બંને જાતિમાં એવાં પીણાં પીવાથી એ રોગો વધતા જાય છે.

દારૂથી શરીરની શક્તિનો કેવી રીતે નાશ થાય છે, તે સર્વે સ્ત્રી પુરૂષોની જાણમાં લાવવા કાજે જાણીતા ડાક્ટરોની ભલામણથી નીચલી બાબતો પ્રગટ કરવામાં આવી છે. એ સઘળી બાબતોને આખા વૈદક મંડળે કબુલ રાખી છે; અને ફ્રેંચ સરકારે તો પોતાની પ્રજામાં તે છપાવીને વહેંચી છે.

૧—સર્વે જાતનાં (ઑલકોહોલવાળા) કેફી પીણાં (જેવાં કે જલદ દારુ, અથવા નરમ વાઈન અને બીર) જોકે છાકટપણાંની હદસુધી કોઇ માણુસ પીએ નહિ, તોપણ તે હમેશ પીવાની ટેવ પાડવાથી શરીરમાં ચાલુ ઝેર દાખલ કરે છે.

૨—સખ્ત મજુરી કરનારને એવાં કેફી પીણાંની જરૂર છે, એ વિચાર તદન ભૂલભરેલો છે. ખરૂં જોતાં તો ખોરાક અથવા પુષ્ટિકારક પીણાં તરીકે ઑલકોહોલ કાંઇપણ કામના નથી.

૩—ઑલકોહોલ તો ખરેખર અફીણ અથવા અફીણના અર્કની માફક શરીરને બેભાન કરનાર પદાર્થ છે; પણ અફીણ કરતાં તે

વધારે જોખમભરેલો છે; કેમકે વારંવાર તેની પહેલી અસર એ થાય છે કે તે પીનાર માણસના ,જુસ્સાઓ ઉશ્કેરાય છે; અને તે માણસ પોતાના મગજપરનો કાબૂ ખોઈ દે છે; એથી કરીનેજ દારૂની અસર તળે સંખ્યાબંધ ગુન્હાઓ થાય છે.

૪—જલદ દારૂ હંમેશાં પીવાથી તેનું ઝેર ઝડપથી શરીરમાં વધી જાય છે. પણ વાઈન અને બીર જેવા નરમ દારૂ પણ હમેશાં પીધા હોય તો લાંબે વખતે પણ પોતાની ઝેરી અસર જરૂર કર્યા વગર રહેતા નથી.

૫—દારૂ પીવાની ટેવથી કુટુંબનો નાશ થાય છે; સંસારી ફરજોપર ધ્યાન અપાતું નથી, અને કામ કરવામાં અણગમો થાય છે. તેથી પીનારપર દરિદ્રતા આવી પડે છે, અને તેને પરિણામે તે માણસ ચોરી અથવા બીજા ગુન્હાઓ કરવા લલચાય છે. દારૂ પીવાથી જુદી જુદી જાતનાં ભયંકર દર્દો થાય છે. જેવાં કે—જલંદર, લકવો, અને હોજરી તથા કાળજાના રોગો. દારૂ પીનાર ક્ષય રોગ તરફ ધસડાય છે, અને આ પ્રાણહારક દર્દના ભોગોનો મોટો ભાગ પીઠાંના ઘરાકો છે. જેઓએ દારૂ પીને પોતાના શરીરમાં ઝેર દાખલ કર્યું હોય છે, તેઓને જો આંતરડાના તાવ અથવા ફેફસાંના ચામડીનો સોજો (ન્યુમોનિયા) થાય છે, તો તેઓનું જરૂર મરણ નીપજ્યા વગર રહેતું નથી; એવા માણસોને જો બીજા રોગો થાય છે, તો તેનું જોર વિશેષ રહે છે.

૬—દારૂ પીને પોતાના શરીરમાં ઝેર દાખલ કરનાર મા બાપનાં પાપ તેઓનાં બાળકોને નડે છે. તે બચ્ચાં સુભાગ્યે મોટાં થવા પામે છે તો તેઓને ગાંડાપણું, હેવાનિયતપણું (ઇડિયસી) અને

ફીફરાંના દર્દો લાગુ પડે છે, અને તેઓની એક મોટી સંખ્યા મગજની બિમારીથી ક્ષયરોગથી અથવા ફેફસાંના ક્ષયથી મરણ પામે છે.

૭—ટુંકમાં શારીરિક આરોગ્ય, કુટુંબ પરિવારનું સુખ અને પ્રજાની આબાદીનો મોટો શત્રુ દારૂ છે.

ગુરૂ મહારાજનો ઉપદેશ ઘણા દાખલાઓમાં સફલ થતો જણાય છે અને એમના શિષ્યો અને અનુયાયીઓ હમેશાં જ્યાં ત્યાં એજ ગીત લલકારતા ફરે છે કે:—

પદ.

અમારે સદા દીવાળી રામ-

દીનજન સેવન, પરદુઃખ ભંજન
ગુણીજન કેરા ગુણ તણું ગુંજન
એજ હૃદય આરામ—અમારે૦
સહૃદય મન થકી વિચરવું વિશ્વે
દિલ નહિં કો'તણું દુભવવું કદિયે
જીવન-સૂત્ર મુદામ—અમારે૦
પ્રિયજન પૂજન, અમીમય કૂજન
સંત શું સંગમ, નીતિમય જીવન
એજ અમારાં કામ—અમારે૦
પ્રભુ પ્રાર્થન દીપમાળ હૃદયમાં
પ્રકટાવી ફરવું ભવરણમાં
તન્મય બસ અષ્ટજામ
અમારે એજ દીવાળી રામ—અમારે૦

સમાપ્ત.